gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૫




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ઈ–બુક

ભાગ–005

‘સ.મ.’ ક્રમાંક 101 થી 125

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરુ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ 'સન્ડે ઈ–મહેફીલ' નામે 'વાચનયાત્રા' શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે 'કલાપી' અને પછીથી 'વીજયા' નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ 'શ્રુતી' આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ 'સ.મ.', આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : "તમારી આ 'સ.મ.', એ મારા ઘરનું 'અખંડ આનંદ' છે." આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

'સ.મ.'ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની '૧૫૫–એ'ની 'વીદાય–સલામ' નામક 'સ.મ'માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની 'કાવ્ય–ગઝલ'ની અત્યાર સુધીની બધી 'સ.મ.'ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. ‘સ.મ.’ પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે ‘સ.મ.’ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘વીદાય–સલામ’ 155-1 : 18-05-2008). આ ‘સ.મ.’ વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક ‘સ.મ.’માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘We salute your 'FEELINGS' for 'SeM'’ 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી ‘સ.મ.’ ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી ‘સ.મ.’માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટેક્નોલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર ‘સ.મ.’ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો’કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી ‘સ.મ.’ મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય ! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર ‘સ.મ.’ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને ‘લેક્સીકોન’ નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી ‘ઈ–બુક’ વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો ‘ઈ–શબ્દસાગર’ સમો ‘ગુજરાતીલેક્સીકોન’ (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે ‘ઈ–બુક’ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નોલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધકો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રોન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં !

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :


Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com


275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013





# અનુક્રમણીકા

## ‘સન્ડે ઈ–મહેફીલ’ – 05


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 101 | શાકાહારી આટલા ઝનુની કેમ છે? | (આરોગ્ય)વર્ષા પાઠક | 13-05-2007 | 11 |
| 102 | નાંગરે મુક્તી કેરે કીનારે | વીપુલ કલ્યાણી (બ્રીટન) | 20-05-2007 | 19 |
| 103 | અંધશ્રદ્ધાના મુળમાં આપણી અજ્ઞાનતા | વલ્લભ ઈટાલીયા | 27-05-2007 | 25 |
| 104 | ગઝલવીશ્વ | અંકીત ત્રીવેદી અને રાજેશ વ્યાસ | 03-06-2007 | 35 |
| 105 | ચીંતનની ચાંદની | રોહીત શાહ | 10-06-2007 | 43 |
| 106 | થેન્ક્યુ ‘કાકા’ | હરનીશ જાની (અમેરીકા) | 17-06-2007 | 48 |
| 107 | વીધાયક રીતે વીચારીએ | ડંકેશ ઓઝા | 24-06-2007 | 57 |
| 108 | મોતીચારો | ડૉ. આઈ. કે.વીજળીવાળા | 01-07-2007 | 64 |
| 109 | ચંદનનાં ઝાડ | મુકુન્દરાય પારાશર્ય | 08-07-2007 | 71 |
| 110 | ગઝલ–ગુલદસ્તો | જયશ્રી મર્ચન્ટ (અમેરીકા) | 15-07-2007 | 78 |
| 111 | હીન્દુ | ચન્દ્રકાંત બક્ષી | 22-07-2007 | 83 |
| 112 | અલગારી રખડપટ્ટી.. (પ્રવાસકથા) | રસીક ઝવેરી | 29-07-2007 | 94 |
| 113 | ખેવના….. (વાર્તા) | અનુપસીંહજી પરમાર | 05-08-2007 | 102 |

| | | | | |
|---|---|---|---|---|
| 114 | ગઝલપુર્વક | અંકીત ત્રીવેદી | 12-08-2007 | 112 |
| 115 | શીક્ષણની ભવાઈ | તુલસીભાઈ પટેલ | 19-08-2007 | 119 |
| 116 | ઝંખે છે સાથ ભવોભવનો | સુરેશ પ્રજાપતી | 26-08-2007 | 129 |
| 117 | દાદો ગવળી | સ્વામી આનંદ | 02-09-2007 | 137 |
| 118 | આપણાં બાળકો આપણાં નથી | પ્રા. રમણ પાઠક | 09-09-2007 | 143 |
| 119 | ગીત–ગઝલો (રજકણથી રક્તકણ સુધી) | મનસુખ નારીયા | 16-09-2007 | 151 |
| 120 | ચશ્માં(વાર્તા) | ‘હરીશ્ચંદ્ર’ | 23-09-2007 | 160 |
| 121 | સાસુ સાચી માવડી–વહુ વહાલનો દરીયો | દીનેશ પાંચાલ | 30-09-2007 | 165 |
| 122 | બે પંક્તીનું હૉનેટ? | નીર્મીશ ઠાકર | 07-10-2007 | 172 |
| 123 | રેન્ગલર | ડૉ. શશીકાંત શાહ | 14-10-2007 | 178 |
| 124 | અમારું ઘર | વીનોદ પટેલ | 21-10-2007 | 186 |
| 125 | કલ્પનાનો ઈશ્વર | અશોક વીદ્વાંસ (અમેરીકા) | 28-10-2007 | 194 |


વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના ‘ક્રમાંક’ પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

101 : 13-05-2007

# શાકાહારીઓ આટલા ઝનુની કેમ છે?

–વર્ષા પાઠક

અનુક્રમણીકા

"મારે નોન–વેજ ખાઈ જોવું છે." શાકાહારી પરીવારની ૧૪ વરસની દીકરીએ અચાનક એક દીવસ જાહેર કર્યું. માતાપીતા સહીત બધાંને સહેજ નવાઈ તો લાગી; પણ એમાં આઘાત પામવા જેવું કોઈને લાગ્યું નહીં. આપણી સામાન્ય ભાષામાં 'વેજીટેરીયન' જ ગણાય એવા આ પરીવારમાં કોઈ કોઈ વાર ઈંડાં આવે છે. એમના ઘણા મીત્રો માંસાહારી છે અને એમની સાથે બહાર જવાનું થાય ત્યારે એક જ ટેબલ પર વેજ અને નોન–વેજ બન્ને પ્રકારની વાનગી પીરસાય તો પણ એમને સુગ ચડતી નથી. એટલે સ્કુલમાં ભણતી દીકરીએ નોન–વેજ વાનગી ટ્રાય કરી જોવાની ઈચ્છા દર્શાવી તો એમણે વીરોધ કર્યો નહીં.

ભણવા ઉપરાંત સ્પોર્ટ્સ અને આર્ટ્સમાં પણ મોખરે રહેતી છોકરીએ અત્યાર સુધી ફીશ અને ચીકન, એક વાર ખાઈ જોયું છે. મટન બાકી છે. એમાંથી એને માત્ર એક ફેમીલી ફ્રેન્ડના ઘરમાં બનાવેલી પ્રોન્સ ભાવી. આજની તારીખમાં એને લાગે છે

કે નોન–વેજ કરતાં વેજ–ફુડ વધુ ટેસ્ટી છે. બસ, ટેસ્ટ કરીને જોઈ લીધું!

ઘરના લોકોએ છોકરીના આ અખતરાને બહુ મહત્ત્વ નથી આપ્યું; પણ થોડાં દુરનાં એક આન્ટીજીને આ વાતની ખબર પડી, તો એ તો ભડકી જ ગયાં! ‘‘હાય, હાય! આપણા ઘરમાં માંસમચ્છી?’’ એમણે ગૃહીણી સામે આઘાત વ્યક્ત કર્યો.

‘‘ઘરમાં નથી બનતાં. એણે એક ફેમીલી ફ્રેન્ડના ઘરમાં અને રેસ્ટોરાંમાં ખાધેલું.’’ મમ્મીએ જાણ કરી.

‘‘પણ એવું નોન–વેજ ખાધા વીના શું રહી જતી હતી?’’ આન્ટીજીએ મોરચો પેલી બાળકી તરફ ફેરવ્યો.

‘‘રહી તો નહોતી ગઈ; પણ એને જોવું હતું કે આટલા બધા લોકો ખાય છે એ વાનગીઓ કેવી હશે! જો કે એણે અમારી પરમીશન તો લીધી હતી.’’ પપ્પાએ દીકરીનો બચાવ કર્યો.

‘‘અને તમે પરમીશન આપી પણ દીધી!’’

‘‘હા.’’

‘‘કાલે ઉઠીને સીગરેટ પીવાની પરમીશન માગશે, ત્યારે?’’

‘‘તો હું ચોખ્ખી ના પાડી દઈશ. મને ખબર છે અને મારી દીકરીને પણ સમજાવીશ કે સીગરેટ પીવાથી કેટલું નુકસાન થાય. બાકી કોઈ કોઈ વાર નોન–વેજ ખાવાથી એની તબીયત બગડી નથી જવાની,’’ પપ્પાએ સ્પષ્ટીકરણ કરી દીધું.

‘‘તબીયત બગડે કે ન બગડે; પણ આપણા સંસ્કાર...’’ આન્ટીએ નવી લાઈન પકડી; પણ સામેવાળાએ એટલામાં જ રસ્તો બંધ કરી દીધો, એવું કહીને કે, ‘‘નોન–વેજ ખાવાથી કોઈ અસંસ્કારી નથી થઈ જતું.’’

આ દલીલબાજી ચાલતી રહી અને કદાચ ભવીષ્યમાંય ચાલશે. દરેકને પોતપોતાનો અભીપ્રાય દર્શાવવાની છુટ છે; પરંતુ અહીં એક પ્રશ્ન જરુર થાય કે, ‘મને ગમે તે સારું અને બીજાને ગમે કે બીજા કરે તે ખરાબ,’ આવું નક્કી કરી નાખવાનો અધીકાર આપણને આપ્યો કોણે?

લોકો પોતાની મરજીથી શાકાહારી બનીને રહે, શાકાહારથી થતા ફાયદાનો પ્રચાર કરે ત્યાં સુધી ઠીક છે; પણ માંસાહારથી થતા ગેરફાયદા વીશે ઢંગધડા વીનાની વાતો કરે, એમાં સંસ્કાર અને સંસ્કૃતીની ભેળસેળ કરે ત્યારે એમને ‘શટ અપ’ કહેવાનું મન થાય.

હમણાં કોઈ છાપામાં એવો એક અભ્યાસ થયાનું છપાયું કે શાકાહારીઓ વધુ બુદ્ધીશાળી હોય છે. બસ, પતી ગયું! શાકાહારના ઝુંબેશકર્તા મંડી પડ્યા. શાકાહારીઓને વધુ ઈન્ટેલીજન્ટ ગણાવતા આ તારણ માટે કેટલા, કેવા પ્રકારના લોકોનો અભ્યાસ કરાયો, કયાં માપદંડ વપરાયાં... એવા સવાલો પુછવાને બદલે બસ, એક જ વાત, જોયું ને, અમે ન’તા કહેતા? વળી, વીદેશમાંથી વાત આવી હોય ત્યારે તો આપણા

લોકો વધુ રાજી થાય અને કહે કે, ‘જોયું? પશ્ચીમના દેશો પણ હવે આવું માનતા થયા છે.’

સાચું પુછો તો આ સ્ટડીને હોંશે હોંશે સ્વીકારી લેવાને બદલે, તેનાં તારણ ભણી શંકાની નજરે જોવું જોઈએ. શાકાહારીઓ જો વધુ ઈન્ટલીજન્ટ, હોશીયાર હોય તો અત્યાર સુધીમાં નોબેલથી માંડીને બીજાં બધાં દેશીવીદેશી પારીતોષીકો એમને જ મળવાં જોઈતાં હતાં. એક–બે નોબેલવીનર વેજીટેરીયન હોય, એનો પ્રચાર કરતી વખતે એ પણ યાદ રાખવું પડે કે બીજા સેંકડો વીશ્વવીખ્યાત વૈજ્ઞાનીકો, લેખકો, સંગીતકારો અને ફીલોસોફરો પણ માંસાહારી હતા. ચાઈના, થાઈલેન્ડ, સાઉથ આફ્રીકા જેવા દેશોમાં લગભગ તમામ લોકો માંસાહારી છે. એ બધા બુદ્ધી વગરના છે?

આપણા દેશની વાત કરીએ તો જ્યાં સાક્ષરતાનો દર સૌથી ઉંચો છે એ કેરળમાં બહુમતી પ્રજા માંસાહારી છે. માછલી વીના જેમને ચાલે જ નહીં, એ બંગાળીઓએ કલા અને સાહીત્યનાં ક્ષેત્રમાં ઉત્તમ પ્રદાન કર્યું છે. અત્યાર સુધીમાં આપણને મળેલા લગભગ દરેક વડાપ્રધાન અને રાષ્ટ્રપતી માંસાહારી રહ્યા છે. ગાંધીજી શાકાહારી હતા, એવા છુટાછવાયાં ઉદાહરણ આપીને શાકાહાર ચડીયાતો હોવાના દાવા કરાય નહીં. માંસાહારના વીરોધીઓમાં એવું કહેનારા પણ છે કે માંસાહારીઓની પ્રકૃતી તામસી હોય છે. તો એનો અર્થ એવો

ગણવો કે સરખામણીમાં બધા શાકાહારીઓ શાંત અને શાંતીપ્રીય હોય છે, ક્યારેય ઝઘડા કરતા નથી?

થોડા વખત પહેલાં એક ધર્મગુરુએ એમના ભાષણમાં કહ્યું કે, ‘માંસાહારને કારણે સમાજમાં ભ્રષ્ટાચાર વધતો જાય છે.’ આવું તારણ એમણે કેવી રીતે કાઢ્યું એ તો એ જ જાણે; પણ પોતાને શુદ્ધ શાકાહારી ગણાવતા કેટલાક વેપારીઓ બીઝનેસમાં ગફલા નથી કરતા? કરચોરી નથી કરતા? સરકારી અધીકારીઓને લાંચ નથી આપતા? હરીફના ધંધાને ચોપટ કરી નાખવા છેલ્લે પાટલે નથી બેસતા? ગેંન્ગસ્ટરો સાથે સંબંધ નથી રાખતા?

બીજા એક પ્રવચનમાં માંસાહારથી સંસ્કાર અને સંસ્કૃતીનું પતન થતું હોવાની બુમાબુમ હતી. અહીં એ યાદ દેવડાવવાનું કે હજી આજે પણ દુનીયાની બહુમતી પ્રજા માંસાહારી છે. બે–ચાર જાણીતા લોકો વેજીટેરીયન થઈ ગયાનો પ્રચાર થાય એના પરથી એવા ભ્રમમાં રહેવાની જરુર નથી કે દુનીયામાં વધુમાં વધુ લોકો શાકાહાર તરફ વળતા જાય છે. એન્ડ બાય ધ વે, ઘણી જગ્યાએ સી–ફુડ એટલે કે માછલી અને બીજા જળચરમાંથી બનતી ડીશ વેજ ગણાવાય છે એ તમને ખબર જ હશે.

તો પછી એવું ધારી લેવાનું કે દુનીયાની પોણાભાગની વસ્તી અસંસ્કારી–અસંસ્કૃત છે?

દીલગીરી સાથે કહેવાનું કે આપણે વેજ–નોનવેજવાળા ઈશ્યુને અમસ્તો જ ધર્મ સાથે સાંકળી લીધો છે. ધર્મ અને ખોરાક વચ્ચે શો સંબંધ હોઈ શકે? આપણે જેને પુજનીય વ્યક્તી કે દેવ તરીકે સ્થાપ્યા છે એ લોકો–દેવો શુદ્ધ શાકાહારી હતા?

આ બધું કહેવા પાછળ માંસાહારનો પ્રચાર કરવાનો કોઈ હેતુ નથી જ. હું પોતે શાકાહારી જ છું. ચાઈના, સાઉથ આફ્રીકા અને ઈઝરાયલ જેવા મુળ માસાંહારીઓના દેશોમાં વેજીટેરીયનોને પડતી તકલીફો ભોગવી ચુકી છું. પણ એવું ક્યારેય નહીં કહું કે માંસાહારીઓ શાકાહારીથી ઉતરતા છે. હું એમ માનું છું કે લોકોને જે ભાવતું હોય, ફાવતું હોય એ ખાવાની સ્વતંત્રતા હોવી જોઈએ. એ ખોરાક સારો કે ખરાબ એવું કહેવાનો અધીકાર બીજાઓને નથી. હા, સ્વાસ્થ્યને નજરમાં રાખો તો વધુ પડતા તળેલા, ગળ્યા, ભારે ખોરાકથી નુકસાન થાય એવું કહી શકાય. આ અભીપ્રાય પાછળ વૈજ્ઞાનીક આધાર છે; પરંતુ શાકાહાર વીરુદ્ધ માંસાહાર એટલે સારા વીરુદ્ધ ખરાબનો જંગ, એવા ઉટપટાંગ વીધાન કરવામાં શાણપણ નથી. અહીં જોવાનું એ કે  માંસાહારીઓ ક્યારેય શાકાહારીઓને બુદ્ધી વગરના, અસંસ્કારી કે ઉતરતી કક્ષાના પુરવાર કરવાની મહેનત નથી કરતા. એનો અર્થ તો એ છે કે માંસાહારીઓ વધુ સહનશીલ, ઉદારમતવાદી છે. રાઈટ? (જો કે આવાં તારણો સાથે સહમત થવાની મુર્ખાઈ કોઈ માસાંહારી નહીં કરે.)

માસાંહારીઓ બીજા ખોરાકની ટેવમાં ચંચુપાત કરતા નથી, તો આપણે શાકાહારીઓ શું કામ આ બાબતે આટલી બુમાબુમ કરીએ છીએ, રીતસર ઝનુનમાં આવીને માંસાહારના દુષણો(!)નો પ્રચાર કરતા ફરીએ છીએ? આખરે આપણે શું પુરવાર કરવા મથીએ છીએ અને છેવટે એનાથી શો ફાયદો થવાનો છે? અમે શાકાહારી એટલે અમે વધુ સારા એવું કહેવાથી આપણો અહમ્ સંતોષાય છે અને બીજી ખામીઓ ઢંકાઈ જાય છે એમ જ ને?

ક્યારેક ખુદમાં શંકા હોય ત્યારે પણ માણસ સામેવાળાને ઉતારી પાડવાની કોશીશ કરે છે; જેમ કે ભારતીય સંસ્કૃતી મહાન છે, એવું કહેનારા આટલેથી અટકી જતા નથી. એ લોકો પશ્ચીમી સંસ્કૃતીને ઉતરતી કક્ષાની ગણાવીને જ પોતાનાં ભાષણો પુરાં કરે છે. અરે ભાઈ, તમારી જ વાત કરો ને! વાતે વાતે અમેરીકા અને ઈંગ્લેંડનું પતન થઈ રહ્યાના બરાડા શું કામ પાડો છો? એ લોકોને એમની પોતાની ચીંતા કરવા દો. આપણા કેટલાક ધર્મગુરુઓ એમના દરેક પ્રવચનમાં પાશ્ચાત્ય સંસ્કૃતીને ગાળો(સારા શબ્દોમાં) આપે છે. કદાચ એમને ડર છે કે પોતાની સંસ્કૃતી નબળી છે કે પછી ખુદની સંસ્કૃતી વીશે એમની પાસે કહેવા જેટલું જ્ઞાન નથી. માંસાહાર–શાકાહારની બાબતમાં પણ કદાચ આવું જ થઈ રહ્યું છે. અને હા, છેલ્લે એ પુછવાનું કે તમે ખરેખર શુદ્ધ શાકાહારી છો?

સમાજનો એક વર્ગ દુધને પણ માંસહાર ગણે છે. અંગ્રેજીમાં ‘વીગન–Vegan’ તરીકે ઓળખાતા આ લોકો માને છે કે દુધ, દહીં ખાનારા ખુદને વેજીટેરીયન કહી ન શકે. આ વ્યાખ્યાને સ્વીકારો તો આપણા શાકાહારી ભાઈ–બહેનોમાંથી કેટલા જણની બાદબાકી થઈ જાય? રાતોરાત આપણે જ બુદ્ધીહીન, અસંસ્કારી, અધાર્મીક, અસંસ્કૃત માંસાહારીઓના વર્ગમાં આવી જઈએ ને?

કહેવાનું એટલું જ કે દુનીયામાં શાકાહારી અને માંસાહારી બન્ને પ્રકારના લોકો વસે છે. આહારને આધારે એમની બુદ્ધીવત્તા અને સંસ્કાર માપવાનું બંધ કરો. એક વાર નોન–વેજ ટ્રાય કરવાનું નક્કી કરનાર પેલી ૧૪ વરસની છોકરીના જ શબ્દોમાં કહીએ તો : ‘ખાવું હોય તો ખાવ. બસ, બીજાનું દીમાગ નહીં ખાવ.’ (‘મુંબઈ સમાચાર’)

–વર્ષા પાઠક

(રાજકોટથી ડૉ. યાસીન દલાલ સંપાદીત ‘સૌજન્યમાધુરી’ના માર્ચ ૨૦૦૭ના અંકમાંથી સાભાર..)

@

102 : 20-05-2007

# નાંગરે મુક્તી કેરે કીનારે

–વીપુલ કલ્યાણી(લંડન)

અનુક્રમણીકા

(લેખક લંડનવાસી પત્રકાર છે. ‘શાણી રાણી, ગુજરાતી વાણી’ના વકીલ છે. બાર વરસથી ‘ઓપીનીયન’ નામનું ગુજરાતી સાહીત્યનું માસીક લંડનથી પ્રકાશીત કરે છે. કહી શકાય કે પરદેશમાં ભાષાના ઝંઝાવાતમાં, સુર્ય પ્રકાશના અભાવમાં, ગુજરાતી ભાષાનું માટીનું કોડીયું લઈ, ગુજરાતી અજવાળું પાથરવા પોતાનાથી બનતું બધું એ કરે છે – તન, મન અને ધનથી. આ લેખ એ એમના ઠાલા શબ્દો નથી; એમના દીલનો ચીત્કાર છે. –સંપાદક)

આજકાલ ઘણા બધાનું વાચન રહ્યું નથી. દોસ્ત, ભાષા આવડે તો ભલા વાંચે ને? આપણે ગુજરાતીઓ નર્યા વાચનમાંથીય હવે ગયા સમજો!– ન ગુજરાતી, ન અંગ્રેજી, ન હીંદી. – વળી, ભાષાની જાણે કે અભીવ્યક્તી જ રહી નથી! જે તે પુસ્તક–પ્રકાશન–સંખ્યા જ ફક્ત તપાસીએ એટલે વાત થઈ પુરી! એટલામાં જ આયને પ્રતીબીંબ ઝીલાઈ જાય છે!! ખરું ને?

મહાત્મા ગાંધીને ઠેકાણે સરદાર પટેલને આજકાલ આપણા શુરાપુરા આપણે માનતા થયા છીએ. એથી આમ થતું હશે!?! અહીં ઠેકડી નથી ઉડાવતો. લ્યો, વાંચો : નગીનદાસ સંઘવીની ‘સરદાર લોહપુરુષ કે લોકપુરુષ’ ચોપડીમાં, સાતમે પાને, લખાયું છે : ‘સરદાર ઓછું બોલે અને શબ્દની, વ્યાકરણની, લઢણની કશી દરકાર રાખે નહીં. સરદાર હીંદી બોલે તે પણ બાવા ટાઈપનું બોલે. છેલ્લે ‘है’ લગાડીને કામ ચલાવે. ૧૯૪૫–૪૬માં કેટલાક લીગી આગેવાનોએ ટીખળ કરેલી : ‘સરદાર અમને ગાળો ભાંડે છે તે ઠીક છે; પણ હીંદી ભાષા તો સારી અને સાચી રીતે વાપરે!’ સરદારનો જવાબ એવો છે કે, ‘હું ગાળ દઉં છું તેટલું સમજાય તેથી મારું કામ પુરું થયું. ભાષા સાચીખોટી હોય તેનાથી શો ફરક પડે છે?’

નગીનદાસભાઈ, વળી, આગળ લખે છે : ‘સરદાર ઓછું બોલે અને બોલે તેનાથીય ઓછું લખે. તેમના કાગળો અતીશય ટુંકા અને કેવળ કામ પુરતા જ મર્યાદીત. તેમણે પોતાના વીશે કશું લખ્યું નથી અને વાતો પણ ભાગ્યે જ કરી છે. ગાંધી–નેહરુએ આત્મકથાઓ લખી અને બીજું પણ ઘણું લખ્યું. ગાંધીજી જેટલું લખલખ કરનાર માણસ તો પૃથ્વીના પાટલે ભાગ્યે જ જોવા મળે. આ બાબતમાં સરદાર–ઝીણા બંને એક સરખા; કારણ કે બંને મુંગા માણસો.’

આપણે સૌ અભીવ્યક્તીથી, ભલા, બહાર કેમ નીકળી ગયા? આ વીચારનો–તપાસનો મુદ્દો છે. આથી ટાળો નાખવો જ નહીં. એને સારુ ગુજરાતીઓ માટેની સમગ્ર શીક્ષણવ્યવસ્થા, ભાષાશીક્ષણ તંત્ર, વીચાર, વાચન અને લેખનની અભીવ્યક્તી વીષયક ઉપરતળે જોવા મળતી પરીસ્થીતી ઉપરાંત વ્યાકરણ, વાક્યરચના, જોડણી, ઉચ્ચારણ અને તેના પાયાગત શાસ્ત્રને પણ સરાણે ચડાવવા પડે તો જરુર ચડાવીએ. તળ ગુજરાતની શીક્ષણવ્યવસ્થાની, અરેરાટી થાય તેવી કેટલીક સાચુકલી વાતો, સહજપણે વાંચ્યા કરી છે. એ પરીસ્થીતીનો એક ચીતાર વીચારવંત કેળવણીકાર દાઉદભાઈ ઘાંચીએ, તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૦૪ના ‘ઓપીનીયન’માં આપ્યો જ છે. ભાષા–સાહીત્ય નામક પદાર્થ સાથે કામ પાડતી જમાતનું પેટે પાણી હાલતું નથી! ત્યાં બાકીનાની શી વાત કરવી?!

‘ગુજરાત સમાચાર’ની મુંબઈની આવૃત્તીમાં, ૧૫ ઓગસ્ટ ૨૦૦૪ના દીવસે, પાન છ પરે એક હેવાલ હતો. શીર્ષક હતું : ‘ગુજરાતમાં ગુજરાતી માધ્યમના વીદ્યાર્થીઓ માતૃભાષામાં જ કાચા!’ ગુજરાતી માધ્યમના વીદ્યાર્થીઓની માતૃભાષા ગુજરાતી હોવા છતાં તેઓ કાચા રહ્યા હોવાનું, આંકડા તપાસતાં સ્પષ્ટ થાય છે. માધ્યમીક શીક્ષણબોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષાઓમાં જેટલા પરીક્ષાર્થી બેઠા હતા તેમાં ગુજરાતી માધ્યમની ટકાવારી ૪૯.૪૬ ટકા હતી. ગુજરાતી માધ્યમની

પરીક્ષામાં હાજર રહેલા વીદ્યાર્થીઓ પૈકી પચાસ ટકા જેટલા વીદ્યાર્થીઓ તો નપાસ થયા હતા! જેમાં અંગ્રેજી માધ્યમના વીદ્યાથીઓ ૬૧.૯૯ ટકા સાથે પાસ થવામાં અગ્રસ્થાને રહ્યા હતા. ટુંકમાં, આ અહેવાલ અનુસાર ઓવરઓલ ગુજરાતી માધ્યમના વીદ્યાર્થીઓનું પરીણામ…ચીંતાજનક રહ્યું છે.

આપણી વચ્ચે આપણા એક વીચારવાન મોભી સાક્ષર હજી બેઠા છે : નામ એમનું નીરંજન ભગત. આ ભગતસાહેબે એક દા કહેલું : ‘માધ્યમ ગુજરાતી; પણ અંગ્રેજી ઉત્તમ’. આનો ક્યાંય પડઘો પડતો સંભળાયો છે? સો વરસની આવરદાએ પહોંચેલી આપણી ‘ગુજરાતી સાહીત્ય પરીષદ’, આપણી ‘ગુજરાત સાહીત્ય અકાદમી’, આપણી ‘ગુજરાત વીદ્યાપીઠ’ અને વળી તમામ યુનીવર્સીટીઓના ગુજરાતી વીભાગો અને તે દરેક માંહે અધ્યાપન કામ કરતાં–કરાવતાં મીત્રો તેમ જ ગુજરાતીમાં કામ પાડતાં સામુકાં સમસામયીકોને પોતાના ભાવીની છે કશી ચીંતા?

એક લાખ છન્નું હજાર ચોરસ કીલોમીટર વીસ્તાર એટલે જ ગુજરાત?–કોણે કીધું?1 ૨૫ જીલ્લા, ૨૪૨ શહેરો અને ૧૮,૬૧૮ ગામડાંનો પટ એટલે જ–એટલો પટ માત્ર–ગુજરાત?..કોણ માનશે?… જગતભરમાં પથરાયેલા ગુજરાતી ડાયસ્પોરાની સામેલગીરી પણ કરવાની છે. ભઈલા મારા, આ

પાંચ–વાળી અને સો–વાળી જ કથા નથી; એકસોપાંચની સબળસબળ તેમ જ સભરસભર દાસ્તાન છે.

આ વીચાર જ આઘાતકારી છે. નીરાશા અને હતાશાય ભીડો લે છે. વળી, એથી વીશેષ વસમું વાતાવરણ પણ હોય. અને તેમ છતાં, આવા વાતાવરણમાં કવીવર રવી ઠાકુર જ સાંભરે. યાદ આવે છે એમની પેલી કવીતા– ‘કર્તવ્યગ્રહણ’? નારાયણભાઈનું હાથવગું આ રુપાંતર લઈએ :

‘કોણ લેશે મારું કામ’? સાંજે રવી કહે, સુણી જગ મોઢું સીવી નીરુત્તર રહે;

માટીનું કોડીયું ત્યાં બોલે, ‘મારા ઈશ, બનશે મારાથી તે હું નક્કી કરીશ.’

બસ, જે તે હાલતનો સ્વીકાર કરીને આપણે રવી ઠાકુરના કોડીયાની જેમ, ‘મારા ઈશ, બનશે જે મારાથી તે હું નક્કી કરીશ’નો ભાવ રાખીએ તોય ઘણું છે... આ બહુ જ અઘરું કામ છે. એ માટે જનક જેવી વૃત્તી કેળવવી પણ રહે. એમાં જ આપણી કસોટી છે. આ કસોટીમાંથી ધારીએ તો આપણે પાર પણ પડી શકીએ. ગુજરાતીઓ બહુ જ સમજદાર માણસ હોવાનું મનાતું આવ્યું છે. માટે આટલો પડકાર! વળી, કરસનદાસ માણેકે દીધો રવી ઠાકુરનો, અહીં ઉપર આપ્યો છે તેનો, ભાવાનુવાદ જાળવીને કેન્દ્રસ્થ કરીએ. : એ હવા ધન્યમંગલ

સુનન્દનવને, ઈશ, અમ દેશ તનુ નવલ ધારો; અમર ભુમી પ્રાંગણે પ્રાણ અમ પાંગરે, નાંગરે મુક્તી કેરે કીનારે...

–વીપુલ કલ્યાણી(લંડન)

eMail : vipoolkalyani.opinion@btinternet.com
Sampark :
Kunj & Vipool Kalyani, 'Holly Cottage', 13, Ferring Close, HARROW, Middlesex - HA2 0AR- United Kingdom Landline : 020 – 8422 1114

@

103 : 27-05-2007

# અંધશ્રદ્ધાના મુળમાં આપણી અજ્ઞાનતા

–વલ્લભભાઈ ઈટાલીયા

અનુક્રમણીકા

પશ્ચીમના વીકસીત દેશો વૈજ્ઞાનીક શોધખોળો અને ટૅકનૉલૉજીનો ઉપયોગ કરી, માનવજીવનને વધારે સુખસગવડભર્યું બનાવે એવાં જીવનોપયોગી સાધનોનું સંશોધન કરી રહ્યા છે; જ્યારે આપણે એકવીસમી સદીમાં પણ મંત્ર–તંત્ર, ભુત–પ્રેત, હોમ–હવન અને મીથ્યા કર્મકાંડોમાં આપણો સમય, શક્તી, બુદ્ધી અને નાણાં બધું જ બરબાદ કરી રહ્યા છીએ.

પશ્ચીમના દેશો રોજ નવાં ‘યંત્રો’ બજારમાં મુકે છે અને આપણે રોજ નવાં ‘મંત્રો’ બજારમાં મુકીએ છીએ! આપણે ત્યાં વીંછી ઉતરાવાનો મંત્ર, સાપ ઉતારવાનો મંત્ર, કમળો ઉતારવાનો મંત્ર, મરડ–મોચ ઉતારવાનો મંત્ર, સફળ થવાનો મંત્ર, વશીકરણનો મંત્ર, વરસાદ લાવવાનો મંત્ર, ગૃહશાંતી સ્થાપવાનો મંત્ર, પનોતી ટાળવાનો મંત્ર, સંતાન પ્રાપ્તી માટેનો મંત્ર, માણસનો કોઈ પણ રોગ મટાડી દેવાનો મંત્ર અને માણસને પતાવી દેવા સુધીનો મંત્ર પણ મળી રહે છે!

કોઈ ડૉક્ટર આપણા શરીરમાંથી બગડી ગયેલ કીડની કાઢી નાખે ત્યારે આપણને ચમત્કાર નથી લાગતો; પરંતુ કોઈ બાવો તેના હાથમાંથી કંકુ કે ભસ્મ કાઢે ત્યારે તે આપણને ચમત્કાર લાગે છે! મોબાઈલ ફોનનું એક બટન દબાવી અમેરીકામાં રહેતા આપણા સ્વજન સાથે આપણે વાત કરી શકીએ છીએ તે આપણને ચમત્કાર નથી લાગતો; પરંતુ કોઈ પાખંડી અતીન્દ્રીય(ટેલીપથી) સંદેશા દ્વારા વાત કર્યાનો દંભ કરે ત્યારે એ આપણને ચમત્કાર લાગે છે! કોઈ ઓર્થોપેડીક સર્જન આપણાં ભાગી ગયેલાં હાડકાંને જોડી આપણને દોડતાં કરી આપે ત્યારે તે આપણને ચમત્કાર નથી લાગતો; પરંતુ કોઈ તાંત્રીક અભીમંત્રીત દોરો બાંધીને આપણને સાજા કરવાનો મીથ્યા પ્રચાર કરે ત્યારે તે આપણને ચમત્કાર લાગે છે! કમળાની રસી શોધનાર વીજ્ઞાની આપણને ચમત્કારીક માણસ નથી લાગતો; કમળો મટાડવા માટે મંત્રેલા દાળીયા આપનારો ઢોંગી આપણને ચમત્કારીક માણસ લાગે છે!

આજે વૈજ્ઞાનીક યુગમાં પણ ચમત્કાર, પરકાયા પ્રવેશ, ડાકણ અને મેલીવીદ્યાના નામે હજારો માણસોનુ માનસીક, શારીરીક અને આર્થીક શોષણ થતું રહે છે. કુળદેવીને રીઝવવાના નામે કેટલાંયે પશુઓ અને કુમળાં બાળકોના બલી ચડાવી દેવામાં આવે છે. વળગાડ, પ્રેતાત્મા અને ડાકણના નામે

આપણા દેશમાં કેટલીય સ્ત્રીઓના ભોગ લેવામાં આવ્યા છે. દુનીયામાં 'વળગાડ' નામની કોઈ ચીજ જ અસ્તીતવમાં નથી; વળગાડ માત્ર એક માનસીક બીમારી છે. જગતમાંથી દુર કરવા જેવો કોઈ 'વળગાડ' હોય તો એ 'અંધશ્રદ્ધા'નો વળગાડ છે. ભારતમાં અને જગતમાં આજે પણ હજારો ભુતીયાં મકાનો ઉભાં છે જ્યાં કોઈ રહેતું નથી. ડૉ. અબ્રાહમ કોવુરે ૫૫ વર્ષ સુધી અંધશ્રદ્ધાના ક્ષેત્રમાં ગહન અધ્યયન કર્યું અને તેઓ દીવસો સુધી ભુતીયાં મકાનોમાં રહ્યા છે. ડૉ. કોવુરે પોતાની જીન્દગીભરના અભ્યાસ પછી જાહેર કર્યું છે કે, 'ભુતીયાં મકાનો અને ઉપદ્રવી આત્માઓના કીસ્સાઓ માત્ર માણસની ભ્રમણાઓ છે અને તે આપણી માનસીક નબળાઈનું પ્રદર્શન કરે છે.'

હજુ દસ દીવસ પહેલા 'ડુમ્મસનો સોની પરીવાર તાંત્રીકના રવાડે' શીર્ષક હેઠળ અખબારોમાં ચોંકાવનારા સમાચાર પ્રગટ થયા હતા. સોની પરીવાર પોતાને ત્યાં વારંવાર બની રહેલ ચોરીના બનાવોથી વ્યથીત હતો. પોતાની આ ચાલતી 'પનોતી' દુર કરવા તેમણે તાંત્રીક હનુમાનદાસ તીવારીનો આશરો લીધો હતો. 'ઘરમાં એક હાડકું દટાયેલું છે તે દુર કરવાની વીધી કરવાથી પનોતી ટળી જશે', એવું તાંત્રીકે આશ્વાસન સોનીપરીવારને આપ્યું હતું. પડોશમાં રહેતા નવમા ધોરણમાં અભ્યાસ કરતા બાળક રવીને બોલાવી, તેના પર

કંઈક વીધી કરી, ઘરમાં ખોદેલા ખાડામાં રવીને ઉતારવામાં આવ્યો. ‘હાડકું ક્યાં દટાયું છે?’ એવા પ્રશ્નો રવીને પુછવામાં આવ્યા. પડોશમાં જ રહેતી રવીની માતાને પોતાના દીકરા પર કંઈક તાંત્રીક વીધી થઈ રહ્યો છે એવી જાણ થતાં તે ઘટના સ્થળે દોડી આવ્યાં. પોતાના દીકરા રવીને ઉંડા ખાડામાં જોઈ, ‘રવીનો બલી ચડાવાઈ રહ્યો છે’ એવી તેની માતાએ બુમો પાડતાં આખું પ્રકરણ પ્રકાશમાં આવ્યું.

પોલીસના જણાવ્યા પ્રમાણે તાંત્રીકે આ પનોતી નીવારણનો વીધી કરવા માટે સોનીપરીવાર પાસેથી ૫૦૦૦ રુપીયા એડવાન્સ લીધી હતા. બલીની વાતમાં તથ્ય હતું કે નહીં એ તો પોલીસ તપાસનો વીષય છે. રવી તો નહીં; પણ તેના ૫૦૦૦ રુપીયા બલી ચડયા એ વાત પાકી! સુરત–ઉમરા પોલીસે આ તાંત્રીક સામે છેતરપીંડીનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે. વીધી દ્વારા બીજાની આફત નીવારવા નીકળેલો તાંત્રીક પોતે જ આફતમાં આવી ગયો! મને ઘણીવાર લાગે છે કે, કેટલાક માણસો પોતાની તીજોરી ખુલ્લી રાખે છે અને પોતાનું દીમાગ સાવ બંધ રાખે છે!

જાત–ભાતના તાંત્રીકો, પાખંડીઓ, ઢોંગીઓ અને તકસાધુઓ ધર્મના ઓઠા હેઠળ ફુટી નીકળ્યા છે! કોઈ મંત્રેલું

પાણી આપે છે, કોઈ મંત્રેલો પ્રસાદ આપે છે, કોઈ મંત્રેલું માંદળીયું કે તાવીજ આપે છે, તો કોઈ વળી ભભુતી આપે છે! દોરા–ધાગા અને મંત્ર–તંત્રાદી કરવામાં કેટલાંયે બીમાર બાળકોને સમયસર દાક્તરી સારવાર નહીં મળવાના કારણે આ દેશમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવે છે.

ગામડાંઓમાં આપણે જોયું છે, ભુવાઓ બીમાર માણસ કે ઢોરને સાજા કરવા માટેના ‘દોરા’ કરે છે! કોઈ પણ દુખાવામાં કામ આપે એવા મલ્ટીપરપઝ દોરા આપણે ત્યાં મળે છે! અરે, ભેંસ દોહવા ન દેતી હોય તો તેનો પણ દોરો મળે અને દુધ વધારે આપે એના માટે પણ દોરો મળે!

મંત્ર–તંત્રથી જો માણસને સાજો કરી શકાતો હોત તો, આપણા દેશમા તો એટલા બધા મંત્રનીષ્ણાતો છે કે બધાં દવાખાનાંને તાળાં જ મારવાં પડે! કોઈ આરોપીને પોતાની ધરપકડ થશે એવો ડર લાગે તો તે કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી શકે છે, એવી રીતે કોઈ માણસને બીમાર પડી જવાનો ભય લાગે તો આગોતરા મંત્રોચ્ચાર પણ કરાવી શકે! સદાય નીરોગી રહેવાનો કેટલો આસાન ઈલાજ! મીત્રો, દોરા–ધાગા માત્ર એવા રોગોમાં જ કામ કરતા હોય છે જે રોગો સમય જતાં આપોઆપ મટી જતા હોય છે.

કોઈ માણસને બંદુકની ગોળી વાગી હોય ત્યારે દોરો બંધાવવા જાય છે ખરો? અકસ્માતમાં ખોપરી ફાટી જાય અને લોહીની શેડો ફુટતી હોય ત્યારે કોઈને કદી દોરો યાદ આવ્યો છે ખરો? હાર્ટએટેક આવે ત્યારે માણસ કોઈ તાંત્રીક પાસે પહોંચવાને બદલે કેમ સીધો જ કાર્ડીયાક હોસ્પીટલમાં પહોંચી જાય છે? માથું દુખે ત્યારે માણસને દોરો યાદ આવે છે; પરતું માથું ફુટે ત્યારે કોઈને દોરો યાદ નથી આવતો!

મેં ગામડાંમાં ભુવાઓને ડાકલાં કરતા અને ધતીંગ કરતાપણ જોયા છે. કલાકો સુધી પોતાની પીઠ પાછળ લોખંડની સાંકળ વીંઝતા પણ જોયા છે સાંકળપ્રુફ હોવાનો દાવો કરનાર કોઈ પણ ભુવો પાંચ મીનીટ માટે એ સાંકળ સુરતની સત્યશોધક સભાના માજી–ઉપપ્રમુખ અને ૨૦૧૦ના વર્ષના ‘રમણભ્રમણ સુવર્ણચન્દ્રક વીજેતા’ શ્રી. મધુભાઈ કાકડીયાના હાથમાં આપે અને પછી જીવી બતાવે તો એ ખરો ભુવો!

આપણે સૌએ ગામમાં કહેવાતી તાંત્રીક વીદ્યા અને મંત્રશક્તી ધરાવતા ભુવાઓનાં ઘર પણ જોયાં છે. મીત્રો, જે ભુવા પાસે ઘરનું નળીયું બદલવાની શક્તી ન હોય; જે ભુવા પાસે બીજી જોડી કપડાં લેવાની શક્તી ન હોય; જે ભુવા પાસે પોતાનાં સંતાનોને સાત ચોપડી ભણાવવાની શક્તી ન હોય

અને જે ભુવા પાસે પોતાની ઉંમરલાયક દીકરીને પરણાવવા માટેની શક્તી ન હોય એ ભુવા પાસે બીજી તો કઈ શક્તી હોય?

હોમ–હવન અને યજ્ઞોમાં પણ આપણે આપણાં કીમતી દ્રવ્યો બરબાદ કરી રહ્યા છીએ. હવન કરવાથી ન તો આપણે દુષ્કાળને ટાળી શક્યા છીએ કે ન તો વીશ્વશાંતીની સ્થાપના કરી શક્યા છીએ. જો યજ્ઞો કે મંત્રોચ્ચારથી વરસાદ થતો હોત તો આપણે ત્યાં તો એટલા બધા યજ્ઞો થાય છે કે અતીવૃષ્ટીથી હોનારત થવી જોઈએ! જે દેશ મંત્રોચ્ચારથી સતત ગુંજતો રહેતો હોય એ દેશની પ્રજાને તો લીલાલહેર ન હોય? મીત્રો, મહેનત વગર માત્ર મંત્રોચ્ચારથી કશું પ્રાપ્ત થતું નથી. પુરુષાર્થ જ ખરો જીવનમંત્ર છે.

આપણે જંગલોને આડેધડ કાપી નાખ્યાં, પર્યાવરણને મનફાવે તેમ બગાડ્યું અને પાણીનો તો અપરાધની કક્ષાએ બેફામ વેડફાટ કર્યો છે. ઈઝરાયલે રણને જંગલમાં ફેરવ્યું; આપણે જંગલને રણમાં ફેરવી રહ્યા છીએ! જ્યાં સખત મહેનત, વીવેક અને આયોજનની જરુર હોય ત્યાં મંત્રોચ્ચાર, યજ્ઞો કે હોમ–હવન કરવા બેસી જઈએ તો આપણો કદી પણ ઉદ્ધાર સંભવ ખરો?

મંત્ર–તંત્ર અને ચમત્કારની વાતો સાચી હોત તો આપણો દેશ આજે આટલો દુઃખી અને પછાત કેમ છે? દુનીયામાં સૌથી વધુ સંખ્યામાં ચમત્કારીઓ આપણા દેશમાં વસે અને છતાં આપણે આટલા ગરીબ, પીડાગ્રસ્ત અને દુષ્કાળગ્રસ્ત! ઢોંગીઓ અભીમંત્રીત જળ આપવાને બદલે, પાણીના અછતગ્રસ્ત વીસ્તારમાં ડોલ ભરીને પીવાનું શુદ્ધ પાણી આપશે તો પણ થોડાક તરસ્યા માનવીઓની તરસ મટશે. હવામાંથી બીનજરુરી કંકુ કે ભસ્મ કાઢવાને બદલે મુઠી અનાજ કાઢશે તો પણ એક ભુખ્યા માણસનું પેટ ભરાશે.

સંસારમાં રહેલા કપટી, પાખંડી અને ઢોંગી ધુતારાઓએ સદીઓથી સમાજમાં રહેલી પ્રજાની અજ્ઞાનતા અને નીર્બળતાનો ગેરલાભ ઉઠાવ્યો છે. પ્રત્યેક કાળમાં સમાજમાં રહેલા નીષ્ઠાવાન આગેવાનોએ, સમાજસેવકોએ અને પ્રગતીશીલ વીચારકોએ પ્રજાને આ ષડ્યંત્રમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો છે. ઘણીવાર એવું બન્યું છે કે ‘પ્રગતીશીલ વીચારકો’ કરતાં ‘પ્રગતીશીલ પાખંડી’ઓ સમાજમાં ઉંચો માનમોભો ધરાવતા હોય છે. આમ બને ત્યારે તંદુરસ્ત સમાજના નીર્માણની આશા વધારે ધુંધળી બને છે.

એક દીવસ આપણી અજ્ઞાનતા ટળે અને લેભાગુઓને પોતાનો ધંધો સમેટવાની અને બદલવાની ફરજ પડે એવા દીવસોની મને પ્રતીક્ષા છે....

## • પ્રસાદ •

‘જે પોતાના ચમત્કારો ચકાસવા દેતા નથી તે ઠગ છે, જેનામાં ચમત્કાર ચકાસવાની હીંમત નથી તે ભોટ છે અને જે ચકાસણી વગર જ તેને માનવા તૈયાર થાય છે તે મુર્ખ છે.’

–અબ્રાહમ કોવુર

–વલ્લભભાઈ ઈટાલીયા

લેખકસમ્પર્ક –

: 74–બી, હંસ સોસાયટી, વરાછા રોડ, સુરત – 395 006

મોબાઈલ : 98258 85900

ઈ–મેઈલ : vallabhitaliya@gmail.com

@

જે કંઈ આપણે વાંચીએ – પછી તે ભલે ‘વેદ’માં હોય કે ‘પુરાણ’માં હોય, કે ગમે તે ધર્મપુસ્તકમાં હોય – પણ જે

સત્યનો ભંગ કરે અથવા આપણી દૃષ્ટીએ દુર્ગુણોનું પોષક હોય, તેનો ત્યાગ કરવાનો આપણો ધર્મ છે. શાસ્ત્રને નામે જે કંઈ ધતીંગ ચાલતું હોય તે ધર્મ છે એમ ગણીને આપણો વ્યવહાર ચલાવીએ તેમાંથી માઠાં પરીણામ જ નીપજે. ‘મનુસ્મૃતી’માં તો કેટલાય શ્લોકો છે જેનો ધર્મ તરીકે બચાવ ન જ થઈ શકે. આવા શ્લોકોનો આપણે ત્યાગ કરવો જ જોઈએ.

–મો. ક. ગાંધી (‘નવજીવન’) : 18 July 1926) Page-68

•••••

ક્યાંય પણ શું એવું બંધારણ છે, જેમાં કોઈ ફેરફાર કરાવવા ઈચ્છે તો ન કરાવી શકે? બંધારણમાં ફેરફાર જ કરવા જેવું ન હોય એવું બંધારણ તો કોણ રચી શકે?

–મો. ક. ગાંધી (‘હરીજનબંધુ’) : 22 November 1936) Page-235

‘ગાંધી–ગંગા’–ભાગ–એક(સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : ગોપાલ મેઘાણી, લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. 23, ભાવનગર–364 001, પૃષ્ઠ : 244, મુલ્ય : 30 રુપીયા, વીદેશમાં : $ 5 વીમાન–ટપાલખર્ચ સાથે)માંથી સાભાર...

સંપર્ક : ગોપાલ મેઘાણી – lokmilaptrust2000@yahoo.com

104 : 03-06-2007

‘ગઝલવીશ્વ’

:સંપાદક: •રાજેશ વ્યાસ ‘મીસ્કીન્’

• અંકીત ત્રીવેદી

અનુક્રમણીકા

•

–અંકીત ત્રીવેદી–

ઉઘાડા બારણે થડકો થઈને કઈ રીતે આવી?
તને કહું છું જુનો લહેકો થઈને કઈ રીતે આવી?
તું તો અજવાળું માફકસરનું પીરસતી રહી કાયમ,
દીવાની વાટ તું ભડકો થઈને કઈ રીતે આવી?
ભુલાયેલી ઘણીયે સાંજને પુછું છું રસ્તા પર,
નર્યા વરસાદમાં તડકો થઈને કઈ રીતે આવી?
તને દરરોજ જોઉં છું સતત મારા ઉપર હસતાં,
ઉદાસી આજ ઉમળકો થઈને કઈ રીતે આવી?
પીડા તો છે પીડા જેવી ને એના ભાગ્યમાં ડુમો,
ગઝલમાં આવી તો ટહુકો થઈને કઈ રીતે આવી?

પાન : ૨૫

•

–ખલીલ ધનતેજવી–

સ્થીર જળ સાથે અટકચાળાં ન કર,

કાંકરા નાખીને કુંડાળાં ન કર.

લોક દીવાળી ભલે ને ઉજવે,

પેટ બાળીને તું અજવાળાં ન કર.

આજથી ગણ આવનારી કાલને,

પાછલાં વર્ષોના સરવાળા ન કર!

ક્યાંક પથ્થર ફેંકવાનું મન થશે,

ઈંટને તોડીને ઢેખાળાં ન કર.

થઈ શકે તો રુબરુ આવીને મળ,

ઉંઘમાં આવીને ગોટાળા ન કર.

છે કવીતાઓ બધી મોઢે મને,

મારી મીલકતનાં તું રખવાળાં ન કર.

પાન : 33

•

–મુકેશ જોશી–

પાનખરોમાં પાન ખરે ને, ઝાડનો આખો વાન ખરે ને, ત્યારે સાલું લાગી આવે,

જંગલને બાઝીને બેઠું, વ્હાલકડું એકાંત ખરે ને, ત્યારે સાલું લાગી આવે.

વર્ષોથી પર્વત ચઢનારા માણસની ચારેબાજુ હો ખાઈ ખાઈ ને ઉંડી ખીણો,

એક જ ડગલું બાકી હો ને અંતે એનું ધ્યાન ચળે ને, ત્યારે સાલું લાગી આવે.

સામેની ફુટપાથ ઉપર સુતાં હો બાળક ભુખ્યાં પેટે, આંસુ પીને, ઉના શ્વાસે,

સામેની ફુટપાથે કોઈ હૉટલ આલીશાન મળે ને, ત્યારે સાલું લાગી આવે.

તમે હોવ મુશ્તાક, તમારી તલવારો પર, દુશ્મનને પડકારી લાવો રણની વચ્ચે,

હાથ જરા સરકાવો પાછળ, સાવ જ ખાલી મ્યાન મળે ને, ત્યારે સાલું લાગી આવે.

પાન : ૬૨

•

–રઈશ મનીઆર–

ગોપીત રહે કદી, કદી સાક્ષાત્ હોય છે,

મારી ગઝલમાં તારી રજુઆત હોય છે.

ફરીયાદ લઈને આવું છું હું તારે આંગણે,

નીકળે જે કંઠમાંથી કબુલાત હોય છે.

લાગે છે જ્યારે કંઈ જ જીવનમાં બચ્યું નથી,

જીવનની એ નવી જ શરુઆત હોય છે.

આપી દે એક વાર...આ જીવન, એ આપનાર,

બાકીની જીન્દગી તો વસુલાત હોય છે.

દરીયો જ શાંત હોય એ પુરતું નથી 'રઈશ',

ક્યારેક માત્ર નાવમાં ઉત્પાત હોય છે.

પાન : ૬૩

●

–રતીલાલ 'અનીલ'–

શહેરોમાં રહે છે, જંગલોમાં જાય છે રસ્તો,

કહીં સંસાર માંડે, ક્યાંક સાધુ થાય છે રસ્તો!

અહીંથી સાવ સીધો ને સીધો આ જાય છે રસ્તો,

તમારા ધામ પાસે કેટલો વંકાય છે રસ્તો!

નથી પડતાં કદમ, તારા મીલન માટે નથી પડતાં;

વીના વાંકે બીચારો વીશ્વમાં નીંદાય છે રસ્તો!

પ્રણયના પંથ પર ક્યારેક લહેરાતો હતો પાલવ,

નજર સામે હવે મૃગજળ રુપે દેખાય છે રસ્તો!

નહીંતર ખીણમાં એ સોંસરો આવી નહીં પડતે,

મુસાફરને શું દેવો દોષ, ઠોકર ખાય છે રસ્તો!

મુસાફર નહીં, નદીમાં એ ન ડુબી જાય તે માટે,

બને છે પુલ, સામે પાર પહોંચી જાય છે રસ્તો!

હું ઈશ્વરની કને તો ક્યારનો પહોંચી ગયો હોતે,

અરે, આ મારાં ચરણોમાં બહુ અટવાય છે રસ્તો!

પાન :૬૬

●

–રાજેશ વ્યાસ 'મીસ્કીન્'–

તારું કશું ન હોય તો છોડીને આવ તું,

તારું જ બધું હોય તો છોડી બતાવ તું.

અજવાળું જેને ઓરડે તારા જ નામનું,

હું એ જ ઘર છું એ જ ભલેને ન આવ તું.

પહેર્યું છે એય તું જ છે ઓઢ્યું છે એય તું,

મારો દરેક શબ્દ તું, મારો સ્વભાવ તું.

સાકરની જેમ ઓગળી જઈશ હુંય પણ,

છલકાતો કટોરો ભલેને મોકલાવ તું!

‘મીસ્કીન્’ સાત દરીયા કરી પાર એ મળે,

એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.

પાન : ૭૦

•

–સૌમ્ય જોશી–

ઠોકરની સાથે નામ તુજ લેવાય છે ઈશ્વર,

તું કેવો અકસ્માતથી સર્જાય છે ઈશ્વર!

હેઠો મુકાશે હાથ ને ભેગા થશે પછી જ,

કોશીશ જ્યાં પતે ત્યાં જ શરુ થાય છે ઈશ્વર.

જો દુર પેલી વસ્તીમાં ભુખ્યાં છે ભુલકાં,

લાગે છે તને દુરનાં ચશ્માંય છે ઈશ્વર.

કે’છે તું પેલા મંદીરે છે હાજરાહજુર,

તું પણ શું ચકાચૌંધથી અંજાય છે ઈશ્વર!

www.gujaratilexicon.com

થોડાં જગતનાં આંસુઓ, થોડા ‘મરીઝ’ના શે’ર,

લાવ્યો છું જુદી પ્રાર્થના, સંભળાય છે ઈશ્વર!

એનામાં હુંય માનતો થઈ જાઉં છું ત્યારે,

મારામાં જ્યારે માનતો થઈ જાય છે ઈશ્વર.

પાન : ૭૯

●

–હીતેન આનંદપરા–

બધું જલદી શીખવવાના તારા આયાસ રહેવા દે,

એ બાળક છે એના ખુલ્લાપણાના શ્વાસ રહેવા દે.

પ્રસંગો પર પ્રસંગો એ રીતે બનતા ગયા છે દોસ્ત,

કે હરદમ થાય માણસજાત પર વીશ્વાસ રહેવા દે.

વધારે હોય પૈસો યાર, તો માણસને ઉભા કર,

તું ઈશ્વરનાં નવાં મંદીર, નવાં આવાસ રહેવા દે.

મને પામે જો વીસ્મયથી હું પળમાં ઉભરી આવું,

ગણીતની જેમ મારો અટપટો અભ્યાસ રહેવા દે.

જરા તું દોસ્તોની ખાનદાનીનો મલાજો કર,

બધાની હાજરીમાં એમનો ઉપહાસ રહેવા દે.

તને પુછ્યું છે તારું નામ, ખાલી નામ બોલી દે,

તું તારાં સાત કુળનો વૈભવી ઈતીહાસ રહેવા દે.

પરમ તૃપ્તી, પરમ સંતોષ, તારા કામની વસ્તુ,

હું શાયર છું, તું મારા માટે થોડી પ્યાસ રહેવા દે.

પાન: ૮૬

♦●♦

ગુજરાતના ઉર્દૂ શાયર ‘વલી(મોહંમદ વલીયુલ્લાહ શરીફ મોહંમદ અલવી)ગુજરાતી’,સુફી સંતના વંશજ હતા અને તેઓ અગીયારમી સદી (હીજરી)ના પુર્વાર્ધમાં અમદાવાદમાં જનમ્યા હતા. તેમની સ્મૃતીમાં, ગુજરાત રાજ્ય સરકારે સ્થાપેલા ‘વલી ગુજરાતી ગઝલકેન્દ્ર’ના ઉપક્રમે ગઝલના સર્વાંગીણ વીકાસ માટે કરવા ધારેલી પ્રવૃત્તીઓમાં આ ‘ગઝલવીશ્વ’ ત્રૈમાસીકનું પ્રકાશન પણ એક અતીમહત્ત્વની પ્રવૃત્તી છે.

રાજેશ વ્યાસ (મીસ્કીન્) અને અંકીત ત્રીવેદીના સક્ષમ હસ્તે સંપાદીત થયેલા આ સામયીકના પ્રથમ અંકે જ ગઝલરસીયા સૌ વાચકોને ભારે આનંદ આપી તેમની અપેક્ષાઓને ઉશ્કેરી છે. ગઝલ રસીયાઓની લાંબા સમયની તરસ આમ વાજબી કરતાંય ઓછા દામે છીપાતાં બન્ને સંપાદકો, પોતાના સંપાદકીયમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માની તેમની સાહીત્યપ્રીતીને અભીનંદે છે.

લવાજમ મોકલવાનું સરનામું:

સભ્યસચીવશ્રી., ‘વલી ગુજરાતી ગઝલકેન્દ્ર’, ગુજરાત સાહીત્ય અકાદમી, જુનું વીધાનસભા ભવન, સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨ ૦૧૭

વલી ગુજરાતી ગઝલકેન્દ્રનું ત્રૈમાસીક

વર્ષ : 1 ● અંક : એક ● માર્ચ : 2007

:સંપાદક: ●રાજેશ વ્યાસ ‘મીસ્કીન્’ ● અંકીત ત્રીવેદી●

ghazalsamrat@gmail.com

માંથી સાભાર...ઉત્તમ ગજ્જર..

@

105 : 10-06-2007

# • ચીંતનની ચાંદની •

–રોહીત શાહ

અનુક્રમણીકા

મંદીરની દીવાલ ઉપર અમીઝરા થાય,

અને ઘરની દીવાલ ઉપર ભેજ થાય!

ચમત્કારને નમસ્કાર કરવાની આપણી ઘેલછા સદીઓ જુની છે. આપણી અંધશ્રદ્ધા ઉપર કોઈ વ્યક્તી આંગળી મુકે તો તરત જ આપણે ખળભળી ઉઠીએ છીએ. અજ્ઞાન અને આડંબરની બાદબાકી કરવામાં આવે તો આપણા અધ્યાત્મજગતનું અસ્તીત્વ જોખમાઈ જાય. પોતાના અજ્ઞાન પ્રત્યે અહોભાવ ધરાવનારા લોકોને આપણે ભક્તો કહીએ છીએ!

એક મંદીરનો પુજારી વહેલી પરોઢથી માઈકમાં ભક્તીગીતોની કેસેટ વગાડીને આસપાસના રહીશોની નીદ્રાને ખલેલ પહોંચાડતો રહે છે. એ પોતે અભણ છે, તેથી એને ખબર જ નથી પડતી કે મંદીરની આજુબાજુ રહેતા વીદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવા માટે કેવી શાંતી જોઈએ! ક્યારેક મોડી રાત સુધી ભક્તીના રાગડા તાણનારા લોકોને એટલુંય ભાન નથી રહેતું કે, આસપાસમાં કેટલાક એવા લોકો વસે છે, જેમને

વહેલી સવારે નોકરી–વ્યવસાય માટે જવું પડે છે અને તેમને વહેલા સુઈ જવાની જરુર છે. આપણને ભક્તીનો ઉભરો આવે એટલે ગમે ત્યારે, ગમે તેટલા લોકોને ત્રાસ આપવાનો હક્ક મળી જાય?

ભક્તી કરવાની કોણ ના પાડે છે? પણ ભક્તો જયારે ભગવાનને બહેરો સમજીને માઈક અને લાઉડસ્પીકર ઉપર વરસી પડે છે ત્યારે એમાં ભક્તી કરતાં પ્રદર્શન વધુ દેખાય છે. કબીરજી તો કહે છે કે કીડીના પગમાં ઝાંઝર પહેરાવીએ અને તેનો જે રણકાર થાય એ રણકાર પણ ઈશ્વર સાંભળી શકે છે. કબીરજીની વાત છોડો, આપણે સ્વયમ્ ઈશ્વરને અંતર્યામી ક્યાં નથી કહેતા? અંતર્યામી એટલે આપણા ચીત્તમાં–મનમાં જાગેલા વીચારને પણ જાણી લેનાર! જો ભગવાન આપણા ભીતરની સંવેદનાનેય સ્પર્શવાનું સામર્થ્ય ધરાવતા હોય તો મોટા અવાજે રાગડા તાણવાની શી જરુર છે?

એક ચોક્કસ સંપ્રદાયના એક કહેવાતા ભક્ત પોતાના જ ઘરમાં રોજ સવારે તેમની ખાસ ભક્તી–ગીતોની કેસેટ વગાડવા માંડે છે. એમના આ પરમેનન્ટ ત્રાસથી કંટાળેલા, આસપાસમાં વસતા લોકો હવે એ મહાશયના સમગ્ર સંપ્રદાયને જ ધીક્કારવા લાગ્યા છે.

ભક્તી કે આરાધના એવી રીતે થવાં જોઈએ કે જેને કારણે કોઈને ખલેલ ન પહોંચે. આપણે ભલે કોઈ પણ ધર્મ–સંપ્રદાય કે દેવ–દેવીમાં શ્રદ્ધા ધરાવતા હોઈએ; પરંતુ એનું વરવું પ્રદર્શન તો ના જ કરવું જોઈએ ને!

સામાન્ય રીતે આપણે ત્યાં એવી પરંપરા હતી કે મંદીરો ગામના પાદરે હોય. મોટા ભાગનાં તીર્થો કાં તો જંગલમાં હશે અથવા તો કોઈ પર્વત ઉપર હશે. એનાં બે કારણો હતાં. એક કારણ તો એ કે માણસ જ્યારે ભક્તી કરવા જાય ત્યારે સાંસારીક બાબતો એને ખલેલ ન પહોંચાડે. રહેઠાણની આબોહવા કરતાં કંઈક જુદી આબોહવા મળે તો એની ભક્તી ખીલી ઉઠે. બીજું કારણ એ કે મંદીરમાં થતાં ઘંટારવ અને આરતી વગેરેને કારણે માણસનું રોજીન્દુ જીવન ડીસ્ટર્બ ન થાય.

હવે ગલીએ–ગલીએ અને મહોલ્લે–મહોલ્લે જાતજાતનાં ધર્મસ્થાનો ઉભાં કરી દેવાય છે. પહેલાં સાવ નાનકડી દેરી હોય, થોડા સમય પછી એનો ઘેરાવો વધતો જાય. દરરોજ હજારો લોકોને અવરજવરમાં તકલીફ પડે તોય સૌ મુંગે મોંએ વેઠતા રહે. એ જ રીતે તીર્થો પણ હવે જંગલ અને પર્વતની ટોચ છોડી દઈને હાઈવે ઉપર ઉતરી આવ્યાં છે. ઘરાકી વધુ રહે ને!

એમાંય જો ક્યાંક ચમત્કારની અફવા ઉડી તો ટોળેટોળાં ઉમટી પડે. કોઈ દહેરાસરમાં અમીઝરા થાય છે તો કોઈ મંદીરની દીવાલ ઉપર જાતજાતનાં આધ્યાત્મીક આકારો ઉપસી આવે છે. કોઇ મુર્તી દુધ પી જાય છે તો કોઈ દેવીનાં ઝાંઝર રણકી ઉઠે છે. અરે ભાઈ, તમે ધારીને જોશો તો તમારા ઘરમાંય ઠેરઠેર અમીઝરા દેખાશે! ઘરની દીવાલો ઉપર દેખાય તે ભેજ કહેવાય અને મંદીરની દીવાલો ઉપર દેખાય તે અમીઝરા કહેવાય? પહાડ ઉપર તો મોટીમોટી શીલાઓમાંથી બારેમાસ ઝરણાં વહેતાં હોય છે, એ જ પથ્થરમાંથી બનેલી મુર્તી ઉપર પાણીનું એકાદ બુંદ દેખાય તો લોકો હોબાળો મચાવી મુકે છે!

દેવ–દેવી અને પરમાત્મા શા માટે ચમત્કાર કરે? એને આપણી પાસેથી શું લઈ લેવું છે? તમે એને સુખડી કે અન્ય પ્રસાદ રુપી લાંચ આપો તો જ એ તમારું કામ કરે? શું ઈશ્વરને તમે કોઈ સરકારી ભ્રષ્ટ અધીકારી સમજો છો?

સદ્ભાવથી ચઢીયાતી કોઈ સ્તુતી નથી, પ્રેમથી ચઢીયાતી કોઈ પ્રાર્થના નથી. પુરુષાર્થથી ચઢીયાતી કોઈ પુજા નથી. નીતી અને નીષ્ઠા જેવું કોઈ નૈવેદ્ય નથી. અંધશ્રદ્ધા અને અજ્ઞાનને થોડીક વાર બાજુએ મુકીએ તો આ વાત સમજવાનું સાવ સરળ છે.

–રોહીત શાહ

સંપર્ક : ડી–11, રમણકળા એપાર્ટમેન્ટ, સંઘવી સ્કુલના રેલવે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ–380 013

ફોન : 079-2747 3207

ઈ–મેઈલ : rohitshah.writer@gmail.com

• કડવાં પ્રવચનો •

## મંદીર–મસ્જીદ તુટે તો હોબાળો કરવાની જરુર નથી

કોઈ મંદીર તુટી પડે તો ગભરાઈ જવાની જરુર નથી. એવું જ મસ્જીદનું... એ તુટે તો હોબાળો કે બબાલ કરવાની કોઈ જરુર નથી. એ તો વારંવાર બનશે અને વારંવાર ખંડીત થઈ ધુળમાં મળશે; પરંતુ માનવતા અને ઈન્સાનીયતનું મંદીર એક વાર છીન્નભીન્ન થયું તો પુનઃ તેને ઉભું કરવાની કોઈમાં ક્ષમતા નથી. શું સાધારણ ઈંટ, સીમેન્ટ, ચુનાનું મુલ્ય; માનવતાની ઈંટ, ચારીત્ર્યનો ચુનો અને સત્યની સીમેન્ટથી ચડીયાતું હોઈ શકે?

–મુની શ્રી. તરુણસાગરજી

તા. ૭–મે–૨૦૦૭ના ‘દીવ્ય ભાસ્કર’ દૈનીકની, દર સોમવારે પ્રગટતી ‘ધર્મદર્શન’ પુર્તીના પાન : ૧ ઉપરથી સાભાર....

@

106 : 17-06-2007

'पीता देव छे'

# થેન્ક્યુ 'કાકા'

–હરનીશ જાની

અનુક્રમણીકા

અમેરીકામાં જુનનો ત્રીજો રવીવાર એટલે 'ફાધર્સ–ડે'. આ વરસે 17મી જુને તે ઉજવાશે. માતા અને દીકરીઓ વીશે જેટલું લખાયું તેટલું 'પીતા' વીશે લખાયું નથી એવો એક મત છે. જગતના સૌ પીતાઓને સ્મરીને વાંચીએ, ન્યુ જર્સી–અમેરીકાસ્થીત હાસ્યના વક્તા અને લેખક હરનીશભાઈ જાનીને..ઉત્તમ ગજ્જર..

જુની ફીલ્મ 'દેવદાસ'માં એક સીન હતો. જેમાં દેવદાસના પીતાનું મૃત્યુ થાય છે. દેવદાસ દુ:ખભરેલા ચહેરે બહાર ઓટલા પર બેઠો હોય છે. દુરથી ખોટું ખોટું રડતાં લોકો દેવદાસને સાંત્વના આપવા આવે છે. દીલીપકુમારની એક્ટીંગ છે. હાથનો અંગુઠો દેખાડીને રડતા લોકોને ઈશારો કરે છે કે અંદર જઈ મારા કુટુંબીઓ આગળ રડો. વાહ! શી એક્ટીંગ હતી! મારા દીલમાં દીલીપકુમારની અદા છવાઈ ગઈ. ત્યારે જ નક્કી કરી નાખ્યું કે મારા બાપુજીનું મૃત્યુ થશે ત્યારે દેવદાસની જેમ

ગુમસમ બનીને દીલીપકુમારની એક્ટીંગ કરીશ. ત્યારે હું બાર વરસનો હતો. મારા બાપુજીનું મૃત્યુ થયું ત્યારે હું સત્તાવીસનો હતો. તેમના મૃત્યુ પ્રસંગે નહોતો યાદ આવ્યો દેવદાસ કે નહોતી યાદ આવી દીલીપકુમારની એક્ટીંગ. બાને બાઝીને કંઈ રડ્યો છું! નાનાં ભાઈ–બહેનોને બાઝી બાઝીને રડ્યો છું. જે શરીરને બાઝીને મોટો થયો હતો એ શરીરને અગ્ની ચાંપવો સહેલો નહોતો. બાપનું મૃત્યુ એવું કારમું હતું કે જીવનમાં તે પછીનાં કોઈ પણ મૃત્યુની અસર થઈ નથી.

આપણે ત્યાં છોકરીઓ ઘર ઘર રમતી હોય ત્યારે ઢીંગલીઓમાંથી એક ઢીંગલીને મમ્મી અને એક ઢીંગલાને પપ્પા બનાવશે. ઢીંગલીને નવડાવશે, કપડાં પહેરાવશે. ખોટું ખોટું મેક અપ કરશે. જ્યારે ઢીંગલાને ઓફીસ મોકલી દેશે ત્યારે તેને ખુરશી નીચે કોઈ ખુણામાં ખોસી દેશે. મમ્મીની સાથે રમશે. મમ્મીને લઈને પાડોશની ઢીંગલીને ત્યાં મળવા જશે. મારી બહેન તીલોત્તમા તો ગાતી : ‘માર સપાટો, તારો ઢીંગલો મુઓ!’ આપણાં કુટુંબમાં પીતાનો રોલ પડદા પાછળ રહે છે. માતા આંખ સમક્ષ હોય છે. બાળકો નાનાં હોય છે ત્યારે પપ્પા તેમને માટે મીસ્ટ્રી મૅન–સુપર મૅન કે રહસ્ય પુરુષ હોય છે. પરંતુ જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ પપ્પા સમજાય છે. કવીઓને ભલે માતામાં ભગવાનની સુરત દેખાતી હોય. પરંતુ કોઈ પીતાના

'કાળજા કેરા ટુકડા સમ દીકરી'ને માટે પીતા પ્રભુથી વીશેષ હોય છે.

મારા બાપુજીને અમે 'કાકા' કહેતા હતા. અમારું સંયુક્ત કુટુંબ હતું. દાદીમાને રસોડે વીસ–ત્રીસ માણસોની રસોઈ થતી. દાદાને આઠ દીકરા અને બે દીકરીઓ હતી. મોટા કાકાનાં બાળકો મારા બાપુજીને 'કાકા' કહીને સંબોધતા. જે અમે પકડી લીધું. મારા બાપુજી સૌથી નાના હતા. દાદા વિશ્વનાથ જાની, રાજપીપલાના મોટા જમીનદાર હતા અને રાજપીપલા નરેશના કારભારી પણ ખરા. મારા બાપુજી ઉછર્યા રાજકુમારની જેમ અને જીવ્યા ખેડુતની જેમ. સેંકડો એકર જમીન હતી. જાની પાયગામાં ઘોડા હતા. ગામમાં રસ્તાઓ બંધાય તે પહેલાં આજુબાજુના ગામોને માટે 'જાની બસ સર્વીસ' ચાલુ કરી હતી, ગામમાં અનાજ દળવાની પહેલી ઈલેક્ટ્રીક ઘંટી નખાવી. ગામમાં પ્રથમ મુંગું 'ઠેઠર' (થીયેટર) લાવ્યા. એમ કહેવાય કે દાદા શૉ–બીઝનેસમાં હતા. કોઈ દીકરો ઍક્ટર ન બન્યો; પણ બધા ફીલ્મો જોતા થઈ ગયા! પરીણામે દાદાનો કોઈ દીકરો ભણ્યો નહીં. બધા જમીનદાર થયા! આઝાદી પછી એ વાતો પરીકથાઓ બની ગઈ.

દાદાનું કુટુંબ ગાંધીજીની આઝાદીની ચળવળથી અલીપ્ત હતું. દાદાનો કોઈ દીકરો ગામમાં સવારે નીકળતી પ્રભાતફેરીમાં ગયો નથી કે કોઈએ ખાદી પહેરી નથી. 'અહીંસા એટલે બાયલાઓનું કામ' એમ તેઓ માનતા. ઘરમાં મારા બાપુજી સૌથી નાના હતા, એટલે મેટ્રીક થયા. એમને ગાંધીજી અને સરદારમાં વીશ્વાસ હતો. આઝાદી આવશે અને જમીનદારી જતી રહેશે એનો ખ્યાલ હતો. તેથી પોતાના ભાગની ખેતી જાતે, ચાકરોની મદદથી કરતા. હું નાનો હતો અને મારે સ્કુલમાં કોઈ ફોર્મ ભરવાનું હોય અને 'પીતાનો ધંધો' લખવાનો હોય ત્યારે મારી બા 'જમીનદાર' લખવાનો આગ્રહ રાખતી. અને મારા કાકા કહે કે, ''લખ, 'ખેડુત'... હું નહીં; મારો બાપ જમીનદાર હતો.''

આપણા સમાજમાં ખેડુત જીવવા માટે પુષ્કળ કામ કરે છે. મારા કાકા ઘણી વખત અમારા ખેતીવાળા ગામ ભીલવસીથી થાકીને આવતા અને ઓરડામાં દાદરને અઢેલીને બેસી જતા ત્યારે મારા તરફ જોઈ બોલતા, "તારે તો ખેતીમાં પડવાનું જ નથી. આ અભણનો ધંધો છે.'' મારા ભાઈ હેમંતે બી. એસસી., ભણીને વરસો ખેતી કરાવી. આજે અમે ત્રણે ભાઈઓ અમેરીકામાં છીએ. દાદાના મૃત્યુ બાદ દેવું ભરવાની જવાબદારી એમણે લીધી અને એકલે હાથે દેવું ભર્યું. ન ભર્યું હોત તો

ચાલત. ફકત દાદાનાં વચનનો જ સવાલ હતો. આ બાપે બોધપાઠનાં પ્રવચનો આપ્યા વીના ઘણું શીખવાડ્યું છે. અને આથી જ એમના મૃત્યુ બાદ કોઈ પણ પુરાવા વીના, અમે લોકોનાં લેણાં નાણાં ચુકવ્યાં છે.

મારા કાકા ક્રીકેટ સરસ રમતા. ડાબોડી બોલર હતા. રાજપીપળા સ્ટેટની ટીમમાં ક્રીકેટ રમતા. હૉકીની ટીમમાં પણ ખરા. એક જમાનામાં મહારાજાની ટીમને ‘સુધનભાઈ’ વીના ચાલે જ નહીં. તેથી ‘રોયલ ફેમીલી’ના નબીરાઓની અવરજવર અમારે ત્યાં રહેતી. તે સ્પોર્ટસ્ મૅન હતા. તે ‘રૉયલ ઈંગ્લીશ’ મહેમાનો જોડે ‘પોલો’ પણ રમતા. સાંજે સ્કુલેથી આવી અને ઘરમાં, હું કોઈ નૉવેલ કે મૅગેઝીન વાંચવા બેસું અને એ જો જુએ, તો હાથમાંથી ચોપડી ખેંચી લે અને કહે, “બહાર રમવા જા. અને ન રમવું હોય તો નદીકીનારે ખુલ્લી હવામાં ફરવા જા.’’ એમને ફીલ્મો જોવાનો શોખ હતો. અમે બન્ને મીત્રો જેવા હતા. સાયગલ ચડે કે રફી? મીના કુમારી કે દેવીકારાણી? વગેરે વીષયો પર એમની સાથે ચર્ચા થતી રહેતી. તે જમાનામાં રેડીયો સીલોન પર સવારે ૭–૫૫ વાગ્યે સાયગલનું ગીત વાગે. તે સાંભળ્યા વીના એમનો દીવસ ન ઉગે. આજે પણ સાયગલનું ગીત સાંભળું છું તો આંખો ભીની થાય છે. અમે ધર્મથી માંડીને ગામના કોઈ પ્રેમ–પ્રકરણની પણ ચર્ચા કરતા. “કાકા, હનીમુન

એટલે શું?'', "પરણેલાંને જ કેમ છોકરાં થાય છે?'' જેવા મારા બધા સવાલોના જવાબ મને, અકળાયા વીના સમજાવતા. એમનો એક મઝાનો જવાબ એ હતો કે : "તારાં લગ્ન થવા દે, પછી સમજાવીશ.''

મારી બા ખુબ ધાર્મીક હતી. મારા કાકાએ કદી મંદીરોના ધક્કા નથી ખાધા. પરંતુ વાસ્તવમાં તો એ સાધુ હતા. ખાનગીમાં ગરીબોને ઘણાં દાન કરતાં. મારા દ્વારા ગરીબોને કપડાં પણ પહોંચાડ્યાં છે. જ્યારે મારી બા, જાડા પુજારીઓને જમાડવામાંથી ઉંચી નહોતી આવતી! મારા કાકા, બાના દરેક આમંત્રીત બ્રાહ્મણને ખુબ માન આપતા અને જમાડતા. એક વખતે, દર ૧૮ વરસે આવતી, નર્મદા કીનારે આવેલા ભાડભુતની જાત્રા મારી બા કરી આવી અને પછી અમને બન્નેને પણ ઉશ્કેર્યા કે, 'હવે ૧૮ વરસે આ જાત્રા આવશે. માટે જાઓ, પુણ્ય મેળવી લો.' ત્યારે હું ૧૫ વરસનો હતો. અમે ગયા ભરુચ. ત્યાં બસની લાઈનમાં હજારો ભક્તો હતા. અમે રહ્યા 'ના–ભક્ત'! કલાકો ઉભા રહેવાનો વીચાર સુધ્ધાં અમને ન આવે. એટલે બસની લાઈન છોડી, અમે જઈને 'સુવર્ણ સુંદરી' ફીલ્મની લાઈનમાં ઉભા રહ્યા. બીજે દીવસે ઘરે જઈ બાને 'રીપોર્ટ' આપ્યો કે 'સુવર્ણ સુંદરી'નાં દર્શન કર્યાં. તો બાને થયું કે, હશે કોઈ દેવી. બીજી વખતે હું પણ દર્શન કરીશ. હવે, આ બાપ

યાદ આવે જ ને! આવી તો કેટલીય વાતો છે. મારી બા અને મારા કાકા, બન્ને જુદા જ વીચાર–સ્વભાવનાં; પણ તે બન્નેને મેં કદી ઉંચા અવાજે બોલતાં નથી સાંભળ્યાં. કાકાએ કદી રસોડામાં માથું નથી માર્યું અને બાએ કોઈ ખેતરમાં પગ નથી મુક્યો. કાકા ઉત્તર હતા; તો બા દક્ષીણ હતી. પરંતુ બધા ઉત્તર–દક્ષીણ પાસે હતા. અમે ખોટા કંપાસની જેમ દક્ષીણ તરફ તાકીને ઉભા રહેતા. જેમ જેમ મોટા થયા તેમ તેમ ઉત્તર માટે ઉત્તર તરફ વળવા લાગ્યા. અમે ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો હતાં. મારા કાકા ૫૪ વર્ષની ઉંમરે ગુજરી ગયા. એટલે નાનાં ત્રણ ભાઈ–બહેન રણજીત, વર્ષા, જૈમીનીને એમની બહુ વાતો યાદ નહીં. તેમના પીતા મારી માતા બની. મારાથી નાની તીલોત્તમાને હું જયારે પણ હેરાન કરતો ત્યારે તે કાકા પાસે દોડી જતી. એ જ વખતે તે મારા પર ખરેખર ગુસ્સે થતા. એમને દીકરીઓ ખુબ વહાલી. મારી પત્ની હંસા પરણીને આવી ત્યારે શરુઆતમાં માથે ઓઢતી હતી. ત્યારે તેમણે તેને સમજાવી હતી કે, ‘દીકરી બાપની આગળ માથે ન ઓઢે.’

૧૯૬૦માં, મારી પહેલી વાર્તા ‘ચાંદની’માં છપાઈ. હું ત્યારે અઢાર વરસનો હતો. હું ખુશ. મારા મીત્રો ખુશ. વાર્તા વાંચી કે ન વાંચી, ગામ આખું ખુશ! વધાઈ આપવા આવનારાઓને મારી બા ચા પીવડાવતી. રાતે બધું પતી ગયા

પછી મારા કાકાએ મને પુછ્યું કે, ‘‘લેખકનું નામ ‘હરનીશ જાની’ જ કેમ? ‘હરનીશ સુધનલાલ જાની’ એમ કેમ ન લખાવ્યું?’’ મેં કહ્યું કે, “લેખકનાં નામ બે શબ્દોનાં જ હોય–‘પન્નાલાલ પટેલ’, ‘ચન્દ્રકાંત બક્ષી’, વગેરે વગેરે..’’ તો એ બોલ્યા કે, “તો પછી ‘રમણલાલ વસંતલાલ દેસાઈ’, ‘નરસીંહરાવ ભોળાનાથ દીવેટીયા’ તો લખાય છે!’ તો મેં ચતુરાઈથી કહી દીધું કે, ‘‘સાક્ષરનાં નામ ત્રણ શબ્દના હોય અને લેખકનાં બે શબ્દના.’’ વાત ત્યાંથી તો અટકી; પરંતુ મારા દીલમાં ચોંટી ગઈ હતી. વરસો પછી જ્યારે મારો પ્રથમ વાર્તા સંગ્રહ બહાર પડ્યો(સને : ૨003, પ્રકાશક : ‘રંગદ્વાર પ્રકાશન’, ૧૫–યુનીવર્સીટી પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯) ત્યારે મેં, તેનું નામ ‘સુધન’ – મારા બાપુજીના નામ પરથી રાખ્યું. પેલી ચોટ દીલમાંથી નીકળી, પુસ્તકના કવર પર ચોંટી ગઈ.

મારા કાકાની કીડની બગડી ગઈ હતી. ત્યારે ડાયાલીસીસ જેવો શબ્દેય નહોતો સાંભળ્યો. તેઓ હૉસ્પીટલમાં હતા. ધીમું ધીમું ઝેર ચડતું હતું. મૃત્યુ નક્કી હતું. તેમને ઝાડા–પેશાબની તકલીફ હતી. અઠવાડીયાથી શરીરમાંથી મળ નહોતો નીકળ્યો. અને પેટના દર્દથી પીડાતા હતા. હું અને બા હૉસ્પીટલમાં હતાં. એક સવારે બા કહે, ‘‘ચાલો, હું તમારી સાથે જાજરુમાં આવું છું’’. અને બાએ તેમના શરીરમાંથી મળ કાઢ્યો.

બન્ને બહાર આવ્યાં. કાકાનું પેટ હળવું થયું. તેમના સુઈ ગયા પછી મારી બા મને બાઝીને રડી પડી અને બોલી કે, "અંદર તારા કાકા કહે છે કે આવો પ્રેમ અને ચાકરી કોણ કરે? મને આવતા જનમમાં પણ તું જ પાછી મળજે."

આજે આટલાં વરસ પછી પણ બધું યાદ કરું છું તો લાગે છે કે આ માબાપ બીજા સાત જનમ મળે તો મોક્ષનો મોહ પણ ન રાખુ.

–હરનીશ જાની

સમ્પર્ક : Harnish Jani, 4- Pleasant Drive, Yardville -NJ-08620 - USA

Phone-609-585-0861 eMail : harnishjani5@gmail.com

@

107 : 24-06-2007

# વીધાયક રીતે વીચારીએ

–ડંકેશ ઓઝા

અનુક્રમણીકા

આપણને એવું માનવું ગમે છે કે અગાઉનો સમય બહુ સારો હતો અને હાલનો સમય ખુબ ખરાબ છે. ભુતકાળ વધુ સારો હતો, વર્તમાન બહુ ખરાબ છે અને પછીનો તર્ક તો કલ્પી શકાય એવો જ છે કે ભાવી અંધકારમય છે. હવે, શાંત ચીત્તે આ બાબતે વીચાર કરીએ તો જણાશે કે આ તો અસ્વસ્થ થવાની પાકી દવા જ છે! વર્તમાન વીશે નકારાત્મક અભીગમ રાખીને કોઈ પેઢી સારું પ્રદાન કેવી રીતે કરી શકે? તેમ છતાં, સમાજમાં આવું માનનારા જાણે બહુમતીમાં ન હોય એ રીતે આવી વાતો આપણને વારંવાર સાંભળવા મળે છે.

વ્યક્તીએ અને સમાજે સ્વસ્થ અને નીરામય રહેવું હોય તો કાચી પળે આ માનસીકતા ત્યજવાની જરુર છે. આપણું માનસ જ જો સ્વસ્થ ન હોય તો આપણું સ્વાસ્થ્ય સારું કેવી રીતે રહેશે? આપણે ભલે ગમે તેટલું કામ કરીએ; પરંતુ મુળમાં–પાયામાં પેલી માનસીકતા જ પડી રહી હશે તો પ્રયત્નોનું–પુરુષાર્થનું પરીણામ સારું આવવાનો સંભવ નહીંવત્ છે. સૌથી પહેલી વાત નકારાત્મક વલણને છોડવાની છે. આ થશે તો

તમને જીવવાની મઝા આવશે. કુદરતને ખોળે તમને આનંદ મળશે અને તમારી આસપાસના લોકોમાં તમે એક આનંદી ઉર્જાનો સંચાર કરી શકશો. લોકો તમને બોલાવશે અને તમને પણ લોકોને મળવું ગમશે.

'રામાયણ' અને 'મહાભારત'નો કાળ જો સારો હોય તો આ 'રામાયણ' થઈ જ ન હોત કે આ 'મહાભારત' સર્જાયું જ ન હોત! અંગ્રેજોનો શાસનકાળ સારો હોત તો આઝાદીની લડતનાં પગરણ મંડાયાં જ ન હોત. 'આજના ધોળીયાઓ કરતાં, પેલા ધોળી ચામડીવાળા સારા હતા', એવું જ્યારે સાંભળીએ છીએ ત્યારે સમજાતું નથી કે આ લોકો કંઈ સમજી–વીચારીને બોલે છે ખરા કે!

બુદ્ધ અને મહાવીરનો કાળ પણ સારો હતો એવું કેવી રીતે માનવું? બન્નેને અહીંસાનો ઉપદેશ આપવો પડ્યો તે જ તો બતાવે છે કે સમાજમાં કેટલી બધી હીંસા પ્રવર્તમાન હશે! વળી, મહાવીર તપ કરતા હોય અને લોકો જંગલમાં જઈને પણ તેમને પરેશાન કરી આવે એવી કથા આપણે ભણ્યા છીએ. જો એકાંતમાં પણ કોઈને પોતાની ઈચ્છા મુજબની પ્રવૃત્તી વીનાવીરોધે કરવા ન દે, એવો સમાજ સારો તો કઈ રીતે કહેવાય?

આ બધો કે આવો વીચાર કર્યા વીના જ આપણે માની બેસીએ છીએ કે આપણે ખરાબ સમયમાં છીએ અને અગાઉનો સમય સારો હતો. મરીઝે એ મતલબનો શેર કર્યો છે કે :

‘ખુદને ખરાબ કહેવાની હીમત નથી રહી;
તેથી કહે છે લોક કે જમાનો ખરાબ છે.’

‘આપણે જાતને ખરાબ કહી શકતા નથી, તેથી કહીએ છીએ કે જમાનો ખરાબ છે.’ રાજીવ ગાંધીએ ‘મેરા ભારત મહાન’ સુત્રનો અતીપ્રચાર કરાવ્યો ત્યારે લોકો કહેતા હતા કે, ‘સૌ મેં સે નીન્યાનબે બેઈમાન; ફીર ભી મેરા ભારત મહાન.’ આ નવ્વાણું એટલે બાકીના બધા અને સોમો તો તે હું એકલો! હું એકલો સારો અને જગત આખું ખરાબ.

આજે તાલીમનું મહત્ત્વ ખુબ વધ્યું છે. સારામાં સારી તાલીમ આપનારાઓ એવી યુક્તી પ્રયોજે છે કે, ‘આપણે જે કંઈ વાત કરી રહ્યા છીએ તે બહારના લોકોની છે. ખંડમાં બેઠેલા તો બધા જ, અપવાદ વીના, સારા જ છે.’ માણસને આવું સારું સારું સાંભળવું ગમતું હોય છે. કોઈ એને સારો કહે તો અસામાજીક તત્ત્વ મનાતી વ્યક્તીને સુધ્ધાં ગમતું હોય છે. કેટલાક લોકો આવો વીધાયક પ્રયોગ કરતા પણ હોય છે. પછી પેલું ‘અસામાજીક તત્ત્વ’ ગામ આખાને પીડે; પરંતુ જે વ્યક્તીએ એને સારી માની છે ત્યાં તે પોતાની ‘ઈમેજ’ સાબુત રાખવા પ્રયત્નશીલ બને છે. પછી પેલા વીધાયક અભીગમ રાખનારા

છાતી કાઢીને કહી શકે છે કે ‘બીજા સાથે એ જે કરતો હોય તે; પરંતુ અમને એનો ખરાબ અનુભવ નથી. અમારી સાથે તો એ સીધો જ ચાલે છે.’

અંગ્રેજીમાં એક અતી જાણીતી ઉક્તી છે : Improve yourself and one rascal man will be lessen from the world. તમારી જાતને સુધારો તો આ જગતમાંથી એક લફંગો તો ઓછો થઈ જ ગયો! માની લો કે જગત આખું તમે કહો છો તેટલું ખરાબ છે અને કદાચ તેથી વધુ ખરાબ છે; પરંતુ તેમાં તમે સુધરો તો એક તો ઓછો થઈ જ ગયો ને! પરંતુ તે વખતે આપણી દલીલ એ હોય છે કે જગત પહેલાં સુધરે તો પછી હું સુધરું અથવા તે દીશામાં કંઈક વીચારું! આ જ નકારાત્મકતા છે. Charity begins at home. શરુઆત તો પોતાનાથી જ થવી જોઈએ ને?

ગણીતમાં પણ બે ઓછાનો સરવાળો વત્તામાં થાય છે. નકારાત્મકતા કરતાં વીધેયાત્મકતા સારાં પરીણામો લાવી આપે છે. ‘તમે બધા માટે જેટલું કરો છો, તેટલું બીજા તમારે માટે કરતા નથી.’ આ વાક્ય સાંભળવું પ્રત્યેક વ્યક્તીને ગમતું હોય છે. જ્યોતીષીઓનો ધંધો જ આના પર ચાલે છે. આવું સાંભળીને સાંભળનાર વ્યક્તી કહે છે કે, ‘જોશી બધું સાચું કહી દે છે. આપણા મનની વાત તે જાણી જાય છે’ વગેરે વગેરે.. પરંતુ કોઈ જોશી તો શું પણ માનસશાસ્ત્રી પણ એવું કહેતો નથી કે,

'ભાઈ, દોષ તારામાં જ છે. તું ક્યાં કોઈનું સારું ઈચ્છે છે કે કરે છે કે જેથી બીજા તારું ભલું ઈચ્છે કે કરે!' આવી નકારાત્મક વાત, સાચી હોય તો પણ; કરવી એ વ્યાવસાયીક નીતીમત્તાથી વીરુદ્ધની વાત મનાઈ છે. તમે ગમે ત્યાં દૃષ્ટીપાત કરો, નકારાત્મક વાત કરવાની ક્યાંય સલાહ આપવામાં આવી નથી. હા, મૅનેજમેન્ટનો એક સીદ્ધાંત છે કે : Don't say 'yes', when you want to say 'no'; પરંતુ એ તો તમને સ્પષ્ટવક્તા બનવા અને ભવીષ્યની પળોજણોમાંથી મુક્તી મેળવવા માટેની શીખ આપનારો છે. એમાંય નકારાત્મક વલણની કોઈ વાત નથી.

અત્યાર સુધી બહુ નકારાત્મક ચાલ્યું. હવે જાગ્યા ત્યારથી સવાર કરીએ. કોઈ પણ વ્યક્તી આપણે માટે ખરાબ પુરવાર ન થાય ત્યાં સુધી એને ખરાબ માનીને ચાલવાની શી જરુર છે? આપણે તો જેનો પરીચય સુધ્ધાં નથી, એને પણ ખરાબ માની લઈએ છીએ. કોઈને માટેની ખરાબ વ્યક્તી આપણે માટે પણ ખરાબ થઈ જ જાય છે. ઘણી બધી વખત આપણી નકારાત્મક માનસીકતા આપણને એવા કળણમાં ફસાવી દે છે અને પછી આપણે તેના એવા ભોગ બની જઈએ છીએ કે, મહામહેનતે પણ તેમાંથી ઉગરી શકતા નથી.

પહેલાં 'ધુમ્રપાન કરવાની મનાઈ છે' એવાં સુત્રો કે પાટીયાં લગાડેલાં જોવા મળતાં. અધીકારીઓની ઓફીસની બહાર લખાતું કે : 'No admission, without permission'. હવે

હકારાત્મક અભીગમને કારણે નકાર સભાનપણે ટાળવાનો પ્રયત્ન થાય છે. ‘ધુમ્રપાન ન કરવા બદલ આભાર’. 'Thank you for not smoking'. અથવા તો 'Admission with permission'. આમાં વાત તો એની એ જ છે; પરંતુ સામેની વ્યક્તીને ગુનેગાર માનવાને બદલે પુખ્ત અને આદરપાત્ર માનીને તેની સાથે ઉદાહરણરુપ વર્તન આચરવાનો પ્રયાસ આરંભાયો છે.

જગત સુધરી રહ્યું હોય ત્યારે આપણે પાછળ રહીએ તે કેમ ચાલે? આજના સમયમાં જે પર્યાવરણીય સભાનતા, માનવ–હક્કો અને વંચીતો પ્રત્યેની જવાબદારીની સભાનતા, ઘરેલુ હીંસાને ડામવા માટેની પ્રતીબદ્ધતા, વંચીતો–દલીતો–મહીલાઓને જાહેરક્ષેત્રમાં લાવવાની ચીંતા અને જોગવાઈઓ, પ્રાણીઓ અને સમગ્ર જીવસૃષ્ટી પ્રત્યેની સમસંવેદના, નકારાત્મક કે દોષાત્મક શબ્દાવલીઓ કે શબ્દસમુહો ટાળવાની જાગૃતી જેવાં અનેક પાસાં કદાચ આજના સમયને વીકસીત અને જાગ્રત સાબીત કરવા પર્યાપ્ત છે. આ વૈચારીક માહોલ માત્રથી સંતુષ્ટ થઈ ન જવાની અને વધુ કાર્યશીલ બનવાની જરુરત ભલે હોય; પરંતુ તેથી કરીને આજનો સમય ખરાબ હોવાની વાતને બળ મળતું નથી. પ્રશ્નો વ્યાપક અને વીકટ બન્યા હોય તો સભાનતા, સંવેદના અને જાગ્રતી સુધ્ધાં વધ્યાં જ છે! આવા સારા માહોલમાં વીધાયક અભીગમવાળી

વ્યક્તીઓ વધુ સારું પ્રદાન કરીને પોતાનું યોગદાન આપે તો તે યોગ્ય દીશાની પ્રગતીને પોષક જ નીવડવાનું એ ની:શંક છે.

–ડંકેશ ઓઝા

સંપર્ક : 6-સ્વાગત સીટી,પેટ્રોલ પમ્પ સામે, અડાલજ– જીલ્લે ગાંધીનગર – 382 421 dankesh.oza@rediffmail.com

મોબાઈલ : 97250 28274

@

108 : 01-07-2007

# મોતીચારો

–ડૉ. આઈ. કે. વીજળીવાળા

અનુક્રમણીકા

## ચાલો, એક ચીઠ્ઠી લખીએ–એક ફોન કરીએ..

ક્યારેક અમસ્તા જ ચાલો, કોઈને ચીઠ્ઠી લખી નાખીએ કે... આજે તમે લોકો અમને ખુબ જ યાદ આવ્યા!

ક્યારેક બસ, અમસ્તા જ કોઈકને ફોન કરીએ અને કહીએ કે... બસ, અમસ્તા જ તમને હલ્લો કરવા, તમારો અવાજ સાંભળવા જ ફોન કર્યો!

ક્યારેક બાળપણના કોઈ ગોઠીયાને કે સ્કુલ કે કૉલેજના કોઈ સહાધ્યાયીને એ સમયે બની ગયેલો કોઈ ખુબ જ આનંદનો પ્રસંગ લખીએ કે કહી પાડીએ!

આપણે મોટા ભાગે કંઈક અગત્યનું કામ પડે તો જ કોઈને યાદ કરતા હોઈએ છીએ. એના કરતાં ક્યારેક કંઈ કામ ન હોય તો પણ; બસ, અમસ્તા જ કોઈને યાદ કરીએ તો સામી વ્યક્તીને કેટલી બધી ખુશી થશે એ વીચાર કર્યો છે ક્યારેય? અને જો આમ જ આનંદની ક્ષણો અને ખુશીના અવસરોને બધા એકબીજાને વહેંચતા રહેશે તો આ નાનકડી દુનીયાને આનંદનું ઉપવન બનતાં કેટલી વાર લાગશે?

તો ચાલો, આજે આપણે આવું જ કંઈક કરીએ! કોઈને યાદ કરીએ, કોઈને લખીએ, બસ, સાવ અમસ્તા જ! (પાન : ૪૫)

## દીવાલમાં ખીલો

એક છોકરો. ઉંમર હશે ૧૩ કે ૧૪ વરસની. પણ મગજ બહુ તેજ. વાતવાતમાં ગુસ્સે થઈ જાય. તોડ–ફોડ શરુ કરી દે. વસ્તુઓ ફેંકે. બરાડા પાડવા માંડે. કંઈ કેટલીયે વારે એનો ગુસ્સો ઉતરે. માબાપ બીચારા હેરાન–પરેશાન થઈ ગયેલાં. ઘણો સમજાવ્યો. ધમકાવ્યો. અરે, શીક્ષા પણ કરી જોઈ! પણ પથ્થર પર પાણી. પેલા બંધુમાં કોઈ જાતનો ફરક જ નહીં! કંટાળીને એને એક મનોચીકીત્સક પાસે લઈ જવામાં આવ્યો. ઘણો વખત એનો ઉપચાર ચાલ્યો. પણ પરીણામ મીંડું! છેલ્લે એના બાપે એક ઉપાય શોધી કાઢયો. એણે થોડાક ખીલા અને એક હથોડી છોકરાને લાવી આપી કહ્યું કે, ‘જ્યારે જ્યારે એને દાઝ ચડે–ગુસ્સો આવે ત્યારે ત્યારે તારે ઘરની ફૅન્સીંગ(વંડી)માં એક ખીલો ઠોકવો!’

પ્રથમ દીવસે છોકરાએ વંડીમાં ૩૮ ખીલા ઠબકારી દીધા! જેમ જેમ દીવસો જતા ગયા તેમ તેમ ખીલાઓ લગાડવાનું પ્રમાણ ઘટતું ચાલ્યું. બાળકને સમજાતું ગયું કે દીવાલમાં ખીલો મારવા કરતાં મગજ ઠેકાણે રાખવું વધારે

સહેલું છે. આખરે એક દીવસ એવો આવી પહોંચ્યો કે એણે આખા દીવસમાં એક પણ વખત મગજ ગુમાવ્યું નહીં. એ દીવસે એણે દીવાલમાં એક પણ ખીલો ન માર્યો!

એ દીવસે એ પોતાના પીતા પાસે ગયો અને કહ્યું કે, 'પીતાજી, આજે હું એક પણ વખત ગુસ્સે નથી થયો અને દીવાલમાં એક પણ ખીલો નથી માર્યો.'

બાપ કહે : 'ખુબ સરસ, બેટા! હવે એક કામ કર. દીવસમાં તને જેટલી વાર ગુસ્સો ચડે અને તું એને બરાબર કાબુમાં રાખી શકે, તેટલી વાર તારે દીવાલમાંથી એક એક ખીલો કાઢતો જવાનો.'

બીજા દીવસથી છોકરાએ જેટલી વખત પોતે ગુસ્સા પર સંયમ રાખી શકે તેટલી વખત અગાઉ બેસાડેલામાંથી એક ખીલો કાઢવાનું શરુ કર્યું. જ્યારે બધા જ ખીલા નીકળી ગયા ત્યારે તે ફરી વખત પીતા પાસે ગયો અને કહ્યું કે બધા ખીલા દીવાલમાંથી નીકળી ગયા છે.

બાપે દીકરાને ગળે વળગાડ્યો. એને ખુબ જ આનંદ થયો. પછી તેને હાથ પકડીને દીવાલ પાસે લઈ ગયો. એણે કહ્યું, 'બેટા! તેં ઉત્તમ અને અદ્ભુત પ્રયત્ન કર્યો છે. તારું અને મારું ધ્યેય પુરું થયું. પણ આ દીવાલ સામે તેં જોયું? એમાં પડી ગયેલાં કાણાં તેં જોયાં? એ હવે પહેલાંના જેવી ક્યારેય નહીં બની શકે. તમે જ્યારે ગુસ્સામાં બીજાને કંઈક અપમાનજનક

વેણ કહી નાખો છો ત્યારે એ શબ્દો પણ સાંભળનારના હૃદયમાં આવો છેદ મુકી જતા હોય છે. એ ઘા પછી કાયમ માટે રહી જતો હોય છે. 'માફ કરી દો' એમ કહી દેવાથી સામી વ્યક્તી એ ઘાને ભુલી શકે; પરંતુ એણે કરેલો ઉઝરડો ક્યારેય નથી રુઝાતો. તલવાર કે શસ્ત્રોનો ઘા તો ફક્ત શરીરને જ અસર કરે છે; પરંતુ શબ્દોનો ઘા તો આત્માને ઈજા પહોંચાડે છે. તું સુધરી ગયો તેનો મને ખુબ જ આનંદ થયો છે. મારી આ વાત તું સમજી શકશે એવું લાગ્યું એટલે જ હું તને આ શબ્દો કહી રહ્યો છું…' બાપ આગળ બોલી ન શક્યો. દીકરો પણ સજળ નયને સાંભળી રહ્યો!

મારા વહાલા મીત્રો…, તમારા દીલની દીવાલમાં અજાણપણે મારાથી ક્યારેય પણ કટુ શબ્દોનો ખીલો મરાઈ ગયો હોય તો મને માફ કરજો. (પાન : ૪૭)

## આગલી હારોળ

જીન્દગી એ તમારું થીયેટર છે.

તમારા પ્રેક્ષકોને સંભાળપુર્વક આમંત્રણ આપો. દરેકને પ્રથમ હરોળમાં ક્યારેય સ્થાન નથી અપાતું. ઘણા લોકો એવા હોય છે જેમને પાછળની દુરની હરોળમાં જ રાખવા જોઈએ. અમુક લોકો સાથેના સંબંધો જતા કરવામાં નુકસાન કરતાં ફાયદો વધારે થતો હોય છે.

તમારી આજુબાજુના સંબંધોને ચકાસી જુઓ. કયા સંબંધો માથે ચડાવવા જેવા અને કયા પડતા મુકવા જેવા છે એનો ક્યાસ કાઢતા રહો. કયા સંબંધો હતોત્સાહ કરે તેવા છે અને કયા પ્રોત્સાહક છે તે જાણો. કોણ શીખર તરફ લઈ જશે અને કોણ ખીણમાં ધકેલી દેશે તેની ખબર રાખો. કોણ દીલથી તમને ચાહે છે અને કોણ ફક્ત તમારો લાભ ખાટવા તમારી જોડે રહે છે તે અંગે જાગ્રત રહો.

જો તમે ખરેખર ઉમદા ગુણો, સન્માન, વીકાસ, સત્ય તેમ જ પ્રેમના ચાહક તેમ જ યાચક હશો તો તરત જ ખ્યાલ આવી જશે કે તમારી જીન્દગીના થીયેટરની આગલી હરોળમાં બેસવાની લાયકાત કોણ ધરાવે છે અને કોને પાછળની લાઈનમાં બેસાડવા જેવા છે.

હમેશાં યાદ રાખો કે તમે તમારી આસપાસ રહેલા લોકોને ન જ બદલી શકો; પરંતુ તમે એવા લોકોને જરુર પસંદ કરી શકો કે જેમની આસપાસ તમે રહી શકો.

You can't change the people around you, but you can certainly change the people you are around! (Page : 46)

## સુંદર વૃદ્ધત્વ

એક રીપોર્ટરે એક વખત ૧૦૪ વર્ષનાં એક માજીને સવાલ પુછયો કે, 'તમારી ઉંમરના લોકો માટે તમારે શું કહેવું છે?'

પેલાં માજી કહે, 'જીન્દગીની સૌથી ઉત્કૃષ્ટ એવી આ ઉંમરના લોકો આનંદથી રહેવાને બદલે ડીપ્રેશનથી–હતાશાથી પીડાતા હોય છે. અરે! કોઈ જાતની ફીકર વગર કુદરતની નજીક રહીને જીવનને માણવાની આ જ તો ઉંમર છે!'

'ઘડપણ–Old Ageને તમે કઈ રીતે મુલવશો?' એવા સવાલના જવાબમાં સીસ્ટર મેરી જેમ્મા બ્રુંક અદ્ભુત શબ્દોમાં કહે છે :

'જુના–ઘરડા સફરજનના ઝાડ પર જ સૌથી મીઠાં સફરજન આવતાં હોય છે.

'સૌથી જુનાં રેડવુડનાં વૃક્ષો જ ગૌરવપુર્ણ ઉંચાઈએ પહોંચે છે.

'જુના વાયોલીનમાંથી જ સૌથી સુંદર અને ઉચ્ચ કક્ષાના સુરો નીકળે છે.

'મદીરા પણ જેમ જુની થાય તેમ તેનો સ્વાદ વધતો હોય છે.

'પુરાણા સીકકા, ટીકીટ કે પુરાણા ફર્નીચરને અમુલ્ય ગણવામાં આવે છે.

‘જુના મીત્રોને જ આપણે સૌથી વધારે પ્રેમ કરતા હોઈએ છીએ.

‘હે ભગવાન! તારો ખુબ ખુબ આભાર કે તેં વૃદ્ધાવસ્થા આપી! જીન્દગીને સમજવાનો મોકો આપ્યો. ધૈર્ય અને ડહાપણનો અનુભવ કરાવ્યો. શારીરીક તકલીફો છતાં નીઃસ્વાર્થ સ્મીત કરવાની શક્તી આપી. ખરેખર વૃદ્ધાવસ્થા અદ્ભુત છે!’

અને પછી ઉમેરે છે કે, 'Beautiful People are Acts of Nature, but Beautiful Old People are Works of Art...સુંદર યુવાન કે યુવતી એ કુદરતની કલા છે; પણ સુંદર વૃદ્ધ વ્યક્તી એ માણસની પોતાની કલા–મહેનતનું પરીણામ છે!’ (પાન : ૬૦)

–ડૉ. આઈ. કે. વીજળીવાળા– (ભાવનગર) સંપર્ક : drikv@yahoo.com

લેખકના ‘મોતીચારો’ પુસ્તકમાંથી સાભાર...

@

109 : 08-07-2007

# ચંદનનાં ઝાડ

(સત્યકથા)

–મુકુન્દરાય પારાશર્ય

અનુક્રમણીકા

પ્રભાશંકર પટ્ટણી (1862-1938)ના અવસાન પછી ત્રણ વરસે તેના અંગત સેક્રેટરીએ કરેલી આ વાત મારા શબ્દોમાં રજુ કરું છું :

1934ની શરુના શીયાળામાં એક દીવસ કોઠી સાથે કામ હોવાથી પ્રભાશંકર રાજકોટ ગયેલા. ભાવનગર તરફથી ગાડી ઉપડવાને પોણા કલાકની વાર હતી. તે વખતે પ્રભાશંકર તેમના બે સેક્રેટરીઓ સાથે રાજકોટ સીટી સ્ટેશને આવી ગયા. એ સ્ટેશનેથી સામાન્ય રીતે ઘણા ઓછા ઉતારુઓ ચડતા. એક સેક્રેટરી પૉર્ટફોલીયા સાથે બાંકડે બેઠા ને પ્રભાશંકર પ્લૅટફૉર્મના આ છેડેથી તે છેડે ફરવા નીકળ્યા. પ્લૅટફૉર્મને છેડેથી જરા આગળ તેમણે સાંધાવાળાનું ક્વાર્ટર જોયું.

બાજુમાં કાચી છાપરી નીચે એક ભેંસ ને ગાય બાંધેલાં જોઈ તે ત્યાં ગયા. એક આધેડ બાઈ સામે આવી, આવકાર આપતાં બોલી કે, “પધારો મા’તમાજી.” આમ કહી ખાટલો ઢાળી તે પર ગોદડું નાખી કહ્યું કે, “હ્યાં બેસો.” પ્રભાશંકરે

બેસતાં કહ્યું કે, ‘‘દુઝાણું જોયું એટલે તમારે આંગણે બેસવા આવ્યો. ઘરમાંથી ક્યાં, ફરજ પર ગયા છે?’’ સામે નીચે બેસતાં બાઈએ હા કહી ને પુછયું, ‘‘મહાતમા બાપુ, તમે કોણ, કાં રો’ છો?’’ પ્રભાશંકરે કહ્યું, ‘‘હું મહાત્મા નથી, બ્રાહ્મણ છું; પણ પચાસ વરસથી એક રાજની નોકરી કરું છું. ભાવનગર રહું છું. ઢોર બહુ ગમે ને એ જેને ત્યાં હોય ત્યાં જોવું–બેસવું ગમે.’’ બાઈએ કહ્યું, ‘‘દેવ, મારે હ્યાં તો ભગવાને દીધાં બે જ ઢોર છે, ઝાઝાં નથી. તમારાં પગલાં થ્યાં, હવે ઝાઝાં થાય ઈમ માંગું. પણ બાપુ, તમે ભલે કો’ કે રાજનો નોકર છું; પણ હું માનું નૈં. તમે તો મે’ની ઘોણે દયા કરવા આવ્યા છો. નહીંતર આંઈ વગડામાં આટલે છેટે છાપરીએ કોણ આકુડું ડોકાય? કોણ સાધુમા’તમા આવે? આવ્યા છો તો હમણે જ ગા દોઈ છે, દુધ લેસો? તાંસળી ભરી દઉં, સેડકઢું છે.’’ પ્રભાશંકરે કહ્યું કે, ‘‘બે’ન, દુધ તો નથી પીવું, છાશ દ્યો તો પીઉં.’’ ‘‘શીદ નો દૌં, ઈ પીયો,’’ કે’તી બાઈ ઊઠીને એક હાથમાં ભરી તાંસળી ને બીજા હાથમાં છાશની દોણી લઈ આવી. કીધું કે, ‘‘રોજ સવારે કરીએ છૈં.’’ પ્રભાશંકરે તાંસળી ભરી માખણ ઉતાર્યા વગરની છાશ પીધી. તેનાં વખાણ કર્યાં. બાઈએ કહ્યું, ‘‘ છાશમાં શું વખાણ? સંધેય સરખી.’’ પ્રભાશંકરે કહ્યું, ‘‘માડી મને ફેર લાગે.’’

બાઈએ કહ્યું, ‘‘બાપુ, કાંક ઉપદેશ દ્યો.’’ પ્રભાશંકરે કહ્યું, ‘‘એ દેનારો હું નથી. મળેલા ઉપદેશ મુજબ જીવવા મે’નત કરું

www.gujaratilexicon.com

છું. તમે હ્યાં એકાંતમાં ઢોર રાખી સેવા કરો છો ને મને એવે ઠેકાણે બેસવું બહુ ગમે, બાળપણ તાજું થાય, એટલે તમારે ત્યાં રાજી થઈને આવ્યો.'' બાઈએ કહ્યું, ''અમે વસવાયાં કે'વાઈં. અમને અમારા જેવા હારે ગમે એટલે બે બાંધ્યાં છે.''

પ્રભાશંકરે પુછયું, ''માડી, આપણાં જેવાં છે એમ તમને કેમ કરતાં લાગ્યું?''

બાઈએ કહ્યું, ''ઈ કાંઈ નો સમજું. પણ એવું થ્યું કે આંઈ એની નોકરી થઈ ને જાતે દા'ડે છાસવારે ભારખાનાના ડબ્બામાં પુરેલી ગામાતા ને ભેંસું જોઈં. મેં એક દાણ એને પુછ્યું કે, આ ઢોરાં ભારખાનામાં કૈં દેમણાં જાય છે? તો કે, મુંબઈ. મેં પુછયું, હ્યાં સું કામ? તો કે, હ્યાં મોટું કતલખાનું છે. દેસમાંથી કૈંક ઢોરાં હ્યાં જાય છે. સાંભળીને મને અરેરાટી થૈ : હાય જીવ, આ કળજગ!

ઘરેઘરે ગાય બંધાય ને સેવા થતી, છોરાં સેડકઢું દુધ પીતાં, ઈ માતાના આ હાલ? આમ થોડા દી નો થ્યા ને મને કૈં ગોઠતું નૈં એટલે એને કીધું કે તમે હા કો' તો ગા મારે પીરથી લાવું ને તમે એક ગા કે ભેંસ લાવી દ્યો. સેવા કરીએ. જે ગાડીમાં આ સારું ઢોર ચડે ઈ ગાડીવાળાનું કામ કરી એનો દીધો રોટલો કયા ભવ સારુ ખાવો? તો મને કયેં કે, નીણપુર તો તું કર; પણ ઈ લાવવાં ક્યાંથી? મેં કીધું, તમ તમારે દી આખો તમારું કામ કરો. મારે બે છોડી, રાંધી ખવરાવું પછી સાવ નવરી. છાણ–

લાકડાં વીણવા જૌં છું ઈને બદલે છાણ ઘરે થાશે એટલે દી આખો ચારીશ, ચોમાસા કેડે ખડ વાઢ્યાવીસ. તમ તમારે એક ગા કે ભેંસ લાવી દ્યો. ઈયે હું સરખા છે. ઈ ભેંસ લાવ્યા, બે ઢોર ઘેર બાંધ્યાં. છોડીયુંને લૈ સીમમાં ચારવા જાઉં, ઝાડને છાંયે બેસી, છોડીયુંને ચણીયા–કમખા ને કેડીયાં ભરતાં ને મૈં આભલાં ભરતાં શીખવ્યું. કરગઠીયાંય વીણીએ. છોડીયું જરા મોટી થૈ એટલે ઈયે ખડ વઢાવે. હવે તો ઈ સાસરે ગ્યું. આ ઢોર છે તો મારે સંગાથ છે. ઈ હતાં ઈ મરી ગ્યાં. ઈ ગાને પાંચ વાછડી. ભેંસને પાંચ પાડી થૈ. આ બે છે ઈ એનાં. વાછડી વોડકી થાય ને પાડી ખડાઈ થાય એટલે ભામણને કે એવા કોકને, જ્યાં છોરાં હોય હ્યાં દૈ આવું. આમ ને આમ દી પુરા થાય તો હાંઉ.'' પ્રભાશંકરે કહ્યું, ...આટલુંયે હું કરી શકતો હોઉં!'' બાઈએ કહ્યું, ''ઈમ કેમ કો' છ? તમને જોયા ને લાગે છે કે તમે કૈંકનાં દખ ટાળતા હસો.''

પ્રભાશંકરે કહ્યું, ''તમે ઢોરની સેવાની વાત કરો છો એટલે કહું છું.'' બાઈએ કહ્યું, ''તમેય તમારી ઝુંપડીએ ઢોર બાંધ્યાં જ હશે.''

પ્રભાશંકરે કહ્યું, ''છે, પણ નીરણપુળો કોક વાર થાય. મારાં માવતર ને મોટેરાં તો ગાયુંની વચમાં સુઈ રે'તાં. બાળપણમાં હુંયે સુતો છું. પણ છેલ્લાં બત્રીસ વરસથી બંગલામાં રહું છું. હું દો'તોય ખરો, વહુ–દીકરાને આવડે; પણ હવે કરે કોક

વાર. છું ભામણ તોય હવે તમારા જેવી સેવા અમારી નહીં. હું તો તમારાથી થયેલો રાજીપો બોલી બતાવું છું. છાશ પાઈને તમે ટાઢક કરી. માડી, બેસવાનું તો ગમે; પણ ગાડીનો વખત થયો છે એટલે રજા લઉં. મારા જેવું કામ હોય તો કહો. રાજી થઈને કરીશ.''

''આવું શીદ બોલો છો? મારે સું કામ હોય! હોયે તે કોક દણ; પણ ઈ કાંઈ તમને ચીંધાય? મારે તો કાંઈ કામ નથી. સખે રોટલા ખાઈને રૈ છૈં. તમે પગલાં કર્યાં; પણ મેંથી કાંઈ થ્યું નૈં. દુવા દ્યો કે આ ઢોરને સાજાંનરવાં જાળવી શકું ને મનમાની સેવા કરું.'' બેઠા થતાં પ્રભાશંકરે કહ્યું, ''માડી, જે ધણીએ આટલાં વરસ તમારી રખેવાળી કરી ને સહુ જીવજંતુનીય કરતો રહ્યો છે, એ બહુ દયાળુ છે. તમારા જેવાનું એ રક્ષણ કરશે જ. મને એ ભરોસો છે. ખોળો પાથરી પગે પડું,'' એમ કહેતાં પ્રભાશંકરે સામે નમી પ્રણામ કર્યાં ને ઢોર તરફ હાથ જોડી માથું નમાવી પાછા ફર્યા. પાછા ફરતાં ગાય–ભેંસને પંપાળતા આવ્યા.

પાટા ઓળંગી પ્લૅટફૉર્મ પર આવતાં પ્રભાશંકરના કહેવાથી સેક્રેટરી પાછા ફરી એ બાઈને દસ રુપીયા દેવા માંડ્યા તો બાઈએ કહ્યું કે, ''ઈ નો લેવાય ભૈલા, પાપમાં પડીએ. અમે સખનો રોટલો ખાઈ છૈં.'' સેક્રેટરીએ કહ્યું કે બાપુ તો ભાવનગરના દીવાન હતા. બાઈએ કહ્યું કે, ''ઈ ભલે રહ્યા. ભગવાન એને કરોડ વરસના કરે. હું ને લઉં.'' સેક્રેટરીએ કહ્યું,

“ઉપરથી ભગવાન મેઘ વરસાવે એ આપણે સૌ ઝીલીએ છીએ. એમ આયે ભગવાનનો જ પ્રસાદ છે. બાપુએ કે’વાનું કીધું છે કે બીજાને દેવા માટે જ ભગવાન મને નાણું આપે છે.” આમ કહી ખાટલે રુપીયા મુકી સેક્રેટરી પાછા આવ્યા.

ગાડી ઉપડ્યા પછી સેક્રેટરીએ બાઈની આનાકાનીની વાત કરી, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે, “છેલ્લાં સીત્તેર વરસથી આ દેશનાં ભોળાંભલાં માણસોની મતી ફેરવવા ઘણા પ્રયત્નો થતા રહ્યા છે; પણ ઋષીમુનીઓએ હજારો વરસ પહેલાં સીંચેલા સંસ્કાર એટલા મુળ સ્વભાવમાં ઉતરી આવ્યા છે કે સૈકાઓથી આ પ્રજા પીડાતી આવી છે; છતાં હજી આવાં સાચાં માણસો રહ્યાં છે. પ્રભુએ આવાં માણસ જાળવીને બાવળની કાંટમાં ક્યાંક ક્યાંક ‘ચંદનનાં ઝાડ’ ઉગાડ્યાં છે.”

–મુકુન્દરાય પારાશર્ય

‘યાદગાર વાચન’ શ્રેણીના પુસ્તક ‘ચંદનનાં ઝાડ’માંથી સાભાર... સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રાપ્તીસ્થાન : લોકમીલાપ ટ્રસ્ટ, પો. બો. ૨૩, ભાવનગર–૩૬૪ ૦૦૧ : lokmilaptrust2000@yahoo.com

@

110 : 15-07-2007

# ગઝલ–ગુલદસ્તો

જયશ્રી વીનુ મર્ચન્ટ 'ભગ્ન'

અનુક્રમણીકા

## ૧.

## ઓસરીએ..

ચાલ, વર્ષો પછી બેસીએ આજે સાથે ઓસરીએ!
વીતેલાં અબોલાનો ઉત્સવ ઉજવીએ, ઓસરીએ.
માછલી બની દરીયામાં ક્યાં તરતાં–રમતાં રહેવું છે?
તારી સાથે જળ વીના તરફડવું છે, બેસી ઓસરીએ.
વાવેલાં હરીત વૃક્ષો સહુ મુળીયાંભેર જ ઉખડી ગયાં!
ખરેલાં પાનનો ખડકલો રહી ગયો હવે ઓસરીએ.
પડું પડું થતી ઘરની ભીંત કે છતનો શો છે ભરોસો?
ઘરનો આભાસ તો બાકી રહેશે, સદાએ ઓસરીએ.
વન–ઉપવનને શહેરોના અજગર ભલેને ગળી ગયા!
બાકી તોયે રહ્યો છે હજુયે તુલસી ક્યારો ઓસરીએ.
'ભગ્ન' સંબંધોની સીલક છે વર્ષો જુના થોડા પત્રો!
વાંચ્યા કરો બેસી હવે, એને, એકાંતની ઓસરીએ.

## ૨.

### ગઝલનો

હું બનીને રદીફ કરી આપું લે, ઉઘાડ ગઝલનો!
તું બનીને જો, બસ એકવાર કાફીયા ગઝલનો!
ગુફ્તેગુ આપણી બની જાય જો પ્રસીદ્ધ ગઝલ,
તું જ કહે, છે એમાં ક્યાં કોઈ કશો વાંક ગઝલનો?
ખુદાની આંગળીએ વળગીને જાણે ચાલતી રહી,
એક વાર બસ, ઝાલી શું લીધો મેં હાથ ગઝલનો!
'માનુની' પછી તો એક પળમાં બસ બની ગઈ હું,
પરખાઈ ગયો એક વાર જેવો 'મીજાજ' ગઝલનો!
આંખ અને હૃદયની વચ્ચે સેતુ તો બંધાઈ ગયો,
દઈ દે હવે એને ટેકો બનાવી થાંભલો, ગઝલનો!
તારી ને મારી વચ્ચે હવે ક્યાં કોઈ પડદો છે, ખુદા?
હું તો માત્ર કાયા, ને છે તું તો પ્રાણ ગઝલનો!
'ભગ્ન' શાયરની બીજી ઓળખ પણ હોય શું?
હતો, છે, રહેશે સદા એ તો આશીક ગઝલનો!

## 3.

### સાવ અમસ્તાં!

વરસાદ નયે આવે, ચાલને, સાથે વરસીએ, સાવ અમસ્તાં..!
મોસમ ભલે બદલે, પણ ન આપણે બદલીએ, સાવ અમસ્તાં..!

ન સજવું, સજાવવું, મહેકવું, મહેકાવવું, ઘર, મંદીર યા બાગમાં,

આપણે તો બસ, ખીલીને, કરમાઈએ સાથે, સાવ અમસ્તાં..!

ક્યાં કોલ માગવા છે કે ક્યાં વચનો તોડવાં છે, આપણે અહીં?

બસ, મુકીને હાથ હાથમાં, ચાલતાં રહીએ, સાવ અમસ્તાં..!

આ ઝરણું, કીરણ, ઘટા, તારા, ફુલ, પહાડો અને આ દરીયો,

અહીં આમ જ બસ, નીરર્થક ફરતાં રહીએ, સાવ અમસ્તાં..!

'ભગ્ન' શ્વાસ બંધ થવા સુધી હસતાં રહીએ, સાવ અમસ્તાં..!

બસ, અમસ્તાં હસતાં હસતાં, જીવતાં રહીએ, સાવ અમસ્તાં..!

૪.

## રહ્યું છે જ ક્યાં?

વાતમાં વાત જેવુંયે બાકી કશું રહ્યું છે જ ક્યાં?

ને કહેવા જેવું તોયે હજુયે કશું કહ્યું છે જ ક્યાં?

મને આંસુઓના સાગરમાં જ ડુબી જવા દો હવે,

તરણાંના આશરા જેવુંયે કશું રહ્યું છે જ ક્યાં?

સરી જતો બંધ મુઠ્ઠીમાંથી, રેતીની જેમ સમય,

બંધ મુઠ્ઠીમાં રાખવા જેવું નસીબ રહ્યું છે જ ક્યાં?

કહે છે કે વળગણો છોડવાથી મોક્ષ મળી જાય છે!

છોડવા જેવું કોઈ વળગણ બાકી રહ્યું છે જ ક્યાં?

જા, તું અને હું, બેઉ હવે તો મુક્ત થઈ ગયાં અંતે,

બંધાઈને રહેવા જેવું કોઈ સગપણ રહ્યું છે જ ક્યાં?

'ભગ્ન' ગઝલોની વાહવાહની ગુંજ છે મહેફીલમાં,
સમજીને ગઝલને ચાહનારું કોઈ રહ્યું છે જ ક્યાં?

## ૫.

## મળશે તો...!

શોધવા નીકળીશ રાહબર અને ખુદ ખુદા મળશે તો?
વીધીના લેખરુપે, સાંગોપાંગ, વીધાતા જ મળશે તો?
સેજ, મેડી, બારી, બારસાખ બધાં અવાચક થઈ જશે,
બનીને ચાંદ, દુલ્હન રુપે, મારી પડખે તું જો મળશે તો?
એક અડપલું અમથું નજરનું કર્યું, ત્યારે હતી શી ખબર?
મારા હાથમાં મહેંદીનાં વનનાં વન, પછી મને મળશે તો?
કસુંબલ આંખોનો કેફ કરતાં પછી મને બીવડાવો નહીં,
વીદાય, વ્યથા અને વેદનાનાં વમળ મને જો મળશે તો..?
જેને અ–ક્ષર રુપે પામવા, જીવનભર બસ, ઝુર્યા જ કર્યું,
'ભગ્ન' કબર પર પછી, એના જ હસ્તાક્ષર મળશે તો?

## ૬.

## જાઉં છું

ન રાખ ઉઘાડાં દ્વાર, તોયે જોને કેમ છટકી જાઉં છું,
કાયા તો રહી જાશે અહીંની અહીં, ને હું ઉડી જાઉં છું!
અવાવરુ ઘરમાં ધરબાયેલી, હું અતીતની ક્ષણ નથી,

ઝરો બનીને ફુટી છું, ને નદી બની ધસમસતી જાઉં છું!
જીવન–મરણનો ફરક ઝાઝો તો સમજાતો નથી, પણ
સુરજ બનીને ઉગી સવારે, તો સાંજના ઢળી જાઉં છું!
લીલભરી સપનાની ધરા પર, સતત લપસતી રહી છું,
પણ ગતીનો આનંદ તો હું, રોમેરોમ ભરીને જાઉં છું!
રોકવા ચાહો મને તોયે પછી, રોકી શકશો નહીં કોઈ,
અખંડ તારો બનીને લો, આભમાં ચમકવા જાઉં છું!

## ૭.

## કોણ પછી?

આ મારી ગઝલો છે કે નહીં, એની પરખ કરશે કોણ પછી?
આપણી વચ્ચેની સૌ ગુફ્તગુ તો જાહેર કરશે કોણ પછી?
મને અળગો રાખીને ન પુછ્યા કર કે આ જુદાઈ કેમ છે?
મીલનની મસ્તીની કદર આપણા જેટલી કરશે કોણ પછી?
ગમે છે સૌ દર્દ પણ સુખ જેટલાં જ મને, એનુંય કારણ છે,
માવજત દુ:ખોની મારા જેવી, મારા વીના કરશે કોણ પછી?
‘ભગ્ન’ જીવનનો ભરોસો પણ રહ્યો નહીં તો શું થઈ ગયું?
ન હોત જો મોત તો ખુદાનો ભરોસો, કહે, કરશે કોણ પછી?

# ૮.

## શું કહું, કોને કહું?

સમજું છું સંપુર્ણપણે એને, કહો, કોને કહું?
હું મુક, અને એ અંધ–બધીર, કહો, કોને કહું?
ઝાકળીયા ઠાલા શબ્દો, મને ડુબાવતા રહ્યા,
છોડી દો મને મારા હાલ પર, કહો, કોને કહું?
ન જાણે કેટલા વરસાદ પીને પામ્યા, લીલાશ,
ઘાસની ક્ષણજીવી કુમાશના રાઝ, કોને કહું?
પ્લાસ્ટીકીયાં હાસ્યોના સતત આ શોર મહીં હું,
હું શોધું છું એક હુંફાળું સ્મીત, કહો, કોને કહું?
'ભગ્ન' ઈમારતને પડવામાં ઝાઝી વાર નથી,
કહી દો હવે, વીચારો નહીં, કે શું કહું, કોને કહું?

–જયશ્રી વીનુ મર્ચન્ટ 'ભગ્ન'–

730- Saltillo Place, Fremont, California-94536-USA

Phone #: 510-209-4920

eMail : JMerchant@mail.cho.org

@

111 : 22-07-2007

# હીંદુ : વીચીત્રતાથી વીશેષતા સુધી...

–ચન્દ્રકાન્ત બક્ષી

અનુક્રમણીકા

હીંદુ વીશેષતાઓ, વીરોધીતાઓ, વીચીત્રતાઓ વીશે તટસ્થ અને સંતુલીત પૃથક્કરણ કરવું અઘરું છે; કારણ કે સંસ્કૃતીની પાછળ હજારો વર્ષોની ઉત્ક્રાંતી છે. સભ્યતા કે સંસ્કાર એ સંસ્કૃતીના ઉદ્ભમ પછી આવે છે. સભ્યતાની જુદી જુદી વ્યાખ્યાઓ પ્રજાઓની રસરુચી પ્રમાણે આવતી રહી છે. એક સુફી ચીંતકે કહ્યું કે અગરબત્તીની જેમ જલી ગયા પછીની સુવાસ એ સભ્યતા છે. ઓસવાલ્ડ સ્પેંગ્લરનું વીધાન હતું કે સંસ્કૃતી જંગલમાં ફાટેલું જંગલી ફુલ છે; સભ્યતા મારા કુંડામાં ઉગાડેલું મારું ફુલ છે. સંસ્કાર અને સભ્યતા નીકટવર્તી શબ્દ છે. હીંદુ સંસ્કૃતી, સંસ્કાર, સભ્યતામાં સારું શું હતું, ખરાબ શું હતું?

રાજ કપુરની એક ફીલ્મમાં એક વાક્ય આવતું હતું, આ દેશમાં ભીખારીને પૈસા ન આપનાર માણસ પણ કહે છે : માફ કરો! પૈસા ન આપી શકવા માટે મને માફ કરો! કોઈ પ્રજા પાસે આટલી શાલીન ભાષા નથી. વેશ્યા પણ મંદીરમાં પ્રવેશ કરતી વખતે માથે ઓઢી લે છે. પુસ્તકને પગ અડી જાય તો નમસ્કાર કરી લેવાય છે. બહાર ચપ્પલ કાઢવામાં આવે છે. હીંદુ

સંસ્કારધારામાં અલગ–અલગ શબ્દો અને વીધીઓ છે. નાનો માણસ મોટાની ‘પ્રશંસા’ કરે છે, અને મોટો માણસ નાનાની તારીફ કરે તેને માટે ‘શંસા’ શબ્દ છે. સ્ત્રીની ચામડી માટે સંસ્કૃત શબ્દ ‘ત્વચા’ છે; પણ પુરુષની ચામડી માટે જે શબ્દ વપરાયો છે એ છે ‘ત્વક્’! નાનાને ‘આશીર્વાદ’ અપાય છે, સમાનને ‘નમસ્કાર’ થાય છે, મોટાને ‘પ્રણામ’ કરાય છે. પણ નમસ્કાર શબ્દ બહુ વ્યાપક છે, અને એની મુદ્રાઓ ભરતનાટ્યમ્ નૃત્યમાં અંજલીહસ્તમ્ ક્રીયા તરીકે દક્ષીણ ભારતમાં પ્રસીદ્ધ છે. મીત્ર માટે છાતી સામે બે હાથ જોડીને નમસ્કાર થાય છે, ગુરુને નમસ્કાર કરવા હોય તો આંખોની સામે હાથ જોડાય છે અને આશય એ હોય છે કે ગુરુની આંખોમાં આંખો નાખીને જોવાતું નથી અને ભગવાનને નમસ્કાર માથાની ઉપર બે હાથ જોડીને થાય છે. નમસ્કાર બહુ આયામી છે. નમસ્કારની જેમ જ તીલક કરવાના પણ નીયમો હોય છે. સૌથી નાની આંગળી, કનીષ્ટીકાથી બહેન ભાઈને રક્ષાબંધન સમયે તીલક કરે છે. ત્રીજી આંગળી અનામીકાથી ભગવાનની મુર્તીને તીલક થાય છે. પ્રથમ આંગળી તર્જની છે, જેના દ્વારા શ્રાદ્ધનું તીલક થાય છે. અંગુઠાથી પતીને કે વીરને તીલક થાય છે. સૌથી મોટી બીજી આંગળી મધ્યમા છે, જે સૌથી લાંબી છે.

આજે આપણા સાધુબાવાઓ પ્રશ્નોથી દુર ભાગે છે; પણ પુરો હીંદુ ધર્મ પ્રશ્ન અને ઉત્તર પર આધારીત છે. શ્રીમદ્

ભગવદ્ગીતામાં અર્જુનના પ્રશ્નો છે અને શ્રી ભગવાનના ઉત્તરો છે. મહાભારતમાં વીદુરનીતી પ્રશ્નો છે. દ્રૌપદી દ્યુતસભામાં પ્રશ્ન કરે છે, યક્ષ યુધીષ્ઠીરને પ્રશ્નો પુછે છે. શ્રીમદ્ ભાગવતમાં શીષ્યોના પ્રશ્નો છે. ઉપનીષદમાં પશ્નો જ પશ્નો છે, અને એક ઉપનીષદનું નામ છે : પશ્નોપનીષદ! બુદ્ધ શીષ્યોના પશ્નોના ઉત્તરો મઝ્મીનીકાયમાં આપે છે. પશ્નો સંશયને સપાટી પર લાવે છે, અને ઉત્તર સંશયનું નીરસન કરે છે. પશ્નો, વાદ–પ્રતીવાદ, તર્ક–વીતર્કના કાળમાં હીંદુત્વ એની બૌદ્ધીક ઉચ્ચતમ સીમા પર પહોંચી ગયો હતો. પશ્નો પુછાતા બંધ થયા, નવા વીચારો આવતા બંધ થયા અને હીંદુત્વમાં જડતા અને મુઢતા પ્રવેશતાં ગયાં. નકારાત્મક–સંરક્ષણાત્મક ભાવ, વાયરસની જેમ ઉતરતો ગયો, હીંદુઓ હારતા ગયા અને એમને પરાજયબોધમાંથી ભક્તીનો મહીમા સમજાતો ગયો. હીંદુ પુરુષાર્થમાંથી હટીને પ્રાક્તનનું શરણ લેવા લાગ્યા. બુદ્ધીમાન ચીંતકો આપણી ઉણપો, કમીઓ, વીચીત્રતાઓનો અભ્યાસ કરવા લાગ્યા. આપણાથી દસમા ભાગની સંખ્યાવાળા આક્રમકો શા માટે આપણને ઈતીહાસમાં હરાવતા ગયા? હીંદુ સૈનીકો બગદાદ કે દમાસ્કસ જીતવા ગયા નથી..! અને અહીંસા પરમો ધર્મ રટતા રહેવાથી આક્રમકોનો પ્રતીકાર થઈ શકતો નથી. શાસ્ત્ર કે શસ્ત્ર, ભક્તી કે શક્તી, જેવા પ્રશ્નો ફોકસમાં આવી ગયા.

આપણા ઈતીહાસમાં ઈતીહાસબોધની દૃષ્ટી બહુ ઓછી છે, અને યુદ્ધશાસ્ત્ર તો લગભગ ગાયબ છે. મહાભારતનું યુદ્ધ છે, એ યુદ્ધરચના પણ છે; પણ એ વખતે કે પછી રેખાંકનો કદાચ ન હતા અથવા એમને મહત્ત્વ અપાયું નથી. આપણા ઈતીહાસમાં યુદ્ધના નકશાઓ નથી. પોરસથી પાણીપતનાં ત્રીજા યુદ્ધ સુધી, એટલે કે લગભગ બે હજાર વર્ષો સુધી, યુદ્ધમાં હાથી વપરાતા રહ્યા.

ઘોડાઓનું મહત્ત્વ પ્રમાણમાં ઓછું રહ્યું છે. મહારાણા પ્રતાપ અને શીવાજી અને ૧૯મી સદીમાં રાણી લક્ષ્મીબાઈના કાળમાં ઘોડો ફોકસમાં આવે છે. હાથીને કારણે આપણે હારતા રહ્યા એવું એક અનુમાન છે. ઘોડા આપણા રાજાઓ આરબ સૌદાગરો પાસેથી ખરીદતા રહ્યા; પણ અશ્વઉછેરનાં ફાર્મ ન બનાવ્યાં, જ્યાં યુદ્ધ માટેના જરુરી ઘોડા ઉછેરીને તાલીમ આપી શકાય. સમયનાં પરીબળોને સમજ્યા વીના અને આપણું જ ઉત્તમ અને શ્રેષ્ઠ છે એવી ઘમંડી ભાવના આપણી અવગતી માટે પ્રધાનતઃ જવાબદાર રહી છે. સીકંદર રાત્રે ઝેલમ નદી ઓળંગીને રાતના અંધકારમાં પાછળથી ત્રાટક્યો હતો. મહંમદ ઘોરીએ તઘલમા વ્યુહ પ્રમાણે ફરીને પાછળથી આક્રમણ કરીને ચૌહાણની સેનાનો ખુર્દો બોલાવ્યો હતો. અફઘાનો આવ્યા અને ઉંચાં ઉંટો ઉપર આતશબાઝ આગ ફેંકતા રહ્યા, જે સામેની સેનાનાં જાનવરોને ભડકાવવા માટે અને સૈન્યને તહસનહસ

કરવા માટે પર્યાપ્ત હતું. આપણે શ્રેષ્ઠ બાણાવળીઓ હતા; પણ આપણે રૉકેટરી કે અગન ગોળા ફેંકવાની કલાને કેમ વીકસાવી નહીં? મુઘલ બાબર સર્વ પ્રથમ તોપ લાવ્યો, જેમાં બારુદ ભરીને ફોડવામાં આવતી હતી. એણે તોપોને એકસાથે બાંધી રાખી હતી કે જેથી પોતાના સૈન્યમાં અરાજકતા ન ફેલાઈ જાય. મહમ્મદ ગઝની રણમાંથી પસાર થઈને સોમનાથ સુધી આવ્યો હતો, માર્ગમાં કુવાઓમાં ઝેર નાખવામાં આવ્યું હતું; પણ એ ઉંટો પર તરબુચ લાદીને આવ્યો હતો. તરબુચોને સહારે લશ્કર રણ પાર કરી ગયું અને પાણીની તકલીફ પડી નહીં. પોર્ટુગીઝ આલ્બુકર્ક મનવારો પર તોપો ફીટ કરીને આવ્યો હતો અને સમુદ્ર પરથી ગોળા વરસાવતો કુચ કરી ગયો હતો. અંગ્રેજ કંપનીનો રૉબર્ટ ક્લાઈવ જમીન માર્ગે અને વૉટ્સન સમુદ્ર માર્ગે દ્વીપાંખી આશ્ચર્ય–આક્રમણ કરીને નવાબની ગંજાવર સેનાને હરાવી ગયા અને પછી એ જ યુદ્ધનીતી પ્રમાણે સરપ્રાઈઝ આક્રમણથી હીન્દુસ્તાન જીતતા ગયા. અહમદ શાહ અબ્દાલીએ પાણીપતના ત્રીજા યુદ્ધ પુર્વે દુરથી મરાઠા છાવણીમાં રાત્રે સેંકડો આગના ટુકડાઓ(ચુલાઓ) જલતા જોયા અને એ ગભરાઈ ગયો. એણે પુછ્યું કે, યુદ્ધની આ કઈ તૈયારી ચાલી રહી છે? ઉત્તર મળ્યો કે, હીન્દુ સૈનીકો પોતપોતાની અલગઅલગ રસોઈ પકાવી રહ્યા છે. અબ્દાલીએ કહ્યું : હવે વાંધો નથી. જે લોકો સાથે રોટી પણ તોડી શકતા નથી એમને હરાવવા અઘરું નથી!

૧૮૫૭માં દીલ્હીની અંગ્રેજ કંપનીના બે જવાન સીગ્નલર્સ બે છોકરાઓએ અંબાલા ટૅલીગ્રાફ સંદેશો મોકલ્યો કે અહીં બળવો શરુ થઈ ગયો છે અને અંગ્રેજ કંપની સતર્ક થઈ ગઈ. ચારે તરફથી ફૌજી કુમકોની આવાજાહી વધી ગઈ. ડેલહાઉઝી ચાર વર્ષ પહેલાં જ હીંદુસ્તાનમાં ટૅલીગ્રાફ લાવ્યો હતો. આ બે સીગ્નલર્સ છોકરાઓ મરી ગયા; પણ એમણે અંગ્રેજ કંપનીને બચાવી લીધી. એ દીવસોમાં પણ આપણે હજી ઢાલ–તરવાર યુગમાં હતા! ઈતીહાસ વીશે એક પ્રખ્યાત વાક્ય છે જે આપણા દેશને બરાબર લાગુ પડે છે : 'ઈતીહાસ પાસેથી આપણે એક જ વસ્તુ શીખીએ છીએ કે, આપણે ઈતીહાસ પાસેથી કંઈ જ શીખતા નથી...'

જ્યારે ૨૫ કરોડ આરબો, ૨૫ લાખ ઈઝરાયેલીથી હારી ગયા ત્યારે આરબ બૌદ્ધીકોમાં એક ઉગ્ર ચર્ચા જાગી હતી : આપણામાં શી ક્ષતીઓ હતી કે આપણે હારી ગયા? એ ક્ષતીઓ શોધો અને દુર કરો. આત્મગૌરવ એની જગ્યાએ છે અને લોહીલુહાણ યથાર્થ એની જગ્યાએ છે. આપણે તરત બદલાતા નથી, નવીનતા સ્વીકારતાં સંકોચ થાય છે. વૈજ્ઞાનીક–આધુનીક અભીગમ નથી, પરીવર્તન કે મૌલીક વીચારને અનુમોદન આપતા નથી. લાડુ હજારો વર્ષોથી ગોળ છે, રોટલી સેંકડો વર્ષોથી વર્તુળાકાર છે, સાફ કરવાના અડધીયા ઝાડુનો આકાર બદલતા નથી, જે ઝાડુએ ઝુકેલા 'શુદ્ર'ની કમર તોડી નાખી છે.

મીકેનીક્સ, તંત્રજ્ઞાન, એપ્લીકેશનનો ઉપયોગ કરીને કે પ્રયોગ કરીને મહેનતકશ માણસને ઓછી મહેનત પડે એ વીશે વીચારતા નથી. રૅકર્ડ રાખતા નથી, ઐતીહાસીક દૃષ્ટી નથી, અમુર્ત કે આભાસીનું, મુર્ત કે વાસ્તવ કરતાં વધારે આકર્ષણ છે. નવી ટૅક્નોલૉજી ફાવતી નથી; કારણ કે એમાં વધારે શીસ્ત જોઈએ છે. સ્વચ્છતા અને શીસ્ત આપણાં લક્ષણો નથી. આપણાં બધાં જ વસ્ત્રો સીવ્યા વીનાના સીધા ટુકડાઓ હતાં : ધોતી, સાડી, પાઘડી, સાફો, ફેંટો, લુંગી, અંગવસ્ત્ર, ઉપવસ્ત્ર, ખેસ, ચાદર, કંચુકી આદી. સીવવાનું કેમ આપણે ત્યાં મોડું આવ્યું? શતરંજની રમત લખવાની કોઈ પદ્ધતી નહોતી, સંગીતની સ્વરલીપી પશ્ચીમમાં લખાય છે, બીથોવન અને બ્રાઝ અને લીટ્સ કેવી રીતે વગાડતા હતા એની સાબીતી છે, તાનસેન કેવી રીતે ગાતા હતા એ આપણને ખબર નથી. કુસ્તીમાં તાકાત નહીં; પણ દાવપેચનું પણ પ્રાધાન્ય છે, ક્રીકેટમાં આપણે સ્પીનીંગ માહીર છીએ, હૉકીમાં આપણું પ્રભુત્વ ડ્રીબલીંગમાં છે, ૫000 કીલોમીટર હીંદુસ્તાનનો દરીયાકીનારો છે અને ગુજરાત પાસે દેશનો ત્રીજા ભાગનો દરીયાકીનારો છે–લગભગ ૧૬૬૦ કીલોમીટરનો; પણ આજ સુધી આંતરરાષ્ટ્રીય નહીં; પણ રાષ્ટ્રીય કક્ષાનો પણ એક પણ તૈરાક આપણે તૈયાર કર્યો નથી.

કદાચ આ ઉણપો નથી; પણ વીચીત્રતાઓ જરુર છે. અને વીચીત્રતાઓને કદાચ વીશેષતાઓના રુપે પણ આપણે

જોઈએ છીએ. આપણે ત્યાં ઉપવાસ છે, આપઘાત નથી. આપણને બ્રહ્માંડના ૨૭ નક્ષત્રોની ગતીવીધીઓની ખબર છે, પુરા આકાશનો નકશો આપણે જ્યોતીષમાં ઢાળી શકીએ છીએ; પણ પાવાગઢની ઉંચાઈ કે નર્મદાની પ્રવાહગતી કે આપણા ગામનો નકશો નથી. સુર્યવંશી કે ચંદ્રવંશી ૭૦ પેઢીઓનું વંશવૃક્ષ છે; પણ માતાપીતાની લગ્નતારીખ કે દાદાની મૃત્યુતીથી આપણને ખબર નથી. આપણા પુર્વજોનાં પાંચ–છ પેઢીઓનાં નામો સુધી જઈને આપણું જ્ઞાન અટકી જાય છે. ગાંધીજી વીશે સેંકડો પુસ્તકો પ્રકટ થયાં છે; પણ ગાંધીજી કેટલા ફીટ કેટલા ઈંચ ઉંચા હતા અથવા એમનાં ચશ્માંના નંબર કેટલા હતા અથવા એમનું વજન કેટલું હતું અથવા એમના ચપ્પલની સાઈઝ શી હતી એ વીશે આપણું અજ્ઞાન સંપુર્ણ છે.

આપણાં મંદીરો પર શીલ્પીનું નામ નથી, શેઠનું નામ છે. કોણે બંધાવ્યું એ છે; પણ કોણે બાંધ્યું એ નથી. કવીતા શીષ્યે લખી હોય, નામ ગુરુનું મુકી દીધું હોય. સમુદ્ર છે, સમુદ્રનું સાહીત્ય બહુ નથી. ચીત્રમાં વૃક્ષ છે જે ઓળખાતું નથી; પણ ચીનમાં ચીત્રનું વૃક્ષ વાંસ છે કે ક્રીસેન્થમન છે કે પ્રોમેગ્રેનેટ છે, એ તરત ખબર પડી જાય છે. આપણે ત્યાં માત્ર વૃક્ષ દેખાય છે. સંસ્કૃતમાં દ્વીવચન છે, પ્રાકૃતમાં દ્વીવચન નથી. સંસ્કૃત નાટકમાં પુરુષ સંસ્કૃત બોલે છે, સ્ત્રી પ્રાકૃતમાં બોલે છે; પણ ગણીકા સંસ્કૃતમાં બોલે છે. ટ્રેજેડી આપણે ત્યાં હતી, એવું વીદ્વાનો માને

છે; કારણ કે સ્ત્રીને મંચન સમયે આવી જતી ‘મુર્છા’ ટ્રેજેડીને રોકતી હતી. આ વીચીત્રતાઓ કરતાં વીશેષતાઓ વધારે છે. દરેક પ્રજાની પાછળ ઈતીહાસથી માંડી ભુગોળ સુધી સેંકડો પરીબળો કામ કરતાં હોય છે.

અને એક દીવસ એવો આવે છે જ્યારે વીચીત્રતાઓ અને વીશેષતાઓ વચ્ચેની ભેદરેખા ભુંસાવા માંડે છે. માટે જ પાંચ હજાર વર્ષોથી આપણી હીંદુ સંસ્કૃતી ટકી છે, સ્વસ્થ રહી છે, સમર્થ બની છે.

## ક્લોઝ અપ

જર્મન પ્રજા લડાકુ રાષ્ટ્ર નથી; પણ સૈનીક રાષ્ટ્ર છે. એનો અર્થ એ છે કે એને યુદ્ધ જોઈતું નથી; પણ એનાથી ડરતું પણ નથી. એને શાંતી પ્રીય છે; પણ એને પોતાની પ્રતીષ્ઠા અને સ્વાતંત્ર્ય પણ પ્રીય છે.

♦ એડોલ્ફ હીટલર –(‘અવેકન ધ જાયન્ટ વીધીન’ : એન્થની રોબીન્સ : પૃષ્ઠ ૨૨૩)

–ચન્દ્રકાન્ત બક્ષી

રવીવાર તા. ૩૦ ઓક્ટોબર ૨૦૦૫ના ‘દીવ્ય ભાસ્કર’ દૈનીકની રવીવારીય પુર્તી ‘રસરંગ’માંથી સાભાર...

♦●♦

## યજમાન–વાક્ય અને મહેમાન–વાક્યને સમજીએ, અપનાવીએ

તમે તાલુકાના ગામમાં રહેતા હો, કોઈ વ્યાવહારીક પ્રસંગે મોટા શહેરમાં જવાનું હોય, જેને ઘરે થેલી મુકવાની હતી તેને સમયસર સમાચાર મળે તેવા પ્રયત્ન પણ કરેલા. રેલગાડીના સમય એવા હતા કે બપોરે દોઢ વાગ્યે તેમના ઘરે પહોંચ્યાં. તમે બે જણ હતાં. સવારે વહેલાં નીકળ્યાં હતાં એટલે માત્ર દુધ પીધું હતું. હવે અત્યારે કકડીને ભુખ લાગી હતી.

સામે પક્ષે યજમાનને સમાચાર મળ્યા જ ન હતા અને એમના ઘરમાં ખાનારા ચાર જણ હતાં. રસોડું આટોપી લીધું હતું. બપોરનો સમય એટલે કામથી પરવારી આડે પડખે થવામાં હતાં. ત્યાં તમે પહોંચ્યાં એટલે આવકાર આપી ઠંડું પાણી આપતાં સાથે કહે કે, ‘રસોઈ માંડી દઉં. હમણાં જ આ ઘડીએ તૈયાર થઈ જશે. તમે હાથ–મોં ધોઈ પરવારો ત્યાં જમવાનું તૈયાર થઈ જશે.’ –આ યજમાન–વાક્યો છે.

તમે એમ કહેશો કે, ‘હા, શીરો બનાવી દ્યો. જલદી તૈયાર થઈ જશે. ઝાઝી વાર પણ ન લાગે. વસ્તુય સારી લાગે.’

–કે પછી એમ કહેશો કે, ‘ના, ના, એવી તરખટ નહીં કરશો. ચા મુકી દ્યો. ખાખરા આપો એટલે બરાબર થઈ રહેશે.’

શું કહેશો? કેમ કે તમે બોલશો તે મહેમાન–વાક્ય છે. તમારો વીવેકનો દીવો એટલો પ્રકાશ આપે છે કે આપણાથી આ બોલાય અને આ ન બોલાય 1

આ વાત જો જીવનનાં બધાં જ ક્ષેત્રમાં સમજી લઈએ અને સ્વીકારી લઈએ તો જીવનનાં ઘણાં બધાં દુખો અને આફતો શમી જાય.

ગરબડ અહીંથી જ થાય છે. જે વસ્તુનું પરીર્વતન આપણા હાથમાં નથી ત્યાં જ આપણે થુંક ઉડાડીને જાતજાતની સલાહ આપવા ઉત્સુક બની જઈએ છીએ, આ લગામ જો મગજમાં હોય તો વાણીમાં કાબુ આવી જાય, જે બોલાય તે સમજપુર્વકનું જ બોલાય.

– આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સુરીજી મહારાજ સાહેબ

સુરતથી પ્રકાશીત માસીક, ‘પાઠશાળા’ના જુલાઈ ૨૦૦૬ના ૬૦મા અંકમાંથી સાભાર..

સંપાદક–પ્રકાશક : રમેશ શાહ, સુરત ઈ–મેઈલ : shahrameshb@gmail.com

@

112 : 29-07-2007

# અલગારી રખડપટ્ટી

..લંડનમાં..

–રસીક ઝવેરી

અનુક્રમણીકા

હું (લંડન) પહોંચ્યો તે દીવસે મોસમ ખુશનુમા હતી. મારા પલંગ પર ચાર બ્લેન્કેટ્સ પાથરી ભાનુ(દીકરી)એ બીછાનું તૈયાર કરી રાખેલું. મેં કહ્યું, ‘આટલા બધા બ્લેન્કેટ્સને શું કરવા છે? એક બસ થશે. ઠંડી તો નથી લાગતી.’ ભાનુ કહે ‘લાગશે, રાત્રે જરૂર પડશે.’ મેં તો બ્લેન્કેટ્સ સંકેલી મુક્યા અને મારી સાલ ઓઢીને સુતો. રાત સરકતી ગઈ એમ ટાઢ ઓરડામાં પેસતી ગઈ. હું ધીમે ધીમે એક પછી એક કામળો ઓઢતો ગયો. પરોઢ સુધીમાં તો સ્વેટર પણ પહેરી લેવું પડયું! એ વરસની ‘સમર’ ખુબ ટાઢી રહી. રહ્યો ત્યાં લગી ઠંડી સારી એવી વરતાણી.

રાત્રે જ આનંદે(જમાઈ) કહ્યું, ‘અમે બન્ને સવારે સાડા આઠે કામ પર લંડન પહોંચવા નીકળી જઈએ છીએ. સાંજે સાડા છએ છુટીશું. તમેયે કારમાં સાથે ચાલજો. આઠ વાગ્યે નાસ્તો પતાવી તૈયાર રહેવું પડશે.’

સવારે વહેલો ઉઠ્યો. મને વર્ષોથી ઠંડે પાણીએ જ નાહવાની ટેવ. લંડનમાં એ આદત પહેલે દીવસે જ છુટી ગઈ. નળમાંથી પાણી નીકળ્યું એ જાણે બરફપાણી જોઈ લ્યો. શરીર પર રેડ્યું ને આખે ડીલે ખાલી ચડી ગઈ. એ પછી શીતસ્નાનનો પ્રયોગ લંડનમાં ફરી કર્યો નથી.

મારી રાતની ઠંડીનો અનુભવ સાંભળી આનંદ કહે, ‘ભાઈ, સૌથી પહેલું કામ તમારે માટે ગરમ કપડાં ખરીદવાનું, મારાં સુટ અને પુલોવર તમે પહેરી જુઓ. જો આવી રહે તો આજ પુરતું કામ ચાલે.’ પાંચ વરસમાં આનંદે ઠીકઠીક ગજું કરેલું એટલે એનાં કપડાં મને ઢીલાં પડ્યાં. એ કહે, ‘ મારા આગળના સુટ એમને એમ પડ્યા છે, એ કદાચ તમને ફાવે.’ અને મને એ ફાવ્યા. એટલે નવાં કપડાં ખરીદવાનો વીચાર જ મેં મોકુફ  રખાવ્યો . કારણ કે એ કપડાં એટલાં ગરમ કે પછી મુંબઈ માટે સાવ નકામાં. અંગ્રેજો ઘરઆંગણે ટાઈ શું કામ પહેરે છે એ મને ત્યાંની ઠંડીમાં ત્યારે જ સમજાયું. અને મુંબઈમાં ફેશનપરસ્તો ટાઈ શા માટે પહેરે છે તે હજી નથી સમજાતું!

ગરમ કપડાંમાં સજ્જ થઈ, શાવરપ્રૂફ ઓવરકોટ સાથે રાખીને નીકળ્યા લંડન જવા. ત્યાં પહોંચ્યા સવાનવે. બંને જણ ઓક્સફર્ડ સ્ટ્રીટમાં કામ કરે. મને આનંદે ત્યાં બી. એન્ડ એચ. (બોર્ન એન્ડ હોલીંગવર્થ)ના પ્રખ્યાત સ્ટોર પાસે ઉતાર્યો. લંડનનો નકશો આપી ભાનુ કહે, ‘ભાઈ, જ્યાં હો ત્યાંથી બરાબર

એક વાગ્યે અહીં, આ સ્ટોર પાસે આવી રહેજો. આપણે લંચ લેવા સાથે જઈશું, ત્યાં સુધી અહીંથી પીકેડેલી લગણ ફરો અને બધું જુઓ. પગપાળા ફરવાથી જ લંડન જોવાની ખરી મઝા પડશે. ધેટ ઈઝ ધ બેસ્ટ વે ટુ સી લંડન! ભુલા પડો તો અહીંના કોઈ પણ પોલીસને પુછજો. એ બધું સમજાવશે. આ બી. એન્ડ એચ. સ્ટોર બહુ જાણીતો છે. જ્યાં હો ત્યાંથી બરાબર એક વાગ્યે અહીં આવી મળજો.' લંડનમાં તમારી કાર હોય તો પણ ગાડી પાર્ક કરવાની મુસીબત ભારેની. સારે નસીબે આનંદની ઓફીસ તરફથી એ માટેની પોતીકી વ્યવસ્થા હતી. લંડન પગપાળા જોવાનો ઉત્તમ માર્ગ ચીંધી દીકરી–જમાઈ તો ઉપડી ગયાં પોતપોતાને કામે અને એમની શીખામણ માની મેં માંડ્યું હેંડવા.

ઓક્સફર્ડ સ્ટ્રીટ એટલે લંડનનું મોટામાં મોટું ‘શૉપીંગ સેન્ટર’. દુકાનોની કતાર લાગી ગઈ છે ત્યાં. હારબંધ કાચમઢી ‘શો–વીન્ડો’માં તરેહવાર ચીજો આકર્ષક રીતે સજાવેલી. જોતાં આંખ અને અંતર ધરાય જ નહીં. હું તો ઓક્સફર્ડ સ્ટ્રીટ, રીજંટ સ્ટ્રીટ, બોન્ડ સ્ટ્રીટ વટાવતાં પહોંચી ગયો ઠેઠ પીકેડેલી સુધી. ઠંડી સારી હતી; પણ ઓવરકોટ ચડાવેલો અટલે વસમું નહોતું લાગતું. ઉલટી તાજગી વરતાતી હતી. આટલી પદયાત્રામાં ‘વીન્ડો– શૉપીંગ’ કરતાં કરતાં સમય ક્યાં ઓસરી ગયો તેનો ખ્યાલ ન રહ્યો. ઘડીયાળમાં જોઉં તો સાડાબાર થયેલા. એક વાગ્યે તો ગમે તે રીતે ઓક્સફર્ડ સ્ટ્રીટ પહોંચવાનું હતું. બસના

રુટની ચોક્કસ માહીતી નહીં. લંડનનો નકશો ઉકેલીને જોયું તો ઓક્સફર્ડ સ્ટ્રીટ પીકેડેલીથી કંઈ બહુ દુર ન લાગી.

મેં એક પોલીસદાદાનું શરણ શોધ્યું. નેવીબ્લ્યુ યુનીફોર્મ અને માથે મોટો લોખંડી ટોપો ચડાવેલો, ઠાવકો, વીનયવીવેકી, મોં ઉંચું કરીને વાત કરવી પડે એટલો–પુરા સવા છ ફુટ ઉંચો, કદાવર.

એવી કહેતી છે કે લંડનનો પોલીસ એટલે એ શહેર પુરતો ‘સર્વજ્ઞ’. તમે કોઈ ગુનો કર્યો હોય તો એના જેવો તમારો કોઈ દુશ્મન નહીં; અને જો તમે કશી ભીડમાં હો તો એના જેવો મદદગાર મીત્ર દુનીયાભરમાં શોધ્યો ન જડે. એનું લાડકું નામ ‘બોબી’. યુરોપયાત્રા દરમીયાન એનો જોટો બીજે ક્યાંય ન ભાળ્યો.

મેં અને કહ્યું, ‘ઓક્સ્ક્યુઝ મી, ઓફીસર! મારે ઓક્સફર્ડ સ્ક્વેરમાં બી. એન્ડ એચ. સ્ટોર પાસે જવું છે. પ્લીઝ, મને રસ્તો ચીંધશો?’

એ કહે, ‘આઈ એમ સૉરી, સર! પણ તમારી કંઈક સમજફેર લાગે છે. અહીં, ઓક્સફર્ડ સ્ક્વેર જેવી કોઈ જગ્યા નથી. અને બી. એન્ડ એચ. નામનો કોઈ જાણીતો સ્ટોર નથી. કદાચ તમે ઓક્સ્ફર્ડ સ્ટ્રીટમાં બી. એન્ડ એચ. સ્ટોર પાસે જવા ઈચ્છતા હશો.’

ખરે જ, નામ કહેવામાં ભાંગરો વટાઈ ગયેલો. મેં કહ્યું, 'બરાબર છે. મારી જ ભુલ. હવે ત્યાં કેમ પહોંચવું તે ચીંધો.' એ તો રેતીની ભઠ્ઠીમાં ધાણી ફુટે તેમ માંડ્યો ફટાફટ બોલવા, 'ગો સ્ટ્રેટ, ફર્સ્ટ ટ્રાફીક લાઈટ, ટર્ન ટુ રાઈટ, ધેન સેકન્ડ લેફ્ટ, ધેન...'

એક તો બોલે મીનીટના સો શબ્દની ઝડપે અને એમાં એના ગામઠી ઉચ્ચાર મને ઉકલે નહીં. એક હરફ સમજ્યો હોઉં તો ખુદાકસમ! હું તો મોં વકાસીને સાંભળી રહ્યો. પોપટવાણી પુરી કરી એણે પુછયું, 'સમજ્યા? ઈઝ ઈટ ક્લીયર, સર?' પણ સર કંઈ સમજ્યા હોય તો બોલે ને! કોઈ શુદ્ધ ગુજરાતી જાણનાર અંગ્રેજને આપણે કહીએ, 'પે'લા જમણી ગમ, પછી ડાબી ગમ ને પછી નાકની દાંડીએ સીધોસટ હાલ્યો જજે, ને ન્યાંકણે પાછો ડાબી ગમ વળજે.' અને એ કંઈ ન સમજે, એના જેવો મારો ઘાટ હતો.

મેં વીચાર્યું, જો શરમાશરમીમાં હા ભણી તો બાર વાગી જશે. એટલે એને સરળતાથી સમજાવ્યું, 'ભલા ભાઈ! તું બોલ્યો એમાંનો હરફ હું સમજ્યો નથી. અને સમજ્યો હોત તોયે તું એટલી ઝડપથી બોલ્યો કે મને કશું યાદ ન રહેત. લંડનમાં આ મારો પહેલો દીવસ છે. હું રસ્તાનો સાવ અજાણ્યો છું.'

એ કહે, 'તમારી મુશ્કેલી હું સમજી શકું છું.' પછી એક કાગળ ઉપર નકશો દોરી, કેમ ક્યાં પહોંચવું તે બતાવ્યું. ' હવે તો સમજ્યા ને?'

મેં કહ્યું, 'નકશો તો મારી પાસેય છે; પણ નકશો જોઈ ઝડપથી રસ્તો ખોળવાની ફાવટ હજી મને નથી. મારે બરાબર એક વાગ્યે આ મુકામે પહોંચવું જ જોઈએ. લંચ માટે મારી દીકરી ત્યાં આગળ મારી રાહ જોવાની છે. હું નહીં પહોંચું તો એ ફીકર કરશે.જા

એ હસી પડ્યો. પછી ચુપચાપ મારું બાવડું પકડી મંડ્યો મારી ભેળો ચાલવા. ચાલે એટલો ઝડપથી કે મારે એની પાછળ ઢસડાવું પડે. પંદરેક મીનીટ મને આમ દોરી અંતે એ થોભ્યો. કહે, 'જુઓ, આ છે ઓક્સ્ફર્ડ સ્ટ્રીટ, સામે દેખાય તે છે બી. એન્ડ એચ. સ્ટોર અને પેલા થાંભલા પાસે સાડી પહેરેલાં તમારાં દીકરી જ રાહ જોતાં લાગે છે. હવે તો મુશ્કેલી નથી ને!'

લંડનની પોલીસ સાથેના બીજાયે બેત્રણ હૈયે વસી ગયેલા પ્રસંગો અહીં જ ઉમેરી લઉં.

એક દીવસ ખુબ ઘેરું ધુમ્મસ–સ્મોગ છવાઈ ગયેલું. રસ્તાની કે દીશાની ગમ ના પડે એટલો અંધકાર, મેં માંડ કરીને એક પોલીસને ફુટપાથ પર ખોળી કાઢ્યો અને કહ્યું, 'ઓફીસર, મને કંઈ સ્પષ્ટ દેખાતું નથી, તમે મને રસ્તો ક્રોસ કરવામાં સહાય કરશો?' એ કહે, 'સર, ડુ યુ થીંક, આઈ કેન સી

એનીથીંગ?' મનેયે કશું દેખાતું નથી; પણ ચાલો, આપણે સાથે મળીને મુસીબતનો સામનો કરીએ. 'લેટ અસ ફેઈસ ધ ક્રાઈસીસ ટુગેધર!'

પછી ખુબ સ્વસ્થતાથી અને સહૃદયતાથી એણે મારો હાથ પકડી મને સામી ફુટપાથ પર પહોંચાડ્યો. વાટમાં એ બોલ્યો, 'ઓન્લી એ બ્લાઈન્ડ મૅન કેન સી ઈન ધીસ સ્મોગ.' આવા અંધારામાં તો આંધળો માણસ જ સ્વસ્થતાથી રસ્તો શોધી શકે. એ આટલું બોલ્યો અને એક ચોટદાર કથાવસ્તુ મારા અંતરમાં ગોઠવાઈ ગયું; જેમાંથી પછી 'એક અંધારી રાત'ની અંધ–ભોમીયાની સરસ ટુંકી વાર્તા લખાઈ.

ભાનુએ વાતવાતમાં કહેલું, 'ભાઈ, જો કોઈ અણધારી ભીડ પડે તો પોલીસ તમને એક પાઉન્ડ સુધીની રોકડ સહાય પણ કરશે. એની એ ફરજ ગણાય.' એક વાર ખાતરી કરવા એક 'બોબી'ને કહ્યું, 'મારું પાકીટ ઘરે ભુલી ગયો છું અથવા ક્યાંક પડી ગયું લાગે છે. મારી દીકરીએ કહ્યું છે કે સંકટમાં તમે મને રોકડ મદદ પણ કરશો; એટલે પુછું કે એ વાત ખરી છે?'

એ કહે, 'અલબત્ત ખરી છે. પણ દુર્ભાગ્યે મારી પાસે રોકડ રકમ કંઈ છે જ નહીં. તમે થોભો તો હું ક્યાંકથી લાવી આપું.' પછી એ કોઈ સ્ટોરમાંથી એક પાઉન્ડ લઈ આવ્યો ને મને આપ્યો. કહે, 'ગમે તે પોલીસથાણે કાલે મારા નંબર સાથે પહોંચાડશો તો ચાલશે.'

મેં એને મારું કાર્ડ આપ્યું. સરનામું વાંચીને કહે, 'જો તમારે બારનેટ પહોંચવું હોય તો થોડી વાર પછી અમારી પેટ્રોલ કાર એ તરફ જવાની જ છે એ તમને ત્યાં પહોંચાડી દેશે.' મારે તો ભાનુએ કહેલી વાતની ફક્ત ખાતરી જ કરવી હતી, એટલે મેં એને પૈસા પાછા આપ્યા અને પોલીસવાનમાં બારનેટ ગયો.

વળી એક વાર એક ખંધા ટૅક્સીવાળા સાથે પનારો પડ્યો. મારે ખુબ ઉતાવળે 'ઈન્ડીયા હાઉસ' પહોંચવું હતું એટલે ટોટનહામ કોર્ટ રોડથી ટૅક્સી લીધી. 'ઈન્ડીયા હાઉસ' પહોંચી મીટર જોયું તો આઠ શીલીંગ! મારી ધારણા પ્રમાણે એટલું થવું ના જોઈએ. હું સમસમી ગયો. ત્યાં એક પોલીસ ઉભો હતો એને વાત કરી પુછ્યું, 'ટોટનહામ કોર્ટ રોડથી અહીં સુધીના આઠ શીલીંગ થાય?' એ કહે, 'ના થાય.' એણે પેલા ટૅક્સીવાળાને દબડાવ્યો. પછી મને કહે, 'ચાર શીલીંગ આપો અને ટીપ ન આપતા. એ તમને આડેઅવળે રસ્તે લઈ આવ્યો લાગે છે.' ટૅક્સીવાળાએ ચુપચાપ પૈસા લઈ ચાલતી પકડી.

–રસીક ઝવેરી

સ્વ. રસીક ઝવેરીના લંડનના પ્રવાસ–વર્ણનના પુસ્તક 'અલગારી રખડપટ્ટી'ના પાન ૨૬ થી ૩૧ ઉપરથી સાભાર....(પ્રકાશક : નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, ઈ–મેઈલ: info@navbharatonline.com પૃષ્ઠ : ૧૨૪, મુલ્ય : ૬૬ રુપીયા)

113 : 05-08-2007

# ખેવના

(સત્યઘટના)

–અનુપસીંહ પરમાર

અનુક્રમણીકા

‘મારા આવતાં પહેલાં શું ખાતા હતા?’

‘એવું જ વળી. જે મળે તે લુખુંપાખું– હા, ક્યારેક બજારમાં જવાનું થાય તો થોડી જલેબી કે એવું કૈંક.’

‘પણ હવે એનો મોહ છોડો. કહું છું, પંદરેક વરસથી તમે ડાયાબીટીસથી હેરાન થતાંય ટકી રહ્યા છો. પણ હવે આ ચાંદા તરફ તો જુઓ! તમને બધું જ મનગમતું શાકભાજી, રોટલી કે ભાખરી બનાવી આપું છું. પાપડ, પાપડી કે કચુંબર. પણ મીઠાઈનું નામ ન લો હવે.’

‘સારું સારું, તારો હુકમ માથા પર; પણ મહીનામાં પ્રસાદજોગ મીઠાઈ તો ખરી.’

‘તે મારે હાથે જ આપીશ.’

‘જી સરકાર.’

જાણે નવપરીણીત યુગલ જેવો રસીક વાર્તાલાપ મારી ભત્રીજી કુસુમ જોડે કરતાં રસીકલાલ ભાવવીભોર થઈ જતા.

અને એકદમ જુવાનીના તોરમાં કુસુમને તેડ્યાનો અજંપો એમને ઘેરી વળતો.

કોનો વાંક હતો? પોતે વીચારમાં ગરકાવ થતો. કદાચ તે જમાનાનો. જ્યારે નાની વયમાં વડીલો, સારું ઘર જોઈને છોકરાં પરણાવી દેતા...

કુસુમની ઉંમર ૧૩–૧૪ વર્ષની હશે. મારી જ સમવયસ્ક અને ત્રીજી ચોપડી મારી સાથે ભણી હતી. પછી તે ઉઠી ગઈ. તો રસીકલાલ તે જમાના પ્રમાણે ખુબ ભણ્યા. પણ વચમાં સોળેક વર્ષની વયે કુસુમને પરણવા લગ્નને માંડવે પોંખાયા. ભણતર તો ચાલુ જ રહ્યું. શરુશરુમાં તો કુસુમ સાસરે જતી પણ ખરી. પણ રસીકલાલને એ ખાસ ગમતું નહીં. બન્ને પરીવારોના વડીલો વચ્ચે ખાસ્સી મીત્રાચારી. બીજું, કુસુમના પીતા રમણલાલ તો સમાજની આબરુદાર વ્યક્તી.

રસીકલાલ બી.એસસી.; બી.એડ્. થઈ નજીકની હાઈ સ્કુલમાં શીક્ષક થઈ ગયા. અને ત્યારે એમની આંખ ઉઘડ્યા જેવું થયું. નામ તો ખુબ સરસ–કુસુમ. ક્યાંથી શોધી લાવ્યા તે જમાનામાં? પણ આવી કાળી હશે એની તો હમણાં જ જાણ થઈ!

પણ કુસુમ કંઈ એવી કાળી નહોતી. હા, બહુ રુપાળીયે નહોતી, ઘઉંવર્ણી હતી, ઘાટીલી ને ઠસ્સાદાર. પાંચમાં બેઠી હોય

તો એનું વ્યક્તીત્વ નીખરી આવે. ગમે તેમ તોય, કુસુમને સાસરે જવાનાં બારણાં વસાઈ ગયાં…

પણ આ તો રમણલાલ! ખાનદાન, સમાજનો મોભી અને ખમતીધર ખેડુત! એ કંઈ નમતું મુકે તેમ નહોતા. ઉપરાંત રસીકલાલના પીતા પણ એ જ ઘરેડના. વળી, કુસુમેય ક્યાં એવી કદરુપી હતી? કામઢી અને ઘરરખુ હતી. એમણે જમાના પ્રમાણે છુટાછેડાનો ચાલ ઉભો કરવો નહોતો.

વરસો વીતતાં ગયાં. કેટલાં વરસ? જુવાનીનો ગાળો તો શું, પચાસ–પંચાવન અને જોતજોતામાં સાઠ! રસીકલાલ નોકરીમાંથીય નીવૃત્ત થયા. મા પણ ચાલી ગઈ અને બાપ–દીકરાને નાનાભાઈની વહુને હાથે જમવાનો વારો આવ્યો.

ત્યારે કુસુમને શું? એ તો બીન્ધાસ્તથી બાપને ઘરે રહી છે. માની ઉંમર તો થઈ જ હતી; એટલે એણે ઘરનું રસોડું પોતાને હસ્તક લઈ લીધું. સવારમાં સૌથી વહેલા ઉઠી, નહાઈ–ધોઈ, ભગવાનનો દીવો કરી, ઘરનાને માટે ચા–પાણી કરી, બાપુ માટે બીજીવારની ચા કરી આપી, રસોઈ–પાણીનો બંદોબસ્ત કરતી. બીજું, બાપુને ત્યાં ઘરના હાળી–નોકરને જમાડવાનો રીવાજ હતો. અને કેટલા હાળી–નોકર! ત્રણ જોડ બળદ એટલે ત્રણ હાળી. રોજીન્દું કામ. સવારે ચા અને ગરમ રોટલા ખવડાવી કામે બઝાડવાના. બપોરે બધા આવે એટલે ભાતનું તપેલું ને કઢી, ઉપરથી લાલ મરચાંનો મસાલો. વાસેદી,

ઘરકામના નોકરો વધારામાં. તેમ છતાં કુસુમ હમેશાં એમ જ વીચારતી રહેતી કે હું અહીં બાપને પનારે પડી છું, તે મફતનું ખાવા–પીવા નહીં. ભાભીનો બોલ સાંભળવો ન પડે એમ વીણીચુંટીને કામ કરવા તે સદા તત્પર રહેતી.

એ પછી રમણલાલના દીકરાઓ યથાક્રમે જુદા થયા ત્યારે આધેડ વયના બાપને કુસુમની હુંફે જીવવાનું થયું. હા, રમણલાલે કુસુમને માટે પણ દસેક વીંઘાં જેટલી જમીન નોખી કાઢી લીધી હતી, જેથી કુસુમને બાકીની જીન્દગી પીયરમાં ઓશીયાળું વેઠવું ન પડે.

♦●♦●♦

એક દીવસ રસીકલાલને ખેતરેથી આવતાં ચક્કર જેવું લાગ્યું; પણ એ તો એકબે ક્ષણ. એ પુન: સ્વસ્થ થઈ ગયો. પણ આવું આ શું થયું? અને એવું ડાંગર રોપાવતાં ક્યારીની પાળે પણ થયું. એ તો જો કે પડતાં પડતાં રહી ગયો. અને ચક્કર પણ ન આવ્યા જેવું થયું. પછી તો ત્રણ–ચાર મહીને આ ભાઈબંધ(ચક્કર) મહેમાનની જેમ દેખાવા લાગ્યા. અને તેય હવે કોઠે પડી ગયા જેવું થયું. આ સાઠ વર્ષમાં એણે ખાસ દવા લીધી નથી. તાવતરીયો આવ્યો હશે, તે તો ટીકડી–ગોળીએ મટી જતો. પણ રસીકલાલ બેચાર દીવસ પથારીમાં પડ્યો હોય એવું ઝાઝું

બન્યું નથી. એકંદરે એનું શરીર નરવું રહ્યું છે. હા, માથા પર વચલે ભાગે ટાલ પડી હતી; પણ બાજુ પરના વાળ હજી કાળા અને આ ચક્કર પણ ગાળે પડતા આવે છે. પણ એનીએ ખાસ દરકાર એમણે લીધી નહીં.

એવામાં રસીકલાલ બેત્રણ દીવસ બહેનને ત્યાં રહેવા ગયો. ત્યાંથી ઘરે આવ્યો ત્યારે દોઢ–બે વાગી ગયેલા. શનાભાઈની વહુએ પાણી આપતાં કહ્યું, ‘તમારી અગીયાર વાગતાં સુધી રાહ જોઈ. જમવાના હશો?’

‘હા, વચ્ચે બસને પંચર પડ્યું, એટલે મોડું થયું; પણ જમવું તો પડશે.’

‘પણ રોટલી કરી નથી.’

‘કંઈ નહીં, ચાલશે. તું દાળ–ભાત કે ખીચડી–કઢી જે હોય તે મુક.’

‘ના, તમે કહેતા હો તો રોટલી કરું.’

રસીકલાલને આજે પહેલી જ વાર થયું કે મા નથી; મા હોત તો આવું પુછે ખરી! અને એ પછી ઘણી વાર એને આવું જ થતું રહ્યું. આ સાઠ ઉપર એકબે વરસ લટકાનાં તો ચડ્યાં અને ઘડપણના ઓળા હજી ખાસ દેખાતા નથી. પણ તેથી શું? ઘડપણ તો દોડતું જ આવશે– અને તે વખતે–?

એને થયું, આ અવસ્થામાં પત્ની જોઈએ તો ખરી. તો એકમેકની હુંફે બુઢાપોય સહ્ય બને. પણ આ રીતે ઓશીયાળા

જીવવાનું તો હવે વસમું. અને પછી સબુરાઈથી નાનાભાઈથી પોતે જુદું કરી લીધું.

♦●♦●♦

નકલંક નકલંક!

કુસુમે એના જીવનમાં ડાઘ પડવા દીધો નથી. પોતાને જ પાકી ખાતરી. જુવાનીમાં ક્યાંય આડો પગ પડવા દીધો નથી. અને પોતે તે આમ કૉલેજજીવનમાં લપસી પડ્યો કે નહી; પણ દૃષ્ટી તો મેલી થઈ જ હતી. જ્યારે કુસુમ તો હજી માથામાં એના જ નામનું સીંદુર પુરે છે. કપાળે ગોળમટોળ ચાલ્લો કરે, બન્ને હાથે અકેક સોનાની બંગડી સાથે કાચ–બંગડીય લહેરે. હા, એણે પોતાની જાતને અકબંધ જાળવી જાણી છે. એવા એવા એને અભીપ્રાય પણ મળતા રહ્યા છે; પણ ખુદ પોતાનું હૈયું જ જાણે એ નકલંક હોવાની સાહેદી પુરે છે. હવે આ વયે સાસરામાં પગ માંડે તો કેવું? તેણે એમાં બનેવીનો સાથ લીધો. એમાં સફળ પણ થયો. પણ હા, એક પાક્કી શરતે : ‘આવું તો ખરી; પણ મારી અવહેલના ન થવી જોઈએ. બાપને ત્યાં મારા દીવસ સુખમાં ગુજરે છે અને હવે હું કંઈ કીકલી નથી. જુવાનીના દીવસોય સુખરુપ વીત્યા ને હવે હું આધેડ થઈ છું. વળી, મારે હવે બીજા ઓરતાય શા હોય? પણ આ તો હવે એમની સાથે

શેષ જીવન એકમેકની હુંફે જ મળી–સમજીને વીતાવવાનું છે. પણ એમાંય જો મારી જરાય અવહેલના થાય એ હું ન સહું– આ એક ચોખ્ખી વાત– અને એવું થાય તો પહેલી જ ગાડીએ ફરી પીયર આવતી રહીશ. બાકી આ ચુડી–ચાલ્લો તો એમના નામનો જ છે. બોલો, આ તો પુરુષ જાત અને મોટી ઉંમરે ઘર માંડવાનું છે. ઘરકામમાં કશી ભુલ થાય અને એ ઉંચાનીચા થઈ જાય એ ન બનવું જોઈએ. પછી જરા સ્મીત વેરીને કહે, ‘જાઓ, સારા વાર–તીથી જોઈને એમને જ મોકલો. બા–બાપુના આશીર્વાદ લે, અને અમે સજોડે– –’

♦●♦●♦

‘સાહેબ, આપ!’ બોલતાં જ ડૉ. પંકજભાઈ ખુરસી પરથી ઉઠીને રસીકલાલને પગે પડ્યા ને કહ્યું, ‘આપના આશીર્વાદથી હું ડૉક્ટર બન્યો. બોલો આપની શી સેવા કરું?’ એટલે રસીકલાલે પોતાનો અંગુઠો બતાવ્યો, ‘આ સારો થતો નથી.’

‘કેટલા વખતથી ડાયાબીટીસ છે? ચેક તો કરાવતા હશો ને?’

‘બેચાર મહીને એકાદ વાર. આમ તો નૉર્મલ રહે છે.’

‘એઈજ? હાલમાં શું કરો છો?’

‘એઈટી પુરાં. અને વ્યવસાય? પેન્શન આવે છે, સાત–આઠ વીંઘાં જમીન છે, પાણી ફરે છે, એટલે શેરડી થાય છે–

અને એ તો એ જ કરાવે છે, હું તો ક્યારેક જોઈ આવું એટલું.' એટલે પછી કુસુમને બોલવાની તક મળી. 'હું તો ઘણીય ના કહું સાહેબ; પણ એ માને નહીં. મુળે ખેતીનો જીવ અને ઘર આગળ બેપાંચ ફુલછોડ–બે કલમ. પાણી પણ એ જ સીંચે.'

'એ તો ઘણું જ સારું કહેવાય,' ડૉક્ટરે અનુમોદન આપ્યું.

'પણ ખેતરે નહીં જતા હોય તો! આ એક કાંટો વાગ્યો એમાંથી આ બલા ઉભી થઈ.'

'તમે ચીંતા નહીં કરતા. આપણે અંગુઠો કાઢી નાખીએ. બુટમોજાં પહેરીને ચાલી શકાશે ડૉક્ટરે કહ્યું અને પુછ્યું, 'બોલો, તમને કંઈ વાંધો તો નથી ને?'

'પાસે આવ્યા પછી અમને શો વાંધો હોય?' કુસુમે જ કહ્યું. જો કે રસીકલાલને તો ખાતરી જ હતી કે અંગુઠો કાપવો જ પડવાનો છે.

એ પછી હૉસ્પીટલનો પંદરેક દીવસનો પડાવ.

પછી તો જોતજોતામાં પાંચ–છ વરસ હેમખેમ નીકળી ગયાં. વચ્ચે વચ્ચે નીયમીત કુસુમ સંગે ડૉક્ટરની મુલાકાત થતી રહી. પણ હવે ખુબ અશક્તી વરતાવા લાગી હતી. આંખે અંધારાં આવે, કાને બહેરાશ આવવા લાગી. કુસુમની ચાકરી જોઈને એ ગળગળા થઈ જતા. કુસુમ કહેતી, 'તમે પરેજી

બરાબર પાળી નહીં તેનું આ ફળ ભોગવો.' તો રસીકલાલ કહેતા, 'આ પંચાસી તો થયાં, હજી કેટલું જીવાડવાની છે?'

'નીમ પાળીએ તો સો વરસ પુરાં થાય.'

'હા, પણ મને એટલી જ ફીકર છે કે હું ન હોઉં તો તું કેમની જીવશે?'

'એ ફીકર તમારે શું કામ જોઈએ?'

'ના, પણ મેં તારી જુવાની રોળી નાખી અને હવે આ ઉંમરે તું મારી સેવા કરવા આવી એ જ મને લાગે છે.'

'હું તો ચાહીને આવી છું. અને જુઓને, આ વીસેક વરસ તો તમારા સહવાસમાં કેવાં નીકળી ગયાં? એ જ મારું પરમ સૌભાગ્ય. તમે ન હો તો પણ હું તમારી યાદમાં જીવીશ. જુવાનીમાં જીવી હતી તેમ જ. મારી ફીકર નહીં કરતા. એમ તો તમે પુરુષો પણ જીવી જાઓ; પણ અમે સ્ત્રીઓ જે સહજતાથી પતી વીના જીવીએ એ રીતે તમારાથી ન જ જીવાય. માટે મનમાંથી એવુ બધું કાઢી નાખજો. હું તો જીવીશ..'

♦●♦●♦

રસીકલાલના દેહાંત પછી પણ કુસુમે પોતાની જમીન પોતાને હસ્તક રાખી છે. દીયર જરા ડોળો કરે છે તેની એ દરકાર કરતી નથી. આપવાની તો તમને જ છે; પણ આજે

નહીં. ઉપરાંત રસીકલાલનું ફેમીલી પેન્શન મળતું થયું; એટલે રોકડનીય ચીંતા રહી નથી. રસીકલાલની પુણ્યતીથીએ ગામની શાળાનાં બાળકોને જમાડે, આંગણે આવતા સાધુ–સંતોનું ઉમળકાભેર સ્વાગત કરે અને વખતે જમાડે. જરુરતમંદ સગાં–વહાલાં માટેય ભરપુર પ્રેમ.. જાણે રસીકલાલ જતાં રસીકલાલના ઘરની આભા જરાય ન ઝંખવાય એની ખેવના રાખી જીવી રહી છે.

–અનુપસીંહ પરમાર

(મે ૨૦૦૭ના ‘અખંડ આનંદ’ના અંકમાંથી સાભાર..’

સંપર્ક : શ્રી. અનુપસીંહ પરમાર, ઘાણી–૩૯૪ ૬૩૦, વાયા બુહારી, જીલ્લો સુરત

ફોન : (૦૨૬૨૫) ૨૪૪ ૩૬૯

@

114 : 12-08-2007

# ગઝલપુર્વક

–અંકીત ત્રીવેદી

અનુક્રમણીકા

૧.

ઉઘાડા બારણે થડકો થઈને કઈ રીતે આવી?
તને કહું છું, જુનો લ્હેકો થઈને કઈ રીતે આવી?
તું તો અજવાળું માફકસરનું પીરસતી રહી કાયમ,
દીવાની વાટ, તું ભડકો થઈને કઈ રીતે આવી?
ભુલાયેલી ઘણીયે સાંજને પુછું છું રસ્તા પર,
નર્યા વરસાદમાં તડકો થઈને કઈ રીતે આવી?
તને દરરોજ જોઉં છું સતત મારા ઉપર હસતા,
ઉદાસી આજ ઉમળકો થઈને કઈ રીતે આવી?
પીડા તો છે પીડા જેવી ને એના ભાગ્યમાં ડુમો,
ગઝલમાં આવી તો ટહુકો થઈને કઈ રીતે આવી? •પાન : ૨૪•

૨.

જ્યારે મળું ગઝલમાં ખુબ જ નજીક લાગે,
પંડીતનો સાથ લઉં છું, તો માથાઝીંક લાગે.
માણસના વેશમાં અહીં ઈશ્વર ઘણા મળે છે,

ઈશ્વરને જઈ કહો કે માણસ કદીક લાગે.

અર્પણ કરું છું સઘળું, કાયમ પડે છે ઓછું,

થોડુંક પણ એ આપે તો પણ અધીક લાગે.

ઉપરથી તો બધાની જેમ જ ગમાડવાનું,

છો ખાનગીમાં તમને ઠીક ઠીક લાગે.

ચારે તરફ નગરમાં બનતું નથી કશું પણ,

છે રાબેતા મુજબનું તેથી જ બીક લાગે. •પાન : ૨૫•

3.

આખો દીવસ સાથે હતો, સાંજે શમી ગયો,

સુરજને મારો પડછાયો કેવો ગમી ગયો!

ખાલીપણું તો એકલાથી ના થયું સહન,

પંખી નથી તો ડાળીનો હીસ્સો નમી ગયો.

એવું કીનારાને થયું શું, ના ખબર પડી,

મોંની વાતો સાંભળીને સમસમી ગયો.

આ 'આપ–લે'માં થઈ જતા ખરબચડા હાથમાં,

ખણકાટ પાંચીકાનો ક્યારે આથમી ગયો?

શેરીમાં રમતા છોકરાની જેમ કાફીયો,

કાગળ પર આવી અનાયાસે રમી ગયો. •પાન : 33•

૪.

આવ, ને આવીને કંઈ રકઝક ન કર,
સાવ ખાલી આંખને ભરચક ન કર.
સ્હેજ હડસેલીને અંદર આવજે,
બારણે પહોંચ્યા પછી ઠકઠક ન કર.
તું વીતે છે એની સૌને છે ખબર,
આમ તું ઘડીયાળમાં ટકટક ન કર.
મીરાં, નરસૈંયો, કબીર બોલી ચુક્યાં,
તું વળી તારી રુએ બકબક ન કર.
બે જણા અંધારું શોધે છે ફરી,
પથ્થરો ભેગા કરી ચકમક ન કર. •પાન : ૩૬•

૫.

આપણે પોતાને સમજાયા નથી,
જોઈએ એવા વલોવાયા નથી.
તું જ તારી પાસમાં છે ડર નથી,
રાત છે ને કોઈ પડછાયા નથી.
આટલા ચર્ચાયા એ પુરતું નથી?
વાત જુદી છે કે વખણાયા નથી.
ફુલ જેવું ખીલવા માટે હજી,
મુળીયાં માટીમાં ધરબાયાં નથી.

સાંભળીને આઘાપાછા થઈ ગયા,

સારું છે કે કોઈ ભરમાયા નથી! •પાન : ૩૭•

૬.

તું મને ન શોધ ક્યાંય આસપાસમાં,

હું તને મળી શકું તારા જ શ્વાસમાં.

ના ભળે સાથે કદી તો ક્યાં ફરક પડે?

સ્વપ્નમાં સાથે હશું કોઈ પ્રવાસમાં.

સુર્ય જેમ કોઈનામાં હું સવારથી,

અંધકાર શોધતો રહ્યો ઉજાસમાં.

માર્ગમાં કોઈક તો ભુલું પડ્યું હશે,

નીકળ્યો હશે પછી પવન તપાસમાં.

તું મથામણો કરી ગઝલ લખી તો જો!

હું તને મળી જઈશ કો'ક પ્રાસમાં. •પાન : ૪૧•

૭.

સાંજને અંધારનું પાદર ગણી,

સાંભળું છું હું મને ઝાલર ગણી.

અક્ષરોમાં મેં મને ધારી લીધો,

ને તને કાનો ને માતર ગણી.

રાહ જોતું કે ટકોરા વાગશે,

www.gujaratilexicon.com

એક પંખી ઝાડને ટાવર ગણી.

પાનું કોરું જોઈને કોઈ કબીર,

અક્ષરો વણતો રહ્યો ચાદર ગણી.

તું સફળતાને પચાવી રાખજે,

ચઢ–ઉતર કરતો નહીં દાદર ગણી. •પાન : ૪૫•

૮.

આંખ તારી થઈ જશે જ્યારે નમેલી,

ત્યાં ભરીશું આપણે મુશાયરો,

ઉકલે એ વાત તેં જે નહીં કહેલી,

ત્યાં ભરીશું આપણે મુશાયરો.

એ જ કીસ્સો, એ જ રેતી, એ જ કાદવ,

ધુળમાં મેલો થયેલો એ સમય,

બાંધશું દરીયે ફરી પાછી હવેલી,

ત્યાં ભરીશું આપણે મુશાયરો.

બાંકડો તો યાદ છે ને? યાદ છે ને

એ બગીચો? સાંજ ને એ ગમગીની,

રાહ જોતાં ખુબ તું ગુસ્સે થયેલી!

ત્યાં ભરીશું આપણે મુશાયરો.

એ ગઝલ જે ફુલ પર બેસી રહે ને
બાતમી ખુશબુ સભર આપ્યા કરે,
એ ગઝલ ઝાકળ બની ઉડી ગયેલી,
ત્યાં ભરીશું આપણે મુશાયરો. •પાન : ૬૧•

૯.

મેં હજી મત્લા કર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
તોય ડુમો કરગર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
 વાત જે ના થઈ શકી એનો નશો, મીસરો બનીને,
 ધીરે ધીરે વીસ્તર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
સાંજની ભીની હવા પરના રદીફનો હાથ ઝાલી,
કાફીયાને કોતર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
 તેં કરેલા સૌ ખુલાસાઓની આગળ માત્ર મેં તો,
 શેર આ સામે ધર્યો છે , ક્યાં ગઝલ આખી કહી છે ?
•પાન : ૫૩•

♦●♦

એક વાતે હું ખુદા તારાથી જુદો થઈ ગયો,
દુર છું એનાથી હું ને તોય પુજાતો નથી. •પાન : ૬૩•
♦●♦
એક તો પોશાક ભારેખમ અને

રોલ પણ અઘરા પડે છે સ્ટેજ પર. ••પાન : ૭૭.

♦●♦

–અંકીત ત્રીવેદી

કવીના ગઝલસંગ્રહ ‘ગઝલપુર્વક’ (પ્રકાશક : ઈમેજ પબ્લીકેશન્સ પ્રા. લી., મુંબઈ અને અમદાવાદ, પ્રથમ આવૃત્તી : જાન્યુઆરી ૨૦૦૭, પાન : ૯૦, મુલ્ય : રુપીયા : ૭૫)માંથી સાભાર...

પ્રાપ્તીસ્થાન : info@imagepublications.com

સર્જક સંપર્ક : ૭૦૧– સાંઈ સન્નીધી, જી.બી. શાહ કૉલેજ સામે , વાસણા બસ સ્ટૅન્ડ પાસે , વાસણા, અમદાવાદ–૩૮૦ ૦૦૭ – મોબાઈલ : 93749 86969 ઈ–મેઈલ : ghazalsamrat@hotmail.com

@

115 : 19-08-2007

# ‘શીક્ષણની ભવાઈ’

– તુલસીભાઈ પટેલ

અનુક્રમણીકા

1. નથી... અને...છે!.. •પાન: ૨૧•

નવીનભાઈ સન્નીષ્ઠ અને ભાવનાશાળી શીક્ષક છે. શાળાના મકાનનાં પતરાં કટાઈ સડી ગયાં છે. ચોમાસું નજીક આવ્યું છે. વરસાદમાં નાનાં ભુલકાં પલળશે; ને ભણતર બગડશે. નવીનભાઈ ચીંતાગ્રસ્ત છે.

ધનપતરાય શેઠ સુખી છે. એ જો થોડો ટેકો કરે તો નવાં પતરાં નાખી શકાય; ને ભુલકાંનો અને ભણતરનો પ્રશ્ન ઉકલી જાય.

નવીનભાઈ શેઠશ્રીને મળ્યા. ભુલકાંની તકલીફ વીશે વીગતે અને વ્યવસ્થીત રજુઆત કરી; ને મદદ માટે નમ્રતાપુર્વક માગણીય મુકી.

‘જુઓ માસ્તર, તમે જાણો છો કે ધંધામાં આજકાલ ખુબ મંદી ચાલે છે. કમાણી કશી નથી અને ખરચા ચાલુ છે. માફ કરશો.’ વાત પુરી..

થોડી વાર પછી મંદીરના મહંત પધાર્યા. એમણે શેઠને વાત કરી: ‘ શેઠ! ચોમાસુ આવે છે, માથે મેઘ ગાજી રહ્યો છે. મંદીરની છત ચુએ છે. ભગવાન પલળશે. શું કરવું?’

‘ચીંતા શીદ કરો છો, મહારાજ! ભગવાન પલળે તે તો આપણા માટે શરમની વાત કહેવાય. લખો આપણા દસ હજાર. આ વરસે ભગવાનની ખુબ મે’રબાની છે. ધંધામાં સારી બરકત છે.’ પાન: ૨૧•

## ૨. ખોટુ તે થતું હશે!.. • પાન : ૨૫ •

સવીતાબહેન પ્રાથમીક શાળામાં શીક્ષીકા છે. તેઓ વાર્ષીક પરીક્ષાની જવાબવહીઓ તપાસી રહ્યાં હતાં. હાથમાં પેન્સીલ અને ઈરેઝર લઈને.

મેં જોયું કે સવીતાબહેન ક્યારેક વીદ્યાર્થીએ લખેલા જવાબો ઈરેઝરથી ભુંસી નાખતાં ને પેન્સીલ વડે ફરી સુધારીને જવાબો લખતાં હતાં.

મેં પુછ્યું : ‘સવીતાબહેન, તમે આ શું કરો છો?’

‘ખોટો જવાબ ભુંસીને સાચો લખું છું.’

‘પણ એવું શા માટે કરો છો?’

‘શું છે કે, ‘લઘુત્તમ અધ્યયન ક્ષમતા યોજના’ મુજબ એંસી ટકા રીઝલ્ટ તો આવવું જ જોઈએ. એટલા માટે આવું કરું છું.’

‘પણ ભુંસવા–લખવાની બેવડી મજુરી કરવાને બદલે સીધા માર્ક્સ જ મુકી દેતાં હો તો?’

‘હાય હાય! એવું ખોટું તે થતું હશે?’ સવીતાબહેનના મોઢામાંથી આશ્ચર્યથી જીભ બહાર નીકળી ગઈ!

3. ઉંટે કર્યા ઢેકા તો... •પાન : 13 •

ચારે બાજુથી વીરોધ–વંટોળ ઉભો થયો : ‘શીક્ષકોની ભરતીમાં પૈસા લેવાય છે.’

અખબારોમાં ચર્ચાપત્રો આવવા લાગ્યા. સામયીકોમાં લેખો આવવા લાગ્યા. કેળવણીકારો તારસ્વરે ભાષણો કરવા લાગ્યા કે, ‘શીક્ષણનું પવીત્ર ક્ષેત્ર પણ હવે ભ્રષ્ટ થઈ ગયું છે. ધોળે દહાડે સરસ્વતીની લાજ લુંટાઈ રહી છે.

‘હવે તો સરકારે જાગવું જ જોઈએ. બીજે બધે તો ઠીક શીક્ષણ જેવા પવીત્ર ક્ષેત્રમાં તો આ ભ્રષ્ટાચાર ન જ ચાલવો જોઈએ.’

છેવટે સરકાર જાગી. ફરમાન કાઢયું : ‘શીક્ષકની ભરતીમાં પાઈ પણ લીધી નથી એવો લીખીત પુરાવો હવેથી દરેક નીમણુંક બાદ સંચાલકોએ રજુ કરવો.’

લક્ષ્મીશંકરના ‘શારદા વીદ્યામંદીર’માં શીક્ષક થવા માટે સુમનભાઈએ એક લાખ પુરા આપવા પડ્યા. નીમણુંકપત્ર

આપતાં પહેલાં લક્ષ્મીદાસે સુમનભાઈને કહ્યું, 'આ લખાણ નીચે તમારી સહી કરી આપો તો..'

લખાણનો સાર આ પ્રમાણે હતો : 'હું સોગંદપુર્વક જણાવું છું કે, મારી આ નીમણુંક બદલ મારે એક પાઈ પણ આપવી પડી નથી. એ બદલ સન્નીષ્ઠ અને પ્રામાણીક સંચાલકશ્રી.નો હૃદયપુર્વક હું આભાર માનું છું.'

સુમનભાઈના ચહેરા પરનું આશ્ચર્ય વાંચી લક્ષ્મીદાસે કહ્યું, 'ભાઈ, વીચારમાં કેમ પડી ગયા? આપણે સરકારી ખાતાની ફોર્માલીટીઝ–જરુરીયાતો તો પુરી કરવી જ પડે ને?' સુમનભાઈએ આખો મીંચીને મતું મારી દીધું!

### ૪. શાંતીલાલની સેવા(વી)ભાવના •પાન : ૨૮•

શ્રીમાન શાંતીલાલ એટલે સન્નીષ્ઠ અને સેવાભાવી પ્રાધ્યાપક.

ચારેક વરસ પહેલાં તેઓ 'સ્વામી શ્રી સેવાનંદ શીક્ષણ મહાવીદ્યાલય'માંથી નીવૃત્ત થયા. નીવૃત્તી બાદ એમની કદી મુલાકાત થઈ નહોતી.

પરંતુ આજ અચાનક જ કૉલેજના ગ્રંથાલયમાં તેઓ દૃશ્યમાન થયા. ટેબલ ઉપર પાંચ–છ થોથાં પસારીને તેઓ નોટમાં કંઈક ઉતારા કરી રહ્યા હતા.

'અહો શાંતીભાઈ, ઘણા વખતે મળ્યા! પણ નીવૃત્તી પછી આ શી માથાફોડ કરી રહ્યા છો? શું કરી રહ્યા છો આજકાલ?'

'જુઓ, નીવૃત્ત ભલે થયા; પણ શીક્ષણ–જગતની સેવા ચાલુ જ છે. સાચો અધ્યાપક કદી નીવૃત્ત થાય ખરો?'

'વાહ! શી સેવા કરી રહ્યા છો?'

'પીએચ.ડી. માટે થીસીસ લખી રહ્યો છું. આ રીતે ત્રણેક જણને પીએચ.ડી. બનાવી દીધા. અત્યારે આ ચોથો થીસીસ લખી રહ્યો છું. એ માટે થોડાં થોથાંની જરુર પડી એટલે આ લાયબ્રેરી સુધી લાંબા થવું પડ્યું.'

'પણ આવી સેવા શીદ કરો છો?'

'કેમ! એમાં બીચારા વીદ્યાર્થીને ડીગ્રી મળે છે. આ ડીગ્રી મળતાં તેમની પદોન્નતી થાય અને સાથે આપણું બૅન્ક–બૅલેન્સ પણ થોડું વધે છે. બન્નેનું કામ થાય. શીક્ષણની સેવાનું પુણ્ય મળે તે નફામાં!'

શાંતીભાઈની સેવા–વીભાવના જાણી મને ચક્કર આવવા લાગ્યા.

૫. લાગવગ •પાન : ૨૯•

ઓસરીમાં બેસીને હું કૉલેજના છેલ્લા વરસની ઉત્તરવહીઓ તપાસી રહ્યો હતો. એવામાં કારનું હૉર્ન સંભળાયું.

અવાજની દીશામાં મેં નજર કરી. કારમાંથી એક પ્રૌઢ વડીલ ઉતર્યા; ને મારી પાસે આવ્યા. ‘આવો, પધારો,’ પેપરનું બંડલ બાજુએ મુકી મેં આવકાર આપતાં કહ્યું.

‘આપનો પરીચય? હું આપની શી સેવા કરી શકું?’ મેં વીવેક કર્યો.

વડીલે ઝભ્ભાના ખીસામાંથી એક કાપલી કાઢી; ને કહ્યું, ‘આ મારી દીકરીનો નંબર છે...’

હું સમજી ગયો. મેં કહ્યું, ‘જુઓ વડીલ! પાસ થવામાં બે–ચાર માર્ક્સ ખુટતા હશે તો ઉમેરીશ. હું એવો જડ નથી. બાકી માફ કરશો.’

‘પણ મારી વાત પુરી સાંભળો તો ખરા, સાહેબ!’ વડીલે આજીજીપુર્વક કહ્યું : ‘હું દીકરીને પાસ કરાવવાની લાગવગ કરવા માટે નથી આવ્યો.’

‘તો આ નંબરનું શું કામ છે?’ મેં જીજ્ઞાસા વ્યક્ત કરી.

‘અમારા સમાજમાં મુરતીયાની ભારે તકલીફ છે. મહામુસીબતે મારી દીકરીની સગાઈ એક મોભાવાળા કુટુંબમાં થઈ છે. છોકરો કૉલેજના છેલ્લા વરસમાં હતો. ગયા વરસે એ નાપાસ થયો. હવે આગળ ભણતો નથી. મારી દીકરી જો છેલ્લા વરસમાં પાસ થાય તો....’ આટલું કહી વડીલ અટક્યા.

‘તો શું?’ મેં પૃચ્છા કરી.

'તો...દીકરીની સગાઈ તુટી જાય.' માથે પહાડ તુટી પડ્યો હોય એવા ચીંતાતુર સ્વરે વડીલ બોલ્યા.

'પણ એમાં હું શું કરી શકું?' સહાનુભુતીપુર્વક મેં પુછ્યું.

'તમારે અમારા પર દયા કરવાની છે... દીકરીને નાપાસ કરવાની છે.'

સાંભળીને મને તમ્મર આવી ગયા.

૬. સત્યનારાયણની કથા •પાન :૩૨•

સાંજના સમયે હું ફરવા નીકળ્યો હતો. સામેથી સતીષભાઈ મળ્યા. એમના હાથમાં પુજાની સામગ્રી, કેળનાં પાન વગેરે હતાં. હું કંઈ પુછું તે પહેલાં જ તેમણે રહસ્ય જણાવ્યું :

'આજે રાત્રે આપણે ત્યાં સત્યનારાયણની કથા છે. આપ અવશ્ય પધારજો.'

'કથાનું પ્રયોજન?'

'તમને ખબર નથી? મારો દીકરો ફાઈનલ બી.એ.ની પરીક્ષામાં ચોરી કરતાં અચાનક સ્ક્વોર્ડના હાથે ઝડપાયો હતો.'

'હા, પણ એનું શું છે?'

'પછી એ કેસ 'પરીક્ષાશુદ્ધી સમીતી' સમક્ષ ગયો. દીકરો નીર્દોષ છુટે એ માટે સત્યનારાયણની કથા માની હતી. શુદ્ધી સમીતીને થોડું નૈવેદ્ય તો ધરાવવું પડ્યું; પણ છેવટે તો આપણી

માનતા ફળી ખરી. દીકરો નીર્દોષ છુટ્યો. એટલે આજે રાત્રે સત્યનારાયણની કથા રાખી છે.

મને અંધારાં આવવા લાગ્યાં.

## ૭. શીક્ષણની ભવાઈ •પાન : ૩૮•

આ વરસે કૉલેજના છેલ્લા વરસમાં ગુજરાતી મુખ્ય વીષયમાં પન્નાલાલ પટેલની જાણીતી નવલકથા ‘માનવીની ભવાઈ’ ટેક્સ્ટ બુક તરીકે આવી.

ગુજરાતીના વીદ્વાન અધ્યાપક શ્રી સુશીલ દવે સ્ટાફ–રુમમાં હતા ત્યાં એક વીદ્યાર્થી આવ્યો.

વીદ્યાર્થીએ મુંઝવણ વ્યક્ત કરી : “સર, માનવીની ભવાઈ’ કયા લેખકની સારી આવે છે? મારે ખરીદવી છે.”

અધ્યાપક તો વીચારમાં પડી ગયા! પરંતુ જવાબ આપવાને બદલે તેમણે સામો સવાલ કર્યો, ‘પન્નાલાલ પટેલ સીવાય બીજા કોઈ લેખકની આવતી હોય તો મને બતાવો.’

વીદ્યાર્થીએ અધ્યાપક સમક્ષ ‘માનવીની ભવાઈ’ સબબ ત્રણ પુસ્તકો(અલબત્ત, ગાઈડ!) પટક્યાં : લેખક : ‘પરીખ–ઝાલા’, ‘શાહ અને દેસાઈ’ અને ‘પટેલ–ત્રીવેદી–પંડયા’!

અધ્યાપક દવેએ શીક્ષણની આ ‘ભવાઈ’ નજર સામે ભજવાતી જોઈને કપાળ કુટ્યું!

## ૮. જોડણીનો જુલમ •પાન : ૩૯•

પ્રીતી મૅડમ શુદ્ધ જોડણીનાં અતી આગ્રહી. એમનો આ આગ્રહ અસાધ્ય રોગની કક્ષા વટાવી ગયો હતો. ‘કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધીકાર નથી’ એ સુત્ર તેઓ દીવસમાં દસ વાર સહુને સંભળાવતાં હતાં.

સાતમા ધોરણના વીદ્યાર્થીઓને પ્રીતી મૅડમે નીબંધ લખવા માટે આપ્યો : ‘ચાંદની રાતે નૌકાવીહાર’.

અમીત ખુબ તેજસ્વી વીદ્યાર્થી. કલ્પનાશક્તી અને સર્જકતા એનામાં ભારોભાર! ભાવપ્રધાન કે કલ્પનાપ્રધાન વીષયો પર એની કલમ સડસડાટ ચાલે.. જાણે ઉડે..! એને વીષય ગમ્યો. એણે દીલ ખોલી એવો નીબંધ લખ્યો કે વાંચનારના મોંમાંથી ઉદ્ગાર સરી પડે કે, ‘વાહ, વાહ’! નીબંધમાં તેને દસમાંથી આઠ ગુણ તો મળશે એવો એને પાકો વીશ્વાસ.

પરંતુ પ્રીતી મૅડમે નીબંધની નોટ તપાસીને પરત કરી ત્યારે એણે જોયું કે મૅડમે લાલ પેનથી કેટલાય શબ્દો પર છેકા માર્યા છે. આખું પાનું લાલ રંગથી રંગાઈ ગયું છે. દસમાંથી તેને મસમોટું મીંડું ‘ઝીરો’ ગુણ મળ્યા છે! અમીતને પરીણામ જાણી આઘાત લાગ્યો.

ઝીરો ગુણનું રહસ્ય જાણવા માટે એ મૅડમને મળ્યો. મૅડમે નીબંધ બતાવી ગુસ્સામાં કહ્યું, ‘જોડણીનું કંઈ ભાનબાન છે? હ્રસ્વ–દીર્ઘ ઈ–ઉમાં બધે ઉલટી જ જોડણી કરી છે! કુલ ચૌદ

જોડણી ભુલો છે. એક ભુલનો એક માર્ક કાપીએ તો ચૌદ માર્ક્સ કાપવાના થાય!'

'પણ મૅડમ નીબંધની મૅટરનું શું?'

'મૅટરમાં મુકો પુળો! પહેલાં જોડણી સુધારો. આવા જ રહેશો તો પાંચ વરસેય પાસ નહીં થાઓ.'

જોડણીના જુલમથી અમીત ડીપ્રેશનમાં આવી ગયો. એણે વીચાર્યું : બધે જ હ્રસ્વ અથવા બધે જ દીર્ઘ કર્યું હોત તો અડધી ભુલો તો ઓછી થઈ જાત!

–તુલસીભાઈ પટેલ

'ઉંઝાજોડણી'માં પ્રકાશીત અને 'રામજીભાઈ અને સરોજબહેન'ને અર્પીત લેખકના પુસ્તક 'શીક્ષણની ભવાઈ' (પ્રકાશક : લેખક પોતે, પ્રકાશન વર્ષ : ૨૦૦૬, પૃષ્ઠ : ૪૮, મુલ્ય : પચીસ રુપીયા)માંથી સાભાર..

સંપર્ક : ૧–ઉદયનગર સોસાયટી, મહેસાણા–૩૮૪ ૦૦૨

ફોન : ૦૨૭૬૨–૨૫૨ ૬૨૪–મોબાઈલ ફોન : ૯૯૯૮૦ ૮૯૬૩૩

@

116 : 26-08-2007

# ઝંખે છે સાથ ભવોભવનો

–સુરેશ પ્રજાપતી

અનુક્રમણીકા

## ૧. ●પાનું : ૧૨●

એક વ્યક્તી તેના લગ્નજીવનથી કંટાળીને છુટાછેડાના આરે આવીને ઉભી હતી. આ માટે તે પ્રખ્યાત લેખક સ્ટીફન કોવે પાસેથી માર્ગદર્શન માટે આવી. સ્ટીફન તેને પ્રશ્ન કરે છે, ‘તમારે સંતાનો છે?’ પેલી વ્યક્તીએ હા પાડી. સ્ટીફન બીજો પ્રશ્ન કરે છે, ‘તમારે છુટાછેડા લેવા હોય તો મને એ કહો કે તમે સંતાનો કેવી રીતે પેદાં કર્યાં?’ પેલી વ્યક્તી સ્ટીફનના આ પ્રશ્નથી ડઘાઈ જાય છે. સ્ટીફન તેને આગળ સમજાવે છે કે, ‘ભલા માણસ, તમને તમારા જીવન સાથીની શારીરીક ભીન્નતા જો ગમતી હોય તો તેવી જ રીતે માનસીક ભીન્નતા કેમ ગમાડતા નથી? આ ભીન્નતાને કારણે તો તમે લગ્ન કર્યાં છે!’

## ૨. ●પાનું : ૧૬●

કોલકાતાની અમારી એક વર્કશૉપમાં એક બહેને તેમના જીવનનો યાદગાર પ્રસંગ વર્ણવ્યો હતો. તેમના રીવાજ પ્રમાણે પ્રથમ બાળકના જન્મ સમયે સાસરી પક્ષના લોકો દવાખાને

આવીને બાળકને લઈને નીકળે છે. આ બહેનને એ વખતે એવું લાગે છે કે બધાને બાળકથી મતલબ છે; પણ મારી કોઈને પડી નથી. પરંતુ તેઓ જવા માટે જેવાં ઉભાં થયાં કે તેમનો પતી તેમનો હાથ પકડી લે છે. તેમને તરત જ અહેસાસ થયો કે મારા પતીને માત્ર સંતાનમાં જ નહીં; પણ મારામાં પણ એટલો જ રસ છે. આવો નાનકડો પ્રસંગ કોઈ વ્યક્તીના જીવનનો યાદગાર પ્રસંગ પણ બની શકે તેટલી હદે સુક્ષ્મ લાગણીઓ આપણા જીવનમાં અસર કરતી હોય છે.

3. ●પાનું : ૧૭●

અમદાવાદમાં ભુકંપ દરમીયાન આવો જ એક કીસ્સો બન્યો હતો. ભુકંપ પછી નાના નાના આફ્ટર શૉકમાં વચ્ચે ક્યારેક મોટા આંચકા આવતા હતા. એક વાર આવો જ એક મોટો આંચકો આવતાં, ચાંદલોડીયા વીસ્તારના એક ભાઈ તેમનાં પત્ની અને સંતાનોને ઘરમાં મુકીને પોતે પોતાનો જાન બચાવવા કુદીને તરત જ ઘરની બહાર નીકળી ગયા. થોડા સમય બાદ તેમની પત્ની તેમનાં બન્ને સંતાનોને લઈને બહાર નીકળ્યાં. બહાર નીકળ્યા બાદ તેમના પતીને મેદાનમાં ઉભેલા જોઈને આ સ્ત્રીએ કેવી લાગણી અનુભવી હશે?

૪. ●પાનું : ૩૦●

અમારી દીલ્હીની એક વર્કશૉપમાં એક બહેને તેમનો અનુભવ વર્ણવેલો. તેમની એક જન્મતારીખે સવારે તેમના પતીએ અભીનંદન આપ્યા નહીં. એટલું જ નહીં પણ કશું બોલ્યા વગર વહેલી શીફ્ટ હોવાથી સવારે ઓફીસે જતા રહ્યા. વીશેષ દુ:ખ એ બાબતનું હતું કે તેમના પતી તેમના પહેલાં ઉઠીને પોતાની ચા સ્વયં બનાવી–પીને નીકળી ગયા હતા અને તે પણ પોતાના જીવનસાથીને જન્મદીનની શુભેચ્છા પાઠવ્યા વગર!

આ બહેન પણ ભગ્ન હૈયે પોતાના રોજીન્દાં કામે લાગ્યાં. તેમણે જ્યારે પોતાના માટે ચા બનાવવા ખાંડનો ડબ્બો ખોલ્યો તો તેમાંથી એક ચીઠ્ઠી નીકળી. જોયું તો તેમાં તેમની જન્મદીનની શુભેચ્છા લખી હતી. ત્યારબાદ ચાનો ડબ્બો ખોલ્યો તેમાં પણ આવી કાપલી મળી. ત્યાર બાદ બપોર સુધી તો કપડાં ધોવાના પાવડરમાં, બાથરુમમાં, લોટના ડબ્બામાં, ચોખામાં, દાળમાં તમામ જગ્યાએ આવી શુભેચ્છા દર્શાવતી કાપલીઓ મળી આવી. તેને પોતાની જાત ઉપર થોડી વાર માટે ક્ષોભ થયો કે પોતાના પતી વીશે કેવી ખોટી ધારણા બાંધી! સાંજે જ્યારે તેમના પતી ઓફીસેથી પરત આવ્યા હશે ત્યાર પછીની તેમની પરીસ્થીતીની તમે કલ્પના કરી શકો છો?

૫. ●પાનું : ૩૩●

ટાટા કંપનીના કામદાર માટેની વર્કશોપમાં એક ભાઈએ પોતાના જીવનનો પ્રસંગ વર્ણવ્યો હતો. તેમનાં સાસુ–સસરા ગરીબ પરીસ્થીતીમાં હતાં. બે સાળા હતા જે માત્ર પોતાનું જ ગુજરાન માંડ માંડ ચલાવતા હતા. આ પરીસ્થીતીમાં દર મહીને, તેઓ ૭૦–૮૦ કી.મી. દુર રહેતાં તેમનાં સાસુ–સસરાને એકલા જઈને પોતાની આવકમાંથી નાણાંકીય મદદ પુરી પાડતા. જે પરુષે પોતાનાં સાસુ–સસરાની આટલી કાળજી રાખી હોય તેણે પોતાની પત્નીને એવું કહેવાની જરૂર પડે ખરી કે તું પણ તારાં સાસુ–સસરાને પોતાનાં મા–બાપની જેમ અપનાવજે?

૬. ●પાનું : ૩૮●

મારા તાલીમના વ્યવસાયમાં કોઈને આપેલો સમય ખુબ અગત્યનો હોય છે. એકવાર સમય આપ્યા પછી લોકોની વ્યવસ્થા તથા આયોજનને મુલતવી રાખવું બંને પક્ષે વધારે પીડાદાયક હોય છે. એક વખત મારી પત્ની અલકાની તબીયત, બાળકોનું વેકેશન અને ધરમપુરમાં આદીવાસી બહેનોની મારી નેતૃત્વ તાલીમ, આ ત્રણેયમાં અમારે શ્રેષ્ઠ વીકલ્પ શોધવાનો હતો.

તે દીવસે મોડી રાત્રે અમે બધાં સાથે મળીને તાદાત્મ્યપુર્ણ સંવાદ કરીને વીકલ્પો શોધવા મથતાં હતાં. મારે

તારીખ બદલવી, બાળકો અને મારી પત્નીએ પીયર જવું કે પછી બીજા કયા રસ્તાઓ છે? ચર્ચા કરતાં કરતાં અમે એવા તારણ પર આવ્યાં કે જે વીશે અમે પહેલાં વીચાર્યું પણ નહોતું. અમે બધાંયે સાથે ધરમપુર જવાનું નક્કી કર્યું. ધરમપુરમાં બાળકોએ વીજ્ઞાનમેળો માણ્યો, મારી પત્નીને આરામ મળી ગયો અને મારી તાલીમની કામગીરી પણ નીશ્ચીંતતાથી પુરી થઈ.

એકબીજાને સમજવાની ભાવના અને તાદાત્મ્યપુર્ણ સંવાદો જ સહઅસ્તીત્વ અને સર્જન માટેની પહેલી શરત છે.

૭. ●પાનું : ૪૮●

એક ખુબ જ ધનાઢ્ય વ્યક્તીએ તેની કંપનીના કોઈ કેસમાં ચર્ચા કરવા વકીલને ઘરે બોલાવેલો, જેથી કોર્ટમાં તે બાબતે યોગ્ય દલીલો તૈયાર કરી શકાય. હવે પોતાની અગત્યની અન્ય મીટીંગમાં જવાની ઉતાવળને કારણે તે ફાઈલ પોતાના ઘરે ભુલી જાય છે. સાફસફાઈ દરમીયાન તેની પત્નીનું ધ્યાન આ ફાઈલ ઉપર જાય છે અને કુતુહલવશ તે ફાઈલનાં પાનાં તે ફેરવે છે. તેમાં લખેલી દલીલો વાંચી તે વીચારમાં પડી જાય છે. તેને લાગે છે કે આ રીતે જો દલીલો થશે તો મારા પતી કેસમાં હારી જશે. આથી તે પોતાના પતીને ફોન કરી આ બાબતે જાણ કરે છે. તેનો પતી, વકીલને બીજી દલીલો તૈયાર કરવા પત્ની પાસે ઘરે મોકલે છે. તેની પત્નીનાં સુચનો

પ્રમાણે દલીલો તૈયાર કરવામાં આવે છે અને આ કેસ તે જીતી જાય છે.

ત્યારબાદ તેનો પતી વીચારમાં પડી જાય છે કે તેની પત્નીની આટલી જાણકારી અને સમજ માત્ર ચાર દીવાલની અંદર જ રહી જાય એ બરાબર નથી. તે તેની પત્નીને સમય મળે ત્યારે ઓફીસે આવવાનું કહે છે. તે રોજ બાળકોને સ્કુલે મુકી થોડો સમય ઓફીસે જાય છે. ત્યાં કામદારો તથા સ્ટાફ સાથે ચર્ચા–વીચારણા કરી અને તેમના પ્રશ્નો સાંભળી હલ કરવાના પ્રયાસો કરે છે અને પરીણામે કંપનીની કાર્યક્ષમતા વધી જાય છે. આ જોઈ તેને આ કંપનીની એચ. આર. વીભાગની જવાબદારી સોંપવામાં આવે છે. ધીમે ધીમે કંપનીમાં તેની આવડત જોઈ અને તે પોતે બીજા નવા પ્રોજેક્ટમાં વ્યસ્ત થતાં આ કંપનીની સંપુર્ણ જવાબદારી તેને સોંપે છે.

તેની નવી કંપનીની જરુરીયાતના કામે એકવાર વીદેશમાં ગયેલા તેના પતી પાછા ફરતી વખતે વીમાન અકસ્માતમાં મૃત્યુ પામે છે. તેની પત્નીને અનુભવ હોવાથી તે આખી કંપનીની જવાબદારી સંભાળી શકે છે. કચરો સાફ કરતાં જો તેણે ફાઈલ ઉપર નજર ન ફેરવી હોત તો? તેના પતીએ પોતાની પત્નીમાં આવી ક્ષમતા જોઈ ન હોત તો?

૮. ●પાનું : ૫૩●

એકવાર આ ભાઈ જયારે ઓફીસથી ઘરે જઈ રહ્યા હતા ત્યારે તેમની નજર થીયેટર આગળ ઉભેલા યુવાનો ઉપર પડી. આ યુવાનોમાં તેમનો બારમા ધોરણમાં ભણતો દીકરો જોઈ તેઓ સ્તબ્ધ થઈ ગયા! બીજી ક્ષણે તેમણે વીચાર્યું કે કદાચ તેની મમ્મીની રજા લઈને તે આવ્યો હશે. પરંતુ તેમનો આ ભ્રમ ઘરે જઈને તેમની પત્ની સાથે ખરાઈ કરતાં તુટ્યો. પોતાના દીકરાને જુઠ્ઠું બોલી અને અભ્યાસના મહત્ત્વના સમયે જ્યારે થીયેટર પાસે જોયો ત્યારે તેમનું દીકરાને ડૉકટર બનાવવાનું સ્વપ્ન રોળાતું દેખાયું. શું કરવું અને શું કહેવું તેની મુંઝવણમાં પતી–પત્ની બન્ને કેટલોય સમય વીચારતાં રહ્યાં.

રાત્રે જમવાના સમયે જ્યારે ડાયનીંગ ટેબલ ઉપર માત્ર બે ડીશ પીરસાઈ ત્યારે દીકરો બોલ્યો, 'કેમ બે ડીશ? પપ્પાને આજે ક્યાં ઉપવાસ છે?' તેની મમ્મી બોલી, 'બેટા, આજે આપણે બે જણે જ જમવાનું છે. તારા પપ્પાએ ઉપવાસ કરવાનું નક્કી કર્યું છે.' દીકરાએ જ્યારે ઉપવાસ કરવાના કારણની હકીકત જાણી ત્યારે તે પણ ભાવવીભોર બન્યો. માની અશ્રુભીની આંખો ઘણું કહી ગઈ. આ ઘટનાએ જાણે તેની આંખો જ ખોલી નાખી. તેણે પીતાજીની માફી માગી અને આવી ભુલ ન કરવાનું વચન આપ્યું. ત્રણેયે સજળ આંખે ભોજન લીધું. ત્યારબાદ દીકરો

એમ.બી.બી.એસ. થયો ત્યાં સુધી એકપણ વાર તેને ભણવા બાબતે ટકોર કરવી પડી નહોતી.

આજે તેમનો દીકરો ડૉક્ટર છે અને માનવસેવાની તંદુરસ્ત પ્રેકટીસ કરી રહ્યો છે.

–સુરેશ પ્રજાપતી

'ઝંખે છે સાથ ભવોભવનો' (લેખક–પ્રકાશક : સુરેશ પ્રજાપતી, આકાર પબ્લીકેશન, બી–૩૦૪, અક્ષત એવન્યુ, રેવતી ટાવર સામે, રામદેવ નગર–સેટેલાઈટ, અમદાવાદ–૩૮૦ ૦૧૫– ફોન : ૦૭૯–૨૬૮૬ ૦૭૨૬)માંથી સાભાર...

લેખક-સંપર્ક ઉપરને સરનામે અને ..

ઈ–મેઈલ : aakar_group@yahoo.com અને : suresh_aakar@yahoo.com

@

117 : 02-09-2007

# દાદો ગવળી

–સ્વામી આનંદ

અનુક્રમણીકા

દુધના વેપારમાં મુંબઈમાં નામાંકીત થયું (અને મારા સાંભળવા મુજબ દેશના ભાગલા પછી પાકીસ્તાન જઈ વસ્યું) તે કીલ્લેદાર કુટુંબનો જ ઘણું કરીને એ વડવો–આજો, પણજો કે બપાવો હતો. મારા બચપણને કાળે એટલે કે ૧૯મી સદીના નવમા દસમા દાયકામાં મુંબઈના ગીરગામ બૅકરોડ પાછળ સીંધી ગલીમાં જાફરાબાદી ભેંશોના બે તબેલા રાખી દુધ વેચતો. એનું દુધ આખા મુંબઈમાં પ્રખ્યાત હતું.

તે કાળે મુંબઈમાં દુધ ૫૬ તોલાનો શેર ત્રણ પૈસે વેચાતું. એ એક આનો લેતો.

આ તબેલાંનાં અને તેના માલીક દાદા ગવળીનાં બહુ તાદૃશ સ્મરણો મારી સંભારણમાં ચોંટી રહ્યાં છે. હું ૮–૧૦ ઉંમરનો થયો ત્યાં સુધી અમે છોકરાં હમેશાં અહીં દુધ લેવા જતાં.

## ૨.

દાદો ગવળી કોકણી નવાયત, કાં કાઠીયાવાડી મેમણ, ખાંટ કે આયર હતો. ઘાંચીના પાડા જેવું સ્થુલ શરીર. ચોવીસે

કલાક ઉઘાડે ડીલે તબેલામાં જ હોય. વર્ણે શામળો. ચામડી તેલ દીધેલ સીસમની જેમ ચમકે. પહોળી પાટડા જેવી છાતી, મોટી આંખો, ટુંકી દાઢી ને ખાસી ફાંદ. બે હારમાં બાંધેલી બેઉ તબેલાની સાઠ ભેંશો આખો વખત એકધારી નજરે ભળાય એવી રીતે એક તબેલાને છેડે માથોડું ઉંચા ને લાંબા પહોળા લાકડાના થડા ઉપર ખાટલો નાંખીને વસે. એ જ એનું ઘર ને બાર. ત્યાં જ સુએ, બેસે, ખાયપીએ. ચોવીસે કલાકની જીન્દગી એ જ થડા પર.

ત્યાં જ બેઉ વેળ દુધ વેચે. ભલા ભુપને સારુ, કે મોટા કમીશનર–ગવન્ડરનો ચપરાસી દુધ લેવા આવે તોય, એને ત્યાં વેરોવંચો ન મળે. એના વેપારની રીતરસમ એટલે બ્રહ્માના લેખ. મરદ બૈરાં બાળક, ભોટ કે ચતુર, કોઈ પણ આવ્યું તેણે લાઈનમાં ઉભાં રહેવાનું.

ભૈયા નોકરો ટંચન જેવા તબેલામાં ભેંશોને ધોઈ નવાડી મોઢું દેખાય એવી સ્વચ્છ ચળકતી પીત્તળની તાંબડીઓમાં દુધ દોહીદોહીને દાદાના મોં આગળ થડા પર ગોઠવેલા પહોળા મોંના હાંડામાં ખાલવતા જાય; ને દાદો ઘસી માંજીને ઝગારા મારતાં કરેલ શેર અચ્છેર પાશેરીયાં માપ ચોખ્ખી થાળીમાં મુક્યાં હોય, તેનાથી ભરીભરીને ઘરાકના વાસણમાં ઠાલવતો જાય. લેનારે એક હાથે રોકડા પૈસા દાદાના હાથમાં મુકવાના, ને બીજે હાથે પોતાનું વાસણ ઉંચું ધરવાનું.

દાદો પૈસા ગણી લઈને બાજુમાં ઢગલો કરતો જાય ને માપ ભરીભરીને દુધ ઘરાકને આપતો જાય. લઈને ઘરાકે આગળ જવાનું, ને હારમાં ઉભેલા તેના પછીનાએ પૈસા અને વાસણ દાદાને ધરવાનાં.

3.

દાદો દુધ ભરતો જાય, ઘરાકના વાસણમાં ઠાલવતો જાય ને મોટેથી બુમ પાડીને બોલતો જાય :

“કઈ માવડીનું દુધ આવ્યું? આ તો મારી રઢીયાળીનું; આ તો મારી લાખેણીનું; આ આવ્યું મારી ભાગવંતીનું; આ સતવંતીનું, ચંદરણીનું, રુપેણીનું!”

વળી ઘરાકોની કતારને સંબોધે, ને કહેતો જાય :

“ખાઓ મારા બાપલા! ખાવ મારી માવડીઓનાં દુધ, ને થાવ તાજા. મારી ભાગવંતીયુંનાં દુધ એટલેં શું સમઝો છ? બસ, ઘર ને બહાર બધે તમારે બરકત જ બરકત. આજે રોકડા ને કાલે ઉધાર. ખાવ ને ખુસ થાવ બાપ્પા મારા. ખમ્મા તમને, ને ખમ્મા મારી ભાગવંતીયુંને! ખાવ મારી લાખેણી, રસવંતી, ધનવંતીયુંનાં દુધ, ને થાવ જોરાવર છાતીયુંવાળા. ખેડો દેશાવરના દરીયા, ને લાંગરો લખમીનાં લદોલદ ઝાઝ લાવીલાવીને મુંબઈના બારામાં! ધંન મારી ભાગવંતીયુંને; ધંન મારી માવડીયુંને.”

વળી વચમાં જ કોઈ ભૈયા બરદાસીને કૅ’શે :

“અલા જો છ કે? ઓલી સતવંતીયેં પોદળો કર્યો. કાઢ ઝટ. પળવારની ઢીલનાયે પરાછત લાગે. ઈ તો માવડીયું કે’વાય, એકોએક. ભાગવંતી. ભાયગ લઈને તારે ઘરે આવીયું છે, તારાં ભાયગ ઉઘાડવા. ઈનાં દુધ ખાશે ઈ ભાગવંતા થાશે; ને ઈનાં ભાયગના આગળા ઉઘડી જાશે! કાઢ, કાઢ ઝટ પોદળો. તબેલા ને ગમાણ્યું, બધાં કેવાં આભલા જેવાં રૅ’વાં જોવે, રાત ને દી. હા, ઈમાં ફેર નોં પડવો જોવે. નીકર મારે તારું કામ નઈં. તુંને માવડીઓની ટૅલચાકરી કરવા રાખ્યો છે. ઉભો થઈ રૅ’વા ને ટગરટગર જોવા સારુ નઈં. સમઝ્યો અલા! ઝટ કર, ચોંપ કર. માર ઝપાટો. આ ઘરાકુંની લંગાર ઉભી થઈ રહી છે. જોતો નથી?”

“આ કઈ માવડીનું દુધ આવ્યું?”

## ૪.

આમ અવ્યાહત ચાલે. કલાક વારમાં એકકોર હાંડા ખાલી, ને બીજીકોર ખુરદાનો ઢગલો! ડોસો ઉશેટીને સુતરની ગુંથેલ કોથળીમાં ભરે ને બપોરે વેપારીનો માણસ આવે તેને ગણી દઈને રુપીયા કરે. દુધે હાડા હાંકે, ને પૈસે કોથળીયું હાંકે.

ખરચ પણ તેવો જ કરે. દસ દસ ભેંશ પાછળ અકેક બરદાસી. માંદેસાજે જગા પુરનારા, બજારનાં ઘાસ–દાણો

સારનારા જુદા. ખાણ દાણો ચુણી સરકી(કપાસીયા) બધું પોતાની નજર હેઠળ સાફ કરાવે, પલાળાવે, બફાવે, માપીને આંખ સામે એક એક ‘માવડી’ને ખવડાવે. ખાણ ખાતી એક એક ભેંશની પીઠે હાથ ફેરવતો જાય, માથે શીંગડે કે કાનસુરીઓમાં ખજવાળતો જાય, ને હેતના બોલ ઠાલવતો જાય.

ભેંશોય એકેએક બોલ સમજે, ને એ પાસે આવે તેવી જ હીંસો નાંખે; જાણે હમણાં તોડાવશે! ધોવા–નવડાવવાના, પગ છુટો કરવા ફેરવી લાવવાના કલાકો નીમેલા. લીલાંસુકાં ઘાસ ખવડાવવાનાં વજન દરેકનાં નક્કી. નક્કી કરેલા કલાકોએ આરસી જેવી સ્વચ્છ ગમાણોમાં દરેકને નીરવાનાં.

ચોવીસે કલાક ‘માવડીયું’ની માવજત, એ જ એની જીન્દગી! ન જુદું હરવા–ફરવાનું, ન બજારબંદર ક્યાંયે જવાનું. એનો તમામ વહેવાર–વેપાર એના થડા ઉપર, ને એના તબેલામાં. ત્યાં જ બધા આવે.

કુટુંબજીવન એને નહોતું. આની ‘માવડીયું’ ને તબેલાબરદાસી જ બધું. પોતરાં–દોતરાં તો કળશી એક. પણ સૌ સૌને મારગે. એને કશી વળગણ આગોપીછો ન મળે.

## ૫.

ડોસો દયાળુ. મુઈ માનાં ધાવણાં બાળકોને વરસનાં થાય ત્યાં સુધી દુધની લોટીઓ મફત ભરી આપે. સાપ વીંછુનેય

ન મારે. બાળકોને ‘બાપલાં’ અને બૈરાં નાનાંમોટાં તમામને ‘માડી, મારી મા’ કહીને જ બોલાવે. શાખ તો એવી કે તે કાળના મુંબઈ શહેર આખામાં કોઈ પણ એનું નામ પડતાંવેંત ‘શી વાત!’ કહી માથું નમાવે.

નીમાજ એ ન પઢતો. એનાં વજુનમાજ, તસબીબંદગી તમામ એની માવડીયું ને એનું ઈમાન હતાં. કહેતો :

“‘હે અલ્લા! હે પરવરદીગાર! મારા ઈમાનમાં ફેર પડે તે દી’ મારું મોત થાજો; મારું જડાબીંટ જાજો; ને મારે દીકરીયેંય દીવો નૉ રૅ’જો.’

મોંઘારત આવતી ગઈ તેમ તેમ દુધના ભાવ વધારતો ગયો. પણ એની ‘માવડીયું’ની માવજત, ખાણદાણો, ઘાસપાન, કશામાં કે એના દુધમાં ફેર ન પડ્યો. જીવ્યો ત્યાં સુધી એનું ઈમાન જેવું ને તેવું કાયમ રહ્યું.

મુંબઈમાં દુધના વેપારમાં આ એક જ માણસને મારી જીન્દગીમાં મેં રળેલો જોયો. એની પાછળ એના વંશજોએ એ બે ભાગ્યવંતા તબેલા અને ડોસાની રીતરસમ ઠીકઠીક વરસો નભાવેલાં. ને ત્યાં સુધી જ એ કુટુંબમાં બરકત રહી. પછી તો ભાગ્યની ઘટમાળનો ચક્રનેમીક્રમ સૌની જેમ એ લોકને પણ લાગુ પડ્યો હોય તો નવાઈ નહીં. (૧૯૫૭– ‘ધરતીનું લુણ’)

–સ્વામી આનંદ

@

118 : 09-09-2007

# તમારાં બાળકો તમારાં નથી

–પ્રા. રમણ પાઠક ‘વાચસ્પતી’

અનુક્રમણીકા

*શાળા, બાળકને શારીરીક, માનસીક તથા નૈતીક રીતે કારાવાસમાં પુરી મુકે છે; જેથી મોટેરા દ્વારા તેઓની બુદ્ધીમત્તાને યથેચ્છ તરડી–મરડી શકાય. મતલબ કે પોતાને ગમતાં ઈચ્છીત બીબાંમાં કુમળાં બાળકોને ઢાળી શકાય. શાળાઓ, પ્રકૃતી સાથેનાં બાળકના સહજ સંપર્કને છેદી નાખે છે.*

–ફ્રાન્સીસ્કો ફૅરર

*(આ ફૅરર સ્પેનનો એક મહાન ક્રાંતીકારી રૅશાનલીસ્ટ વીચારક –ફ્રી થીંકર– થઈ ગયો; જેને, તેના આવા પ્રગતીશીલ વીચારો બદલ, ઈ. સ. ૧૯૦૯માં ફાંસીએ ચઢાવી દેવામાં આવ્યો હતો!)*

વર્ષો પુર્વેની આ ઘટના છે : મેદાન નવાસવા વરસાદને પરીણામે રઢીયાળું બની રહ્યું હતું. કુણું લીલું ઘાસ નાનાં–નીર્દોષ ભુલકાંની જેમ, આ અજાણ્યા વીશ્વને પામવા ડોકાં કાઢી ઝુલતું હતું. ખાડાઓમાં ખાબોચીયાં ભરાયાં હતાં, જેમાં નાના નાના અનામી છોડ પવનમાં લહેરીયાં લેતા હતા. વધારામાં વળી,

મેદાનને શેઢે રેતી–પથ્થરના ઢગલા હતા. કદાચ નજીકમાં ક્યાંક મકાન બંધાતું હશે. હું ચી. મંદાને આ મેદાનમાં ફરવા લઈ ગયો. તેને ત્યાં ખુબ જ મઝા પડી ગઈ. એની પ્રીય રમત–પાણીમાં પથરા નાંખવાની, રમતાં રમતાં અચાનક જ તે મને પુછી બેઠી : ‘આ મેદાન તેં મારે માટે બનાવ્યું?’ ત્યારે ફક્ત સાડા ત્રણ વર્ષની મંદાએ આ પ્રશ્નમાં ‘મારા માટે’ શબ્દપ્રયોગ પર જરુરી સ્વરભાર પણ મુક્યો; કારણ કે બાળકની આત્મગૌરવની અને ગર્વની લાગણી મોટેરાં કરતાંય વધુ પ્રબળ હોય છે. પોતાનું અસ્તીત્વ તથા મહત્ત્વ સ્થાપીત કરવાનો એનો સતત પ્રયત્ન હોય છે, અને એવો અનુભવ તેને અદ્ભુત આનંદ આપે છે. બાળકીના આવા મજેદાર અણધાર્યા તથા વીલક્ષણ પ્રશ્નથી મનેય અદ્ભુત રોમાંચ થયો! મેં પુરા આત્મીય ઉષ્માથી ઉત્તર વાળ્યો :

‘હા દીકરા, તારે માટે જ તો, તારે રમવા માટે જ આ મેદાન મેં બનાવ્યું.’

બાળકી તો એના ગર્વ તથા અહંના પરીતોષથી ખુશખુશાલ! વડીલોના અજાણ્યા અને પરાયા સંસારમાં બાળક સદાય પોતાનાં અસ્તીત્વ–ઉપસ્થીતી આગળ કરવા આવું કંઈક વીચારે છે, અને વડીલો સમક્ષ ઉદ્ગારે છે. ત્યારે સાથેનાં મોટેરાં

એને હસી કાઢે છે, ઈનકારે છે, અને તુચ્છકારપુર્વક એને સાચી હકીકત જણાવી પણ દે છે. આ બીલકુલ અનુચીત બાલહીંસાનો માર્ગ છે. બાળકની સૌથી મનગમતી વસ્તુઓ આ બાહરી દુનીયામાં બે જ છે : પ્રેમ અને પ્રશંસા; જે અમૃત છે; જ્યારે તુચ્છકાર, ઉપેક્ષા અને ધાકધમકી એ બાળકને માનસીક રીતે હણી નાખનારું ઝેર છે.

સ્પષ્ટતા કરું કે, સંખેડા ગામની મારા પડોશીની એ પુત્રી ચી. મંદા મંદબુદ્ધીની મુદ્દલેય નહોતી. બલકે સંપુર્ણ નોર્મલ તથા પુરી સ્માર્ટ જ હતી. મતલબ કે સાડા ત્રણ વર્ષના બાળકનું મગજ જેટલું વીકસીત હોય છે, એટલી બુદ્ધી એનામાં પુર્ણ વીકાસ પામેલી હતી જ. એનો અર્થ એ જ કે, એટલી વયનું બાળક આવાં મેદાન કુદરતી રીતે જ બન્યાં હોય; એના કોઈ માનવ–વડીલ એવી જગ્યા રચી શકે જ નહીં–એવી સમજ ધરાવવા જેટલું પરીપક્વ તે નથી હોતું. એને મન તો એમ જ કે એના અંકલ જેમ તેને ખુશ કરવા ચૉકલેટ આપે યા રમવા માટે રમકડું લાવી દે, એ જ રીતે એને મનગમતું ખેલવા માટે એક મજાનું મેદાન પણ બનાવી દે!...પરંતુ અહીં તો મારે એ બાળકી મંદાની ઈતર કરુણતાની જ કહાણી વર્ણવવી છે.

આઝાદી બાદ, આપણે ભારતીયજનો (અમુક અંશે તો એ આઝાદીને કારણે જ) દુ:ખી દુ:ખી થઈ રહ્યા છીએ. પરંતુ એ તો માફ, કારણ કે આપણા નેતાઓ મુળથી જ 'વચને કીમ્ દરીદ્રતા'માં માનનારા મહાનુભાવો છે; જેનો અમલ કરવાની ક્ષમતા કે નીષ્ઠા તેઓ ખાસ ધરાવતા નથી હોતા. દાખલો ટાંકું તો, આઝાદી પુર્વે અમે નેહરુજીને બુલંદ કંઠે એવું પોકારતા કાનોકાન સાંભળેલા કે, 'સ્વાતંત્ર્ય આવશે, એટલે અમે કાળા બજારીયાને જાહેરમાં ફાંસીએ ચઢાવી દઈશું'. તો વળી ગાંધીજી ઘોષણા કરતા કે, 'આઝાદી બાદ, વાઈસ–રીગલ લૉજને, એટલે કે રાષ્ટ્રપતીભવનને અમે હૉસ્પીટલમાં ફેરવી નાંખીશું!' પરંતુ આઝાદી પછી તો બધા જ રહસ્યમય ચુપકીદીમાં લાપતા જ થઈ ગયા. અને કાળા બજારીયા તો ઠીક, શરીફ લુંટારાય બીનધાસ્ત ફરવા લાગ્યા, અને આજે તો વળી હદ બહાર!

ખેર, એ તો બધું જ માફ, બહુ દુ:ખીયાને દુખ નહીં! પરંતુ બાળકોની અસહ્ય યાતનાઓ આ જીવથી જોઈ જતી નથી. એ સ્વતંત્ર સરકારની માત્ર શરમ જ નહીં ; ગુનાહીત નીષ્ફળતા છે. આ દેશમાં પુરા દશ કરોડ બાળમજુરો છે, દુનીયાભરના દેશોમાં સૌથી વધુ અને એ તો કેવળ સત્તાવાર સર્વેક્ષણથી, બાકી હકીકતે, બીજા દશ કરોડ વળી છુપા છે, અને તેય કોઈપણ માલીક બીનધાસ્ત રાખી શકે. ભારતમાં જેમ નેતાઓ

પક્ષે, તેમ કાયદા કરવા બાબતે પણ ઋવચને કીં દરીદ્રતાજા જેવું જ છે. લોકો એક પણ પ્રતીકુળ લાગતો કાયદો પાળતા નથી, સવીનય કાનુન ભંગ! જગતની કાયદાતોડું પ્રજાઓમાં પણ આપણો નંબર અવ્વલ દરજ્જે! અહીં નાનાં–મોટાં તમામ નગરોમાં નાનકડાં ત્રણચાર વર્ષનાં બાળકોને ભીખ માંગતાંય હજારોની સંખ્યામાં જોવા મળે, જે મારે મન સૌથી વધુ કરુણ, કરપીણ અને હૃદયદ્રાવક દૃશ્ય છે; પણ આપણે સૌ લાચાર! ‘આઝાદી’એ આપણને મજબુર ‘ગુલામ’ જેવા બનાવી મુક્યા છે.

ખરેખર, અંગ્રેજી શાસનમાં અમે બાળકો તો કમસેકમ સુખી હતાં. ત્યારે શાળાએ બેસાડવાની લઘુત્તમ ઉંમર પાંચ વર્ષની હતી, અને બાલમંદીર સ્વરુપનું પ્રથમ વર્ષ તે ‘બાળપોથી’નો વર્ગ ગણાતો. અમારે બાળકોએ ફક્ત નીશાળે જવાનું એટલું જ, પછી વાલીઓ તો શું, ક્યાંક તો ખુદ શીક્ષકોય ન જાણે કે અમે ખરેખર શું ભણ્યાં યા ભણીએ છીએ! પેનથી પાટીમાં એકડા–બગડા લખવાના બસ! એ સીવાય બધું જ મૌખીક, અરે વાર્ષીક પરીક્ષાય છેક છઠ્ઠી સુધી (એટલે કે પ્રાથમીકના છઠ્ઠા વર્ષ સુધી) મૌખીક જ! ખરેખર જ, ત્યારે સાચા, પાકા યા પુરા અર્થમાં ભાર વીનાનું ભણતર! ટ્યુશન જેવો જાલીમ શબ્દ ત્યારે અમે તો શું, અમારા વાલીઓએ સુધ્ધાં સ્વપ્નમાંય સાંભળેલો નહીં; એવું જ વળી લેસનનુંય, અર્થાત્

www.gujaratilexicon.com

શાળામાંથી કશુંય ઘરકામ કદી પણ આપવામાં આવતું નહીં. સ્કુલબેગનોય જરાય બોજો નહીં. વળી, અમારાં માતાપીતા પણ એટલાં જ શાણાં, સમજદાર તથા બાલવત્સલ કે અમને કદાપી ઘરે વાંચવા–લખવાની ફરજ પાડતાં નહીં. નીશાળના સમય બાદ બસ, ખુલ્લા દીલે ખેલ્યા કરવાનું, તેય મારા જેવા માટે તો વળી જંગલમાં, નદી કાંઠે, વૃક્ષોની ડાળીએ કે પહાડોના ઢોળાવો પર. પોણોસો વર્ષ પુર્વેના અમારા આવા સુશીક્ષણનું કેવું શુભ સુંદર પરીણામ અમને મળ્યું એ અહીં નહીં વર્ણવું, કેમ કે કોઈને કદાચ એ આત્મપ્રશંસા લાગે.

હવે આધુનીક આઝાદ ભારતના (ગુલામ) બાળક જેવી મંદાની દયાજનક અવદશા વર્ણવું; કારણ કે અગાઉ જણાવ્યું તેમ, એ બેબલીની સમજશક્તી પુર્ણ વીકસીત નહોતી, જે એવું માની લઈ શકતી હતી કે, એના અંકલે ખાસ એને ખેલવા–કુદવા માટે જ આખું એક મેદાન બનાવ્યું! ચી.મંદાની વય સાડા ત્રણ વર્ષની અને એક પુરા વર્ષથી તો તે શાળાએ જતી થઈ ગયેલી! ન જાણે કયા કેળવણીકારે(કેળવણીકાળે) આ દેશમાં શાળા પ્રવેશની વયમર્યાદા અઢી વર્ષની ઠરાવી છે; જે ખરેખર તો બાળકોના સર્વાંગીણ હીતમાં પાંચ કે સાત વર્ષની જ હોવી ઘટે. નીશાળ શું? ભણવાનું શું અને શા માટે? એવું કંઈ જ એ બાપડાની સમજમાં ઉતરે જ નહીં; છતાં જબરજસ્તીને વશ

www.gujaratilexicon.com

થઈને નીશાળે જવાનું! –આ તે નીર્દોષ ભુલકાં પર કેવો જીવલેણ જુલમ! આજેય અમારી બીલ્ડીંગમાં શાળાએ ધકેલાતી એક ત્રણ વર્ષની બાળકી જે મજબુર, મરણતોલ ચીસો પાડે છે, એ સાંભળતાં ખાવુંપીવું કે જીવવું ખરેખર ઝેર થઈ જાય છે…

એટલું જ નહીં, અઢી ત્રણ વર્ષના એ અર્ધમાનવ સમાં માસુમ બાલુડાંને વળી લેખીત પરીક્ષા, ઘરકામ, અને ઘણાંને તો સ્કુલના ચારપાંચ કલાક ઉપરાંત, એક દોઢ કલાકનું ટ્યુશન પણ માથે ઠોકાય…! કોઈ વીચારતું જ નથી, અને જેઓને આવો આતંકવાદ વગર વાંકે સહેવો પડે છે, એ તો બીચારાં વીચારીય શું શકે? ઉપર જણાવ્યું તેમ ત્રણચાર વર્ષનાં બાળકોની સમજશક્તી પુર્ણ પરીપક્વ નથી જ હોતી. માટે જ શાળા પ્રવેશની મર્યાદા ઓછામાં ઓછી પાંચ વર્ષની તો, –અરે, પાંચ વર્ષની જ– કાયદાથી નક્કી કરવી ઘટે. અનેક સુધરેલા દેશોમાં એવો જ કાયદો છે પણ ખરો.

## ભરત વાક્ય

*તમારાં સંતાન આ સંસારમાં તમારા દ્વારા આવે છે, પરંતુ એ તમારાં નથી. મતલબ કે એથી તેઓ તમારી*

*માલીકીની ચીજ–વસ્તુ નથી બની જતાં કે જેથી તમે તમારી ઈચ્છાઓ યા મહત્ત્વાકાંક્ષાઓ તેઓને માથે થોપી શકો!*

(ખલીલ જીબ્રાનના બાળકો વીશેના એક અર્થસભર ભાષ્યનો સારાંશ)

–પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

સંપર્ક : ૪૦૧ – નટરાજ એપાર્ટમેન્ટ, સરદાર બાગ, બારડોલી–૩૯૪ ૬૦૧

ફોન : (૦૨૬૨૨) – ૨૨૨ ૧૭૬

સુરતના 'ગુજરાતમીત્ર' દૈનીકમાં છેલ્લાં ત્રીસ વરસથી પ્રકાશીત થતી પ્રા. રમણ પાઠકની લોકપ્રીય કટાર 'રમણભ્રમણ'માંનો તા.30 જુલાઈ ૨૦૦૭ને શનીવારનો લેખ સાભાર..

@

119 : 16-09-2007

# રજકણથી રક્તકણમાં

–મનસુખ નારીયા

અનુક્રમણીકા

1 •પાન : ૧૯•

હવા ખરીદવી પડે શહેરમાં હવે,
‘લે–વેચ’ શ્વાસની થશે જાહેરમાં હવે.
પ્રસંગો આ શહેરમાં ભુલી ગયો બધા,
યાદો દટાઈ ગામનાં ખંડેરમાં હવે.
સાંધી ચલાવવાના પ્રયત્નો તો વ્યર્થ છે,
ફાટી–તુટેલ જીન્દગીને પ્હેર મા હવે.
મેવાડી આંખો છે, બધે ઝેરીલી છે નજર,
મીરાં જીવી શકે નહીં આ ઝેરમાં હવે.
સુરજનો અર્થ ઉકલી શક્યો ન એટલે,
સત્તા છે મીણબત્તીની અંધેરમાં હવે.

૨. •પાન : ૨૮•

જેવી મળી આ જીન્દગી, તેવી ગમી હતી,
તો પણ હમેશાં લાગતું, થોડી કમી હતી.
આધાર એનો ક્યાં હશે, એ જાણતી હશે,

થોડીક ડાળો મુળ તરફ પણ નમી હશે.

આંખો વડે ઉંડાણથી ઉલેચવા છતાં,

ખારાશ લોહીની કદીયે ક્યાં શમી હતી?

થંભી જવાના આખરે ધબકાર સ્હેજમાં,

શ્વાસોનો બોજ આ હવા ક્યારે ખમી હતી?

ઈચ્છા સવારે સુર્યની જેમ જ ઉગે સતત,

પણ એ કદી ક્યાં સાંજ થઈને આથમી હતી?

મેં રક્તમાં રાખી હતી એ ઝંખનાઓ પણ,

મારી જ સામે કેટલા દાવો રમી હતી!

### ૩. પાન : ૨૯•

પ્રત્યેકની પ્રતીક્ષા, દીશા, દશા અલગ છે,

જીવનમાં આમ જાણે, સૌના નશા અલગ છે.

એક જ છે શ્વાસ સૌમાં, એક જ બધે પવન છે,

તો પણ જગતમાં શાથી, સૌની ધજા અલગ છે?

છે એક ઘર બધાનું, અંતીમ છે લક્ષ્ય એક જ,

પણ સૌનાં દ્વાર જુદાં, ને આવ–જાજા અલગ છે.

જીવનમાં છે ગુનાઓ સૌના જ એક સરખા,

પણ ઉમ્રભરની શાથી, સૌની સજા અલગ છે?

કોઈ સંબંધ સ્થાપે, કાપે અગર ઉથાપે,

સૌની વ્યથા અલગ છે, મસ્તી–મજા અલગ છે.

## ૪. •પાન : ૩૨•

નાળચું બંદુકનું તોડી બનાવી વાંસળી,
ને ધડાકાની અસર લય–સુરમાં પાછી મળી.
લોક સૌ જેને સમજતાજાતા હશે દીવાસળી,
એ જ અંતે નીકળી એક મ્હેકતી કોમળ કળી!
છોડ તુલસીના ઉગાડયા, તોપનાં કુંડાં કરી,
આગ ઝરતી લાગણી, લીલાશમાં પાછી વળી.
રક્તરંગી દૃશ્ય હું જોઈ નથી શકતો હવે,
જ્યારથી આ સાત રંગોની સમજ આંખે ભળી.
સરહદોને રદ કરો, ના પથ્થરોથી હદ કરો,
આ ગગનની જેમ, ધરતીને તમે લો સાંકળી.
તીર ને તલવાર ને હથીયારમાં સૌથી વધુ,
ધાર મનની તેજ ને કાતીલ બધાથી નીકળી.

## ૫.•પાન : ૫૦•

શહેરોમાં હર શ્વાસ જીવે છે હપ્તે હપ્તે,
માણસ નામે લાશ જીવે છે હપ્તે હપ્તે.
બેંક, લોન, ધીરાણ, ટકા ને મુદ્દત વચ્ચે,
મુદ્દલ માટે વ્યાજ જીવે છે હપ્તે હપ્તે.
તુટેલા દર્પણમાં આખો ચહેરો જોવા,
ભીતર કૈંક પ્રયાસ જીવે છે હપ્તે હપ્તે.

પડછાયાને સપનું છે સુરજ બનવાનું,
અંધારે અજવાસ જીવે છે હપ્તે હપ્તે.
ટુકડે ટુકડે વહેંચી વહેંચીને ઓઢેલું,
વાંકુંચુંકું આભ જીવે છે હપ્તે હપ્તે.
જીવન ટીવી સીરીયલના હપ્તાઓ જાણે,
સૌ પોતાનો ભાસ જીવે છે હપ્તે હપ્તે.

## ૬.•પાન : ૫૨•

હા, ગઝલ લખવા હૃદયમાં કંઈ છુપેલું જોઈએ,
આંખમાં અશ્રુ નહીં, લોહી ઘુંટેલું જોઈએ.
ઈશ્કના પંથે હૃદય બેફામ તરસ્યું હોય છે,
સ્પંદનોનું આ નગર મયમાં ડુબેલું જોઈએ.
જે કદી છુટયા પછી પાછું ફરી શકતું નથી,
તીર એ સંધાન તાકીને છુટેલું જોઈએ.
પાપણોમાં નીકળે વણઝાર જ્યારે દૃશ્યની,
સપ્તરંગી સ્વપ્ન તેમાંથી લુંટેલું જોઈએ.
એ ભરાતું જાય પણ છલકી અને ઢોળાય નહીં,
એ રીતે આ પાત્ર કીસ્મતનું તુટેલું જોઈએ.

### ૭.•પાન : ૫૮•

એક માણસને બીજો માણસ નડે,
એક પગ ખેંચે અને બીજો પડે.
રાહુ, કેતુ ને ગ્રહોનાં નામ પર,
ભાગ્યને સૌ દોષ દઈ નાહક રડે.
માણસો તો એક સરખા હોય છે,
એક બીજાથી અલગ માનસ લડે.
શક્ય છે કે ક્યાંક ખોયેલી જણસ,
આંખને ખોલો ને અંદરથી જડે.
જીન્દગીભર તો પતન જેનું થયું,
એ ધુમાડો થઈ હવે ઉંચે ચડે.
કોણ સમજે છે સમય સોના સમો,
ને ક્ષણોનાં કોણ આભુષણ ઘડે?

### ૮.•પાન : ૫૯•

કાયમ રહે છે મન હજુ એની તલાશમાં,
શેની હશે આ આવ–જા હર એક શ્વાસમાં?
કારણ વગર તો એક પણ ફેરો ન સંભવે,
કારણ હશે, તેથી હશે લીલાશ ઘાસમાં.
છે દુરની એ રોશની જોવામાં મગ્ન, મેં
છાયો કદી જોયો નહીં, જે હોય પાસમાં.

મહેકે નહીં, ખીલે નહીં, એવો સમય બધે–

મોસમ તને ક્યાંથી મળે બારેય માસમાં?

હું કોણ છું? એ જાણવા આવ્યો છું આ તરફ–

વીતી ગઈ આ જીંદગી એની તપાસમાં.

૯.•પાન : ૬૦•

મેં હૃદયમાં શ્વાસરુપે એક પળને પણ નથી જાણી;

છતાં માથે સમયનો ભાર આપો છો મને શાથી તમે?

અર્થ હું પામી નથી શક્યો હજુ તો એક રજકણનો,

અને આ એક જબ્બર પ્હાડ આપો છો મને શાથી તમે?

આંખની ભીનાશમાં અંકુર થઈ ફુટું પછી લીલાશ થઈ ઉગું,

પછી ચોમેર લીલા લ્હેર થઈને વીસ્તરું,

સ્વપ્નમાં અકબંધ છું મેં આખ પણ ખોલી નથી ને

ત્યાં જ નીર્જન કારમો દુષ્કાળ આપો છો મને શાથી તમે?

સાત સાગર પાર કરવાની સફર મેં આદરીજાતી,

આપને માની દીવાદાંડી અને હોડી ને હલ્લેસાં બધું,

બેઉ કીનારા તમે રાખી અને મઝધારમાં તુટેલ,

હલ્લેસાં વગરનું વ્હાણ આપો છો મને શાથી તમે?

આમ તો હું હારવું ને જીતવું બે શબ્દનીયે સાવ પેલે પાર છું,

જ્યાં યુદ્ધ જેવો શબ્દ પણ હોતો નથી,

એક લીલા વૃક્ષની ડાળી સમા આ હાથ મારા બેઉ કાપી,

ને પછી તલવાર આપો છો મને શાથી તમે?

ધારણા છે ફુલ જેવા એક આ નીર્દોષ એવા શહેર પર

ઝાકળ થઈને સ્નેહથી વરસી જવું છે સામટું,

આ શહેરમાં શોધી રહ્યો છું શહેર જેવું ને તમે

આ શહેરમાં કૈં કેટલાં રમખાણ આપો છો મને શાથી તમે?

## ૧૦.•અપ્રકાશીત•

તું જન્મજાત કેવળ આનંદની ફસલ છે,

તો પણ, હે જીવ! શાથી તું વેદના સભર છે?

કોઈ ચરમ ક્ષણોથી ધબકાર સંભવે છે,

જીવન ફલન પછીનું આખું અહીં અલગ છે.

સર્જકના હાથ કેવી અદ્ભુત કળા કરે છે?

બીબાં ને ઢાળ સરખાં; તો પણ બધા અલગ છે!

જેને મળે છે તેને પહેલેથી ક્યાં ખબર છે?

મળ્યું તો જોઈ લઈએ કેવીક આ સફર છે!

કોઈક એના કામે આપણને મોકલે છે,

શેની છે આવ–જા એ કોઈને ક્યાં ખબર છે?

૧૧.•અપ્રકાશીત•

## કેમ છે?

: ગીત : તાજી રચના

કોઈ મને પુછે કે કેમ છે?
હોય ગમે તેમ ભલે, તોય એમ કે’વાનું–
આપણે તો એય! હેમખેમ છે.
પોતાનો પડછાયો સામે દેખાય,
એને બીજાનો કેમ કરી કહેવો?
આપણો જ ભાર હવે આપણા આ ખંભા પર
ઉંચકીને કેમ કરી લેવો?
આખીયે દુનીયા છે શ્રદ્ધાનો વીષય ને–
પોતાની જાત પર વ્હેમ છે!
કોઈ મને પુછે કે કેમ છે?
પાંખો તો હોય છતાં ઉડવાનું નહીં,
અને પીંજર ન હોય તોયે કેદ છે
રસ્તાઓ લોકોને પુછે છે રોજ,
કેમ પગમાં ને પગલાંમાં ભેદ છે?
દૃશ્યોનાં દૃશ્યો તો આવે ને જાય છતાં–
આયનાઓ સાવ એમનેમ છે,
કોઈ મને પુછે કે કેમ છે?

–મનસુખ નારીયા

કવીના પ્રથમ કાવ્યસંગ્રહ 'રજકણથી રક્તકણમાં' (પ્રથમ આવૃત્તી : 2003 – પાન : 92 – મુલ્ય : રુપીયા : 70 – પ્રાપ્તીસ્થાન : કવીના નીચેના સરનામેથી)માંથી સાભાર..

સંપર્ક : 145 –શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત–395 006

ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273

ઈ–મેઈલ : vu2mnariya@gmail.com

@

120 : 23-09-2007

## ચશ્માં

–'હરીશ્ચંદ્ર'

અનુક્રમણીકા

હજી મેં અને સતીશે ઘરમાં પગ મુક્યો ત્યાં કપીલે ભરત તરફ જોઈ કહ્યું, 'કહી દઉં દાદાજીને?'

હું જરીક હસ્યો. ભરતને પુછ્યું, 'કેમ શું પરાક્રમ કર્યું?' પણ એ કાંઈ બોલ્યો નહીં, કપીલ તરફ જોઈ ઘુરકતો રહ્યો.

અમે ઘરમાં ગયા, પાણી પીધું. સતીશે પુછયું, 'કોઈના ફોન હતા?'

'આવ્યા હતા. પણ ભરતે ઉપાડ્યા અને પપ્પા નથી, કહીને મુકી દીધા,' –કપીલે ફરીયાદ કરી.

'અરે, કોણ છો – એમ તો પુછી લેવું જોઈએ!'

'પણ આ છોકરાંવ સાંભળે તો ને! ભરત તો ફોનની ઘંટડી વાગતાં જ દોડે છે. રીસીવર ઉપાડીને કહી દે છે કે પપ્પા નથી, અને મુકી દે છે!' – વહુએ ફરીયાદમાં સુર પુરાવ્યો. ભરત મોઢું ચડાવીને સાંભળતો રહ્યો.

થોડી વારે કપીલે મુખ્ય ફરીયાદ કરી : 'દાદાજી, આ ભરત તમારા લખવાના ટેબલ પર તમારી જેમ બેસે છે અને કાગળ લઈને લીટા દોરે છે. કહે છે, 'હું હીમાંશુ જોશી છું!' દાદી અને મમ્મી હસે છે તો કહે છે – હું દાદાજી કરતાંય સરસ વાર્તા

લખી શકું છું! હું કહું કે –તને તો હજી લખતાંયે નથી આવડતું! તો મને મારવા દોડે છે!’

મેં ભરતને પાસે જઈને થાબડ્યો. એ કપીલ તરફ ડીંગો બતાવીને હસતો રહ્યો.

મારો દીકરો સતીશ હમણાં નોર્વેમાં રહે છે. તેને બે દીકરા છે— આઠ વરસનો કપીલ અને પાંચનો ભરત. મહીના માટે હું નોર્વે આવ્યો છું. નાનો ભરત મારી સાથે બહુ હળી ગયો છે.

અહીં આવ્યો ત્યારથી મારાં ચશ્માંની રામાયણ ઉભી થઈ છે. ઓસ્લોના વીમાનઘરે ઉતર્યો, ત્યારે ચારે કોર બરફની ચાદર પથરાયેલી હતી. બરફ પર ચાલવાની ટેવ નહીં; એટલે હું લપસ્યો. સતીશે પકડીને ઉઠાડ્યો અને કાર સુધી લઈ ગયો. કારમાં બેઠો ત્યારે જોયું કે આમ તો કંઈ વાગ્યું નહોતું; પણ મારાં ચશ્માંનો એક કાચ ગાયબ થઈ ગયો હતો! સતીશે કહ્યું કે કાલે જઈને નવાં ચશ્માં કરાવી લઈશું, ઉભા ઉભા જ મળી જશે.

બીજે દીવસે સતીશ મને એક ભવ્ય દુકાનમાં લઈ ગયો. પુછતાછ કરતાં જાણ્યું કે નંબર કાઢવાના ને નવાં ચશ્માં બનાવવાના લગભગ છ હજાર ક્રોનર થશે. છ હજાર ક્રોનર! એટલે કે છત્રીસ હજાર રુપીયા કરતાંયે વધારે! હું તો સતીશને લઈને દુકાનમાંથી બહાર જ નીકળી ગયો.

ઘરમાં પછી આની ચર્ચા ખાસ્સી ચાલી. સતીશ કહે, ‘પૈસાનું ન વીચારો, ચશ્માં બનાવી જ લો.’

‘અરે, છત્રીસ હજારનાં તે કંઈ ચશ્માં કરાવાય?’

‘એમ રુપીયામાં હીસાબ કર્યે ન ચાલે. અહીંના સ્ટાન્ડર્ડ પ્રમાણે જ ભાવ તો હોય ને!’

‘પણ મને ચશ્માંની એવી જરુર નથી. લખવા–વાંચવામાં મને ચશ્માં જોઈતાં નથી. મારાં દુરનાં ચશ્માં છે. મારે ક્યાં અહીં ઝાઝું બહાર જવું છે? ભારત જઈને નવાં ચશ્માં કરાવી લઈશ.’

ઘરમાં ચાલતી આ બધી ચર્ચા ભરત સાંભળતો રહ્યો. એક દીવસ મને કહે, ‘દાદાજી, હું વાર્તા લખીને ખુબ ક્રૉનર ભેળા કરી દઈશ. તેમાંથી તમારાં નવાં ચશ્માં લાવીશું.’

‘તને લખતાં તો હજી આવડતું નથી.’

‘તો હું વાર્તા મોઢેથી કહીશ.’

‘તને તો મારા કરતાંયે સારી વાર્તા આવડે છે ને! એક વાર્તા કહે, જોઉં!’

‘કઈ કહું? માછલીની? ચકલીની? નદીની? સીંહની?’

‘સીંહની વાર્તા કહે.’

‘તો સાંભળો! એક હતું સીંહનુ બચ્ચું, બેબી લાયન! તેના એક પાપા હતા અને એક મમ્મી હતી. એક દીવસ ત્રણેય ફરવા ગયાં. જંગલમાં ઘણાં હરણ હતાં. ત્યાં એક શીયાળ આવ્યું. તે

હરણોને ડરાવવા લાગ્યું, ધમકાવવા લાગ્યું. હરણો અહીં–તહીં ભાગવા લાગ્યાં. બેબી લાયનને બહુ ગુસ્સો આવ્યો. તેણે શીયાળને પકડ્યું. આમને કેમ હેરાન કરે છે? શીયાળ કહે, તું ચુપ રહે, તું કોણ મને રોકનારો? બેબી લાયને તેને એક તમાચો મારી દીધો. શીયાળ નાસી ગયું. બેબી લાયનની મમ્મી ખુશ થઈ ગઈ, શાબાશ! તેણે તેને ૫૦ ક્રૉનરની નોટ આપી દીધી. બેબી લાયન તો ખુશ–ખુશ થઈ ગયું....'

'વાહ, વાર્તા તો સરસ છે!' – મેં કહ્યું.

ત્યાં સતીશ બેઠો બેઠો સાંભળતો હતો. તેણે ભરતને ૫૦ ક્રૉનરની નોટ આપી કહ્યું, 'શાબાશ!' ભરત નોટ બતાવતો મારી પાસે આવ્યો. મેં જોયું, નોટ ઉપર એક બાજુ લાલ ડાઘ હતો. મેં પણ ભરતને ૫૦ ક્રૉનરની નોટ આપી, 'શાબાશ!...શાબાશ!' કહ્યું.

ત્યાં કપીલ બોલ્યો, 'દાદાજી! ભરત તો સાવ ખોટી વાર્તા કહે છે.'

ભરત નારાજ થઈ બોલ્યો, 'આમાં ખોટું શું છે?'

'દાદાજી, ક્લાસમાં અમારાં મૅડમ કહેતાં હતાં કે નોર્વેમાં સીંહ છે જ નહીં!'

ભરત ઘડીભર તો મુંગો થઈ ગયો; પણ પછી એકદમ બોલ્યો, 'જંગલમાં ન હોય તો કાંઈ નહીં; પણ ફોરેનથી તો

લાવી શકાય ને? મોનાના પાપા હમણાં આઈસ લેન્ડથી લાલ મોંવાળો કુતરો લાવ્યા હતાને પૉલર ડૉગ!'

મેં હસીને કહ્યું, 'વાર્તામાં તો આવું ચાલે.'

મહીનો આવી રીતે દીકરા–વહુ અને પોતરાઓ સાથે ખુશી–ખુશીથી વીતાવીને હું ભારત આવ્યો. અહીં આવી ને મેં નવાં ચશ્માં બનાવી લીધાં. પછી એક દીવસ હું મારી બૅગ ખાલી કરતો હતો તો મારા વાર્તાના એક પુસ્તકમાં એક કવર હતું. ખોલીને જોયું તો તેમાંથી એક કાગળમાં આડી–અવળી લીટીઓથી પંખી, પહાડ, માછલી વગેરેનાં ચીત્રો દોરેલો એક કાગળ અને પચાસ–પચાસ ક્રૉનરની બે નોટ નીકળી. તેમાંની એક નોટના બે છેડે લાલ ડાઘ હતો.

(હીમાંશુ જોશીની હીન્દી વાર્તાને આધારે)

–'હરીશ્ચંદ્ર'

'ભુમીપુત્ર' પાક્ષીકના તા. ૧૬–ઓગસ્ટ, ૨૦૦૭ના અંકમાંથી, તેમના સૌજન્યથી, સાભાર..

@

121 : 30-09-2007

# સાસુ સાચી માવડી...વહુ વહાલનો દરીયો...!

–દીનેશ પાંચાલ

અનુક્રમણીકા

માણસ એકલે હાથે દુનીયાભરનાં યુદ્ધો જીતી શકે; પણ સંસારની છાવણીમાં પોતાનાં સ્વજનો સાથે લડવામાં એ જીતી શકતો નથી. અર્જુને માત્ર એક જ વાર વીષાદયોગ અનુભવ્યો હતો. સંસારીઓએ સતત વીષાદયોગ અનુભવવો પડે છે. યુદ્ધમાં બંદુક હોય... અહીં મનદુ:ખ હોય. યુદ્ધમાં દુશ્મનો પર વાર કરવાનો હોય... અહીં સ્વજનો સાથે તકરાર કરવાની હોય. સમજો કે એક હાથે તલવાર ઉંચકી બીજા હાથ પર ઘા કરવો પડતો હોય છે. એથી ક્યારેક જીવતો નખ કપાઈ ગયા જેવી વેદના થાય છે. તેમાંય સાસુવહુના ઝઘડા વચ્ચે દીકરાની ભુંડી દશા થાય છે. ગમે તેવા બાહોશ ન્યાયાધીશ માટે પણ મા અને પત્નીનો ન્યાય કરવાનું કામ લોઢાના ચણા ચાવવા સમું મુશ્કેલ બની રહે છે.

સાસુ–વહુ વચ્ચેના આ વૈમનસ્યનાં મનોવૈજ્ઞાનીક કારણો હોય છે. આપણે તેમાં ઉંડા ના ઉતરીએ. પણ એક નક્કર સત્ય સ્વીકારવું રહ્યું. સાસુને છેવટ સુધી સાથ આપે એવી સાચી દીકરી એની વહુ હોય છે. (અને વહુ જો સમજે તો સાસુ જ એની

સાચી મા હોય છે) પોતાની મા ભલે વહાલી હોય; પણ દીકરીએ એને છોડીને સાસરે જવું પડે છે. મા બીમાર પડે ત્યારે દીકરી તેની સેવા કરવા જઈ શકતી નથી. પીયરમાં બીમાર માતા પ્રેશરને કારણે ઢળી પડે ત્યારે તેને પોતાના હાથમાં ઝાલી લેવા માટે ત્યાં વહુ જ હાજર હોય છે. (દીકરી તો દુર, તેની સાસુનાં સુગર–પ્રેશરમાં વ્યસ્ત હોય છે) સાંસારીક સંબંધોનાં આ સુક્ષ્મ સમીકરણો દરેક સાસુ–વહુએ સમજી રાખવાં જેવાં છે.

કેટલીક સાસુઓ સો માઈલ દુર વસેલી દીકરીને યાદ કરીને જીવ બાળે છે અને બે ફુટના અંતરે ઉભેલી વહુને ધીક્કારે છે. સાસુ–વહુના સંબંધોમાં આમુલ પરીર્વતન થવું જરુરી છે. સ્ત્રીઓ જ તે શક્ય બનાવી શકે. પારકી દીકરીને પોતાની દીકરી ગણવાનું કામ ધારીએ તેટલું સરળ નથી; પણ મુશ્કેલ પણ નથી. મેં ઘણી એવી વહુ જોઈ છે જે પોતાની મા જેટલો જ પ્રેમ સાસુને પણ કરે છે. સાસુને આઈસક્રીમ વધુ ભાવે છે એ જાણ્યા પછી પોતાની આઈસ્ક્રીમની પ્લેટમાંથી સાસુને અડધું આઈસ્ક્રીમ આપતી વહુ મેં જોઈ છે. અને સાસુ પણ સાચકલી મા કરતાં સવાઈ પુરવાર થાય છે. વહુને ઓપરેશન થીયેટરમાં લઈ જવાય તે ક્ષણથી માંડી, વહુનું ઓપરેશન સારી રીતે થઈ ન જાય ત્યાં સુધી, જીભ પર પાણીનું ટીપું મુકતી નથી. બલકે વહુની ક્ષેમ–કુશળતા માટે બાધા–આખડી પણ રાખે છે. એવી

સમજદાર અને પ્રેમાળ સાસુના પરીવારની વાત જ કંઈક નોખી હોય છે. એ દીકરાને કહે છે: 'બેટા, આજ સુધી તું ભલે મારા હાથમાં પગાર મુકતો હતો; પણ ઘરમાં ભણેલી વહુ આવી છે. હવે પગાર એને જ આપવાનો હોય. આવતી કાલે આ ઘરનો બધો કારભાર એણે જ સંભાળવાનો છે. વળી તમે બન્ને બહુ વખતથી ક્યાંક બહાર ગયાં નથી. વહુને ક્યાંક બહાર ફરવા લઈ જા...રસોઈનું આજે હું સંભાળી લઈશ...!'

સાસુ આવો પ્રેમ બતાવે ત્યારે કાળેક્રમે વીના પ્રયાસે ઘરમાં એવો માહોલ બને છે કે દીકરો વહુ માટે સુંદર સાડી લાવે ત્યારે પત્ની બોલી ઉઠે: 'સાડી મારે માટે જ કેમ લાવ્યા..? જ્યાં સુધી તમે આવી સાડી બા માટે નહીં લઈ આવો ત્યાં સુધી હું આ સાડીને હાથ પણ લગાડવાની નથી!' આવા કીસ્સા વીરલ હોય છે. પણ જ્યાં આવો મનમેળ સધાયો હોય તે ઘરના દીકરા નસીબદાર હોય છે.

સાસુ–વહુનાં વૈમનસ્યથી રસોડામાં રણશીંગુ ફુંકાય, ત્યારે આખું ઘર એનો ભોગ બને છે. વહુથી કોઈ ભુલ થઈ ગઈ હોય ત્યારે ગુસ્સો કરવાને બદલે સાસુએ વીચારવું જોઈએ કે એની દીકરી પણ તેને સાસરે આવી જ ભુલ કરી શકે. સંસારની પ્રત્યેક સમજદાર સાસુ તેની વહુ જોડે પ્રેમથી વર્તવાનો નીર્ણય

કરે તો દરેક માતાને એ વાતની રાહત થઈ શકે કે હવેથી એની દીકરીને પણ સાસરામાં મહેણાંટોણાં સાંભળવાં નહીં પડે. પ્રત્યેક દીકરીએ કાને ધરવા જેવી વાત છે કે પીયરની પ્રીત તો દુધીયા દાંત જેવી હોય છે. ભાઈ–બહેન કે માબાપ દુર રહી જાય છે. સ્ત્રી એક ભવમાં બે ભવ કરવાનું પસંદ કરતી નથી; પણ એક જન્મમાં બે પરીવાર એણે કરવાં પડે છે. પીયરનો અધ્યાય પતે છે અને સાસરામાં સ્ત્રીનો નવો જન્મ થાય છે. પતી–સાસુ–સસરા–નણંદ એ છેવટ સુધી સાથ દેનારા પરીવાર સ્વજનો છે.

સમજદાર વહુ આત્મચીંતન કરે તો એને સમજાય છે કે મારા પતીને સાસુજીએ જન્મ આપ્યો છે. એની પરવરીશ કરીને એને ઈન્સાન બનાવ્યો છે. મને જે રેડીમેઈડ પતી કમ પ્રેમી મળ્યો છે તેમાં સાસુની ભુમીકા નાનીસુની નથી. નાનપણમાં અનેક પ્રકારનાં દુ:ખો વેઠીને મને મારી માએ મોટી કરી છે, તેમ મારા પતીને પણ મુશ્કેલી વેઠી સાસુએ મોટો કર્યો છે. બૅન્કમાં ૨૫ વર્ષ પુર્વે મુકેલી ડીપૉઝીટ ચાર–પાંચ ગણી થઈને આપણને મળે છે. ત્યારે બૅન્કનો આપણે આભાર નથી માનતા. પણ પચીસ વરસનો એક કુટડો યુવાન કોઈ કન્યાની સેંથીમાં સીંદુર પુરે ત્યારે મા–બાપની કાળજી, મહેનત, લાગણી, પરવરીશ બધું જ એમાં સામેલ હોય છે. મા–બાપની ૨૫ વર્ષની તપસ્યા બાદ એક દીકરો અમૃતફળ બનીને વહુના હાથમાં આવે છે. એ

સંજોગોમાં કન્યાએ : ‘ગુરુ ગોવીંદ દોનોં ખડે...કીસકો લાગુ પાય...?’ જેવી ભાવના દાખવવી જોઈએ. અને પહેલાં પ્રણામ પતીને નહીં; સાસુ–સસરાને કરવાં જોઈએ.

વહુ જ્યારે પ્રથમવાર પતીગૃહે પ્રવેશ કરે છે ત્યારે ઉંબર પર ચોખાથી ભરેલો લોટો જમણા પગે ઘરમાં પાડીને પ્રવેશ કરે છે. આવા રીવાજનું શું લૉજીક હશે તેની ખબર નથી; પણ એ વેરાયેલા ચોખાનો પ્રત્યેક દાણો શબ્દનું રુપ ધારણ કરે તો કંઈક આવી મંગળ ભાવના જન્મી શકે : ‘બા, આજથી તમે જ મારી સાચી મા છો. તમે મને માત્ર વહુ જ નથી બનાવી; તમારા સંસારનું મહત્ત્વનું અંગ બનાવી છે. મને જીન્દગીભર સુખદુ:ખમાં સાથ આપે એવા મારા જીવનસાથીને તમે જતનથી જાળવીને મોટો કર્યો છે. અને તેના હાથમાં મારી જીન્દગી આપી છે. મારા જીવનની એ મુલ્યવાન ભેટ છે. એથી પતી કરતાંય પહેલો ચરણસ્પર્શ હું તમારો કરું છું. બા, નાનપણમાં તમારો દીકરો માંદો પડ્યો હશે, ત્યારે તમે ખાવા–પીવાનું છોડી એની દીનરાત સેવા કરી હશે. એને નોકરીમાં સફળતા મળે તે માટે સદા પ્રાર્થના કરી હશે. તમારી પરવરીશથી એ કાબેલ ઈન્સાન બની શક્યો. મારું જીવન પણ હવે એની સાથે જોડાયેલું છે. બા, પરોક્ષ રીતે તમારાં પ્રેમ, વાત્સલ્ય અને પરવરીશનો જ પ્રસાદ હું પામી શકી છું. મારી માતાએ મને માત્ર જન્મ આપ્યો છે.

તેમણે મને પારણાથી માહ્યરા સુધી પહોંચાડી; પણ સાસરાથી સ્મશાન સુધીની લાંબી મુસાફરી માટે સુખની બધી સામગ્રી તમે તૈયાર કરી છે. તમે માત્ર મંગળસુત્ર નથી આપ્યું; તમારો સુપુત્ર આપ્યો છે. મારી માએ વળાવતી વેળા બૅગ તૈયાર કરીને આપી હતી, તેના કરતાંય તમે મને જે આપ્યું છે તે અમુલ્ય છે. મારા ભાગ્યના સુખની ચાવી તમે તૈયાર કરી છે. તમે મારાં બા નહીં; મા થઈને રહેજો. હું પણ તમારી વહુ નહીં; દીકરી થઈને રહીશ! મારી કાંઈ ભુલ થાય તો મને માફ કરજો અને તમારી વહાલી દીકરી ગણી મારી ભુલ સુધારજો...!

યાદ રહે, સાસુ–વહુ બન્ને સ્ત્રી છે. સ્ત્રી ખરાબ હોતી નથી. સંસારલક્ષ્મી હોય છે. બન્ને થોડી સમજદારી દાખવે તો સૌનો સંસાર જરૂર 'સ્વીટ હોમ' બની શકે. બેસ્ટ ઓફ લક...!'

## ધુપછાંવ:

દુનીયાની તમામ સાસુઓ અને વહુઓ પરસ્પર સામેની ફરીયાદ લઈને ઈશ્વર પાસે પહોંચી. ઈશ્વરે તેમને સમજાવતાં કહ્યું— તમે માતા છો, બહેન છો, સાસુ છો અને વહુ પણ છો. તમે જ સંસારની સાચી શોભા છો. દરેક દીકરીની બાજુમાં સાસુ ઉભી હોય છે; માતા હોતી નથી. પેલી વાર્તામાં આવે છે તેમ હાથને કોણીએથી વાળ્યા વગર ભોજન કરવું હોય તો એક સ્ત્રી

બીજીને ખવડાવે તો કોઈ ભુખ્યું ના રહે આટલી જ સમજદારી દાખવશો તો, પ્રત્યેક ઘરમાં રહેતું સાસુ–વહુનું જોડું માદીકરી જેટલું જ સુખી થઈ શકશે.

(લેખકના આગામી નવા પુસ્તક – ‘સ્ત્રી : સંસારલક્ષ્મી’માંથી સાભાર..)

–દીનેશ પાંચાલ

સર્જક–સમ્પર્ક:

શ્રી. દીનેશ પાંચાલ, સી–12, મજુર મહાજન સોસાયટી, જમાલપોર, નવસારી–396 445

ફોન: (02637) 242 098 મોબાઈલ : 94281 60508

@

122 : 07-10-2007

ગનપટ હુરટીના કાવ્ય–ગોટારા

# બે પંક્તીનું હોનેટ?

–નીર્મીશ ઠાકર

અનુક્રમણીકા

કોઈ બી વાટમાં લીમીટ ક્રોસ ઠાય, એ મને નીં ગમે. આજે ઉં એ ‘હોનેટ’ (ચૌડ પંક્ટી હોય, એ હોનેટ!)ની વાટ કરવા માગું છ, કે જેની ‘બોલ્ડનેસ’ જોઈ હુરટના લોકો ગારો બોલવાનું બી ભુલી જહે! પે’લ્લાં ટમે એને ટૉપ ટુ બૉટમ, મટલબ કે છેલ્લે હુધી વાંચી લેવ...

## કંચુકી–બંધ છુટ્યા ને–

કંચુકી–બંધ છુટ્યા ને હઠ્યું જ્યાં હીર–ગુઠન,
હૈયાનાં લોચનો જેવાં દીઠાં બે તાહરાં સ્તન.
વૃત્તીઓ પ્રેમની સર્વે કેન્દ્રીત થઈ જ્યાં રહી;
પ્રીતના પક્ષીનો માળો રાતી લીલી નસો મહીં.

અગમ્ય રુપનાં કીન્તુ ત્વચા તો પારદર્શક,
મનના લોહને મારા ચુંબક જેમ કર્ષક.
દીસંત આમ તો જાણે ઘાટીલી નાની ગાગર,

જાણું છું, ત્યાં જ છુપા છે શક્તીના સાત સગર.

મન્મથ–મેઘ ઘેરાતા કાયના વ્યોમમાં લસે,
તારા ત્યાં સ્તનના જાણે મોરલા ગ્હેકી ઉઠશે!
દીઠું મેં એવું એવું કૈં ભાવી ને ગત કાલની,
વસંતો ઉર્મીઓ વેરે સાંપ્રતે હ્યાં જ વ્હાલની;

કંચુકી–બંધ છુટ્યા ને–
રહસ્ય–બંધને બાંધ્યો...

♦ પ્રીયકાન્ત મણીયાર ♦

વાચકોને ખાસ વીનંટી કે કવીટામાં ઈન્ટરેસ હોય ટો મને હાંભરો, ને કવીટાના વીસયમાં જ ઈન્ટરેસ હોય ટો ઘેર જાવ, ઐં હું કરહો?

ઘોર કરીયુગ છે, એ વાટ ટો નક્કી! આ હૉનેટ વાંઈચું કે ટરટ પે'લ્લો પ્રસ્ન ટો એ ઠીયો કે અવે આપડી સંસ્કૃટીનું ઠહે હું? નીમ્મેસભૈ કેય કે કૈં બી નીં ઠહે, ઈટીહાસમાં ઈન્ટરેસ લેવ ને 'મેઘડુટ' વાંચો! આપડી કવીટાઓનો આવો ઈટીહાસ? બોવ સરમ લાગે છ, હાં કે! બીજા ફીલ્ડની વાટ છોડો, અવે ટો કવીટા બી ભ્રષ્ટ ઠઈ ચાયલી, બસ વાટ પુરી!

સુભાષ ઘઈની ફીલમ 'ખલનાયક'ના ગાયનમાં 'ચોલી કે પીછે ક્યા હૈ?' એવો પ્રસ્ન આઈવો ટારે ટો બોવ વીવાડ

ઠેઈલો ને એવું ઉઘાડું ગાયન હાંભરી લોકોએ ઉઘાડી ગારો બી ડીઢેલી, યાડ છે ની? કારન કે લોકોને આપડી સંસ્કૃટીની ચીન્ટા છે, ને રેહે. આ ગાયનમાં જે પ્રસ્ન છે, એનો જવાબ ટો પ્રીયકાન્ટ મનીયારે બોવ એડવાન્સમાં આયલો છ, આ હૉનેટમાં! લોકોને એ નીં ડેખાય કે? સંસ્કૃટીની ચીન્ટા કરો ટો પુરી કરો! આ હૉનેટનો બહીસ્કાર મારે એકલાએ કરવાનો? નીમ્મેસભૈ બી જાનટા છે કે મને વલ્ગારીટી પ્રટયે બોવ નફરટ છે, બોવ એટલે બોવ, બસ વાત પુરી!

ઉં, ગનપટ હુરટી, કસમ ખાઈને કે'ટો છું કે આ કૃતીમાં અર્ઠોનું અઢ:પટન ઠેઈલું છ. 'ગાગરમાં સાગર' એ ટો કવીટાની મુર વ્યાખ્યા છે; પન આ હૉનેટ વાંયચા પછી એ વ્યાખ્યાના અર્ઠો બી ફરી જહે, ને કાવ્યવીભાવનાની બી પઠારી ફરી જહે, એની ટમને ચીન્ટા નીં મલે કે? કવી નીર્ડોસ બનીને પ્રઠમ પંક્ટીમાં 'છુટયા' સબ્ડ વાપરે છ, ટે બી અસટય, જુઠ્ઠું! 'છોડ્યા' લખવાને બડલે 'છુટ્યા' સબ્ડ વાપરી, એ આપડી આંખમાં બી ધુર લાખતા છે! એ આપડાને સીખાઉ હમજે, એ કેવી રીટે ચાલે? બઢું કાંઈ આપોઆપ નીં બને, ગોટારાની બી એક લીમીટ હોય!

આ બઢું મારે ભારે હૈયે કે'વું પડે છ. ડુખની વાટ તો કવી પોટાને અર્જુન હમજીને ટ્રીજી જ પંક્ટીમાં ઢ્યાન ક્યાં કેન્ડ્રીટ કરે છે? અર્જુનને પંખીની આંખ જ ડેખાટી, એ રીટે! લક્સવેઢ

કરવા ઉટ્સુક બની ગેયલા કવીને કોન કેય, કે જાટને અર્જુન હમજો છ, ટો ‘લક્સ’ ઉંચું રાખો, પછી લક્સવેઢ કરો! કવીએ કવીટાનો વીસય બી એવો ઝાયલો છે કે, ફીફ્ટી પરસન્ટ વાચકો ટો વાંચે જ નીં! એની બી ચોખવટ કરું? આ કવીટા એક પુરુસના ઍંગલઠી લખાયેલી છ, એટલે સ્ટ્રીઓને ટો આમાં ઈન્ટરેસ પડે જ નીં! ને સંસ્કૃટીપ્રીય પુરુસો બી બીજી પંક્ટી વાંચયા પછી આગર નીં વઢે, મતલબ કે આગર નીં વાંચે. (ઉં બી સંસ્કૃતીપ્રીય છું જ, પન આ કવીટાનો આસ્વાડ લખવા માટે મારે ટો બીજી પંક્ટીથી આગર જવું જ પડે, કાંઈ છુટકો છે? ‘જીવન હૈ અગર ઝેર, ટો પીના હી પડેગા!)

...ને બીજી પંક્ટી જ પ્રૉબ્લેમેટીક છે. ટાં જ પુરુસની ટેન્ડન્સીના ને હૉનેટના સ્વરુપ અંગેના બી પ્રસ્નો ઉભા ઠટા છે. નીમ્મેસભૈએ મને વોર્નીંગ આલી છ કે, કવી ભલે સંયમ ચુકે, પન ઉડાહરન આલવામાં જો ટમે સંયમ ચુકહો, ટો ગનપટભૈ, લોકો ટમને ઘેર આઈને મારહે! ને સંસ્કૃટીની મને ટો ચીન્ટા છે, એટલે ઉં સંયમ કારે બી ની ચુકું, બસ વાટ પુરી!

ઉં ટમને એક હારું ઉડાહરન આલું? આડમીના જીવનનાં બે ફાડીયાં હોય. જવાનીમાં એ પ્રેમીકાને ભજે, ને ટાંટીયા ઢીલા ઠાય એટલે ઈસ્વરને ભજે. ઈસ્કેમીજાજી ને...ઈસ્કેહકીકી, ગૉટ માય પૉઈન્ટ? (જવાન લોકો વઢારે ઓનેસ્ટ, બાકી ડોહાઓની ટો ટમે વાટ જ જવા ડેવ ) ‘ઈસ્કેહકીકી’માં ગોટારા બોવ ઠટા છે.

ઈસ્વરની વાટ પ્રેમીકાને, ને પ્રેમીકાની વાટ ઈસ્વરને, એવા ગોટારા! એક સાયરે એ ગોટારાને આગર વઢારવા લયખું છ કે...

ખુડા કા જીક્ર કરેં, યા ટુમારી બાટ કરેં,

હમેં ટો ઈસ્ક સે મટલબ, કીસીકી બાટ કરે!

પન આપડે હારું ઉડાહરન લેહું, એટલે ઉં ટમને ઈસ્વરની વાટ કરા. ટમે ઈસ્વરનું ડર્સન કરવા મંટ્ર બોલટા હોવ, ને મંટ્ર પુરો ઠીયા પેલ્લાં જ જો ઈસ્વર ટમને ડર્સન આલે, ટો ટમે ડર્સન કરહો કે મંટ્ર પુરો કરહો? ઈન સોર્ટ, ઈમ્પોર્ટન્સ કોનું છે, મંટ્રનું કે ઈસ્વરનું? ઉં કેઉં છ કે ઈસ્વરનું ડર્સન ઠયા પછી મંટ્ર પુરો કરવાની ફોર્માલીટી કોઈ બી નીં કરે! ટો આ હૉનેટમાં બી બીજી પંક્ટીમાં જ જે ડર્સન ઠટાં છે, એ કયરા પછી કોઈ મંટ્ર પુરો કરહે? મટલબ કે આખ્ખું હૉનેટ વાંચહે? બીજો સાસ્ટ્રીય પ્રસ્ન એ કે જો બીજી પંક્ટીમાં જ ચમટ્કૃટી ને ક્લાઈમેક્સ આઈ જાય, ટો એ રચના હૉનેટ કે’વાય? ઉં ટો કેઉં છ કે આ બે પંક્ટીનું હૉનેટ (?) કોઈ બી આખું વાંચહે જ નીં! પે’લ્લાં બી મેં કેયલું છ કે સ્ટ્રીઓને આમાં મઝા નીં આવે, સંસ્કૃટીપ્રીય પુરુસો બીજી પંક્ટી આવટાં જ આઘાટ પામહે ને અઢમુઆ ઠઈ જહે, ને બાકીના પુરુસો ક્લાઈમેક્સ જોયા પછી આગર નીં વઢે! ટો બાકીની બાર પંક્ટીઓ કોના માટે લયખી છ? ને એ રહસ્ય–બંઢનને કોન છોડહે?? કવીએ ટો બઢાંને આગર વઢારવા

'પારદર્સક, ચુંબક, કર્સક, ઘાટીલી નાની ગાગર(નાની?), કાયના વ્યોમ, મોરલા' વગેરે સબ્ડો લખી બોવ પ્રલોભન આયલા છ; પન બીજી પંક્ટીની મુખરટા કમનસીબે એવી ચુંબકીય બની છ કે કોઈ આગર વઢહે જ નીં!

...ને પ્રેક્ટીકલ મનુસ્યો હું ખાવા આવી ઠીયરીમાં ટાઈમ વેસ્ટ કરે? સંસ્કૃટીપ્રેમી મનુસ્યોને આઘાટ આલે એવા આ હૉનેટ(?)માં માનવજીવનનાં મુલ્યો ઢોવાઈ ગીયાં છ, એટલે ઉં ટૅન્સનમાં લાગું છ, બાકી કસું જોવાઈ જાય ટો મને ટૅન્સન નીં ઠાય, એટલી ગેરન્ટી! નીમ્મેસભૈએ મને ખાસ કેયલું છ કે આસ્વાડ કરાવવામાં ટમે સંયમ રાખજો, એટલે આ બે પંક્ટીના આ હૉનેટ માટે મેં ભારે સંયમપુર્વક આટલી પંક્ટીઓ લયખી, બસ વાટ પુરી! અવે મારે ઘેર જવું પડહે, અસ્ટુ ..

–નીર્મીશ ઠાકર

સર્જક–સંપર્ક :

B-64 HERITAGE BUGALOWS, Opp. SCIENCE CITY, SOLA, AHMEDABAD - 380060 Mobile: 09435715351

Website : www.nirmishthaker.com

eMail : nirmish1960@hotmail.com

@

123 : 14-10-2007

# ‘કહાણી એક રૅંગ્લરની’

(પત્નીની દૃષ્ટીએ પતી તાત્યાસાહેબ નારળીકર)

–ડૉ. શશીકાંત શાહ ‘એકલવ્ય’

અનુક્રમણીકા

એક એંસી પૃષ્ઠનું અને પચાસ રુપીયાની કીંમતનું નાનકડું પુસ્તક અત્યારે મારા હાથમાં છે. ડૉ. વી. વી. નારળીકર (જન્મ : ૨૬ સપ્ટેમ્બર ૧૯૦૮ – અવસાન : ૧ એપ્રીલ ૧૯૯૧)ગઈ પેઢીના એક મહાન ગણીત–વીજ્ઞાની હતા. તેમના પુત્ર ડૉ. જયંત નારળીકર પણ એસ્ટ્રોફીઝીક્સના મહાન વીજ્ઞાની છે. ડૉ. વીષ્ણુ નારળીકરનાં પત્ની સુમતી નારળીકરે ડૉ. વી. વી. નારળીકર સાથેનાં પોતાનાં સંસ્મરણો અને અનુભવોને વર્ણવતી જીવનકથા લખી. મુળ મરાઠીમાં લખાયેલી એ જીવનકથાનો અનુવાદ પ્રો. બી. એસ. મુળે દ્વારા થયો અને સુરતના શ્રી રમેશ શાહે એ અનુવાદને ‘કહાણી એક રૅંગલરની’ એ શીર્ષક હેઠળ પ્રકાશીત કર્યો. (પ્રકાશક : રમેશ શાહ – ઈ–મેઈલ: shahrameshb@gmail.com મોબાઈલ : 94271 52203, પાઠશાળા પ્રકાશન, 703– નુતન નીવાસ, ભટાર માર્ગ, સુરત– 395 001, પ્રથમ આવૃત્તી: જુન–2007, પાનઃ 80, મુલ્યઃ રુપીયા–50) હું એ નાનકડી પુસ્તીકા એકી બેઠકે ચારેક

કલાકમાં વાંચી ગયો. આપણી યુવા પેઢીને પ્રેરણા આપે તેવી આ જીવનકથા હોવાથી હું એના વીશે લખવા પ્રેરાયો છું. ડૉ. વી. વી. નારળીકરની વીદ્વત્તાથી અને એમના કાર્યથી ખુબ ઓછા લોકો પરીચીત હશે. આપણે એમના પુત્ર ડૉ. જયંત નારળીકરને ઓળખીએ છીએ. સુમતી વીષ્ણુ નારળીકરે આ જીવનકથામાં પોતાના વીદ્વાન પતીની જીવનશૈલીનું વર્ણન કર્યું છે.

આવો, આપણે થોડીક મીનીટોમાં વીષ્ણુ નારળીકરને મળી લઈએ. વીષ્ણુ કૉલેજમાં બાઘો ગણાતો. કૉલેજમાં આવ્યો ત્યારે એને માથે લાંબી ચોટલી હતી! કોલ્હાપુરના એક સાદા ભટજીનો છોકરો એવો જ હોય ને! સ્વાભાવીક રીતે સૌ વીદ્યાર્થીઓ પુછતા; ‘આ બાઘો કોણ છે?’ મૅટ્રીકની પરીક્ષામાં કોલ્હાપુરની રાજારામ હાઈ સ્કુલનો એ ‘બાઘો’ દસ હજાર વીદ્યાર્થીમાં ફર્સ્ટ આવ્યો ત્યારે સૌને એનો સાચો પરીચય થયો. શાળામાં હતા ત્યારે તેઓ એક ગુરુજીને ત્યાં સવારે પાંચ વાગે ભણવા જતા. રૅંગ્લર નારળીકરના ગુરુએ જુની સ્મૃતી વાગોળતાં કહેલું, ‘એકવાર એલાર્મ ન વાગે એવું બને; પરંતુ વીષ્ણુ પાંચના ટકોરે હાજર ન થયો હોય એવું બન્યું નથી.’ કૉલેજમાં પણ એમણે પહેલો નંબર જાળવી રાખેલો. મુંબઈની એલ્ફીન્સ્ટન કૉલેજ સંલગ્ન રૉયલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાંથી તેઓ ૧૯૨૮માં મુખ્ય વીષય ગણીત અને ગૌણ વીષય વીજ્ઞાન સાથે બી. એસસી. થયા. તેઓ આખી યુનીવર્સીટીમાં પ્રથમ વર્ગ

ડીસ્ટીંક્શન સાથે ફર્સ્ટ આવ્યા. એમના માર્ક્સનો સરવાળો પંચાણું ટકા ઉપર થતો હતો. (યાદ રહે, આ ૧૯૨૮ની વાત છે. હવે તો....છીછરા, જ્ઞાન વગરના વીદ્યાર્થીઓ પણ સત્તાણું–અઠ્ઠાણું ટકા માર્ક્સ સરળતાથી લઈ આવે છે!) ત્યાર પછી તેમને ઈંગ્લૅંડ જવા માટે કોલ્હાપુરના મહારાજાએ રૂ. ૮૦૦૦ની સ્કૉલરશીપ આપી. અહીં કૅમ્બ્રીજ યુનીવર્સીટીમાં બે વર્ષનો અભ્યાસક્રમ એક જ વર્ષમાં પુરો કરી તેઓ સાયન્સની ટ્રાયપોસ પરીક્ષામાં બેઠા અને પ્રથમ વર્ગમાં પાસ થયા. યુનીવર્સીટી તરફથી નેવું પાઉન્ડની સ્કૉલરશીપ મળી અને ઈનામો મળ્યાં. ૧૯૩૦માં કૅમ્બ્રીજની છેલ્લી પરીક્ષા પસાર કરી તેઓ ‘બી’ સ્ટાર રૅંગલર થયા. ગણીતની આ મોટામાં મોટી અને છેલ્લી પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવનારને જ સ્ટાર રૅંગલર કહેવામાં આવે છે. ‘બી સ્ટાર રૅંગલર’ થયા ત્યારે શ્રી નારળીકરને જે ટાયસન મૅડલ મળ્યો તે તેમની કૉલેજમાં પંચોતેર વર્ષમાં કોઈને મળ્યો નહોતો તેથી એમના પ્રીન્સીપાલ ખુબ ખુશ થયા અને આ હીંદુસ્તાની યુવાન એક તરફ સૌ પ્રૉફેસરોના માન તથા આદરને પાત્ર બન્યો, તો બીજી તરફ સૌની ઈર્ષ્યાનું કેન્દ્ર બન્યો! ૧૯૩૧માં એમને સર આઈઝેક ન્યુટન સ્કૉલરશીપ પેટે વાર્ષીક ૨૫૦ પાઉન્ડ મળવા લાગ્યા. ત્યાર પછી તો એમણે એટલાં બધાં ઈનામો અને પારીતોષીકો મેળવ્યાં કે તે બધાંનો ઉલ્લેખ કરવા લાંબો લેખ લખવો પડે. પત્ની સુમતી વીષ્ણુ નારળીકરે

પતી અંગે લખેલી જીવનકથામાં પોતે જયંતના ઉછેરમાં કેવી કાળજી લીધી હતી તેની વાતો આલેખી છે તથા પતી વીષ્ણુના અને પુત્ર જયંતના વીકાસમાં ઉત્તમ પુસ્તકોએ શો ફાળો આપ્યો છે તેનું પણ વર્ણન કર્યું છે. કુટુંબમાં સતત શીક્ષણ અને સંસ્કારની જ વાતો છવાયેલી રહેતી. સુમતીબહેન નોંધે છે કે, ‘અમારા ઘરનું શુદ્ધ વીદ્યાકીય ભાવાવરણ જ એવું હતું કે અમે અમારા બન્ને પુત્રો જયંત અને અનંતને કૅમ્બ્રીજ યુનીવર્સીટીમાં શીક્ષણ મેળવવા મોકલી શક્યા અને ત્યાં એમણે ખુબ ઉંચું શીક્ષણ મેળવ્યું. ત્યાં વીષ્ણુના પોતાના ગુરુઓ સાથેના સંબંધો અત્યંત મીઠા અને મૈત્રીપુર્ણ રહ્યા હતા. તેથી અમારા પુત્રોને પણ એનો લાભ મળ્યો.’ જીવનકથામાં દામ્પત્યના રમુજી પ્રસંગો પણ છે અને રૅંગલર વીષ્ણુ નારળીકરના વ્યક્તીત્વનાં લક્ષણોની વીશદ છણાવટ પણ છે.

કોઈ ‘બાઘો’ છોકરો જીવનમાં મહાન ગણીતશાસ્ત્રી કઈ રીતે બની શકયો તેનો જવાબ ‘કહાણી એક રૅંગ્લરની’ પુસ્તકમાંથી મળી રહેશે. પોતાના સંતાનોના વીકાસમાં રસ હોય તેવા સૌ મીત્રોને આ પુસ્તક વાંચવા ભલામણ છે.

–ડૉ. શશીકાંત શાહ ‘એકલવ્ય’

સંપર્ક : 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, સુરત–395 005

મોબાઈલ : 98252 33110

ઈ–મેઈલ : sgshah57@yahoo.co.in

–સુરતથી પ્રસીદ્ધ થતાં ‘ગુજરાતમીત્ર’ દૈનીકની ‘શીક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ’ કૉલમમાં ઓગસ્ટ–2007માં પ્રકાશીત થયેલા એમના લેખમાંથી સાભાર....

શૈક્ષણીક પ્રામાણીકતામાં તો તેમણે ઘણા ઉંચા માપદંડો સ્થાપીત કર્યા. આ વીશેનું એક સુંદર ઉદાહરણ આપણા પ્ર.ચુ. વૈદ્યસાહેબ આપે છે, જેમનું ‘વૈદ્ય ભુમીતી’ વીશેનું કાર્ય આજે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વીખ્યાત થયું છે.

વૈદ્યસાહેબ પોતાનું ગણીત સંશોધન કરવા માટે કાશી વીદ્યાપીઠ ગયા અને નારળીકરના માર્ગદર્શન નીચે તેમણે કામ શરૂ કર્યું. જે તારાઓ પ્રકાશ આપતા હોય તેમની ભુમીતી આઈન્સ્ટાઈનના સીદ્ધાંત પ્રમાણે કેવી હોય આ પ્રશ્ન હતો. આ માટે વૈદ્ય સાહેબે એક નવી જ ગણીતીય યુક્તી શોધી અને પ્રશ્નનો ઉકેલ મેળવ્યો. હવે આનું સંશોધનપત્ર તૈયાર થયું અને આખુંય કાર્ય નારળીકરના માર્ગદર્શન નીચે જ થયું હતું. આમ છતાંય, નારળીકરે આ સંશોધન માટે કેવળ વૈદ્યસાહેબનું જ નામ મુક્યું, પોતાનું નામ સાથે ન જોડ્યું, કારણ કે મુખ્ય ઉકેલ વૈદ્યસાહેબે મેળવ્યો હતો. આમ જે કાર્ય ‘નારળીકર ભુમીતી’ તરીકે પણ જાણીતું થઈ શક્યું હોત તે ‘વૈદ્ય મેટ્રીક’ તરીકે જ દુનીયામાં વીખ્યાત થયું. પ્રામાણીકતાના આવા ઉંચા માપદંડોને

કારણે નારળીકર સાહેબે સ્વાભાવીક રીતે જ તેમના વીદ્યાર્થીઓનાં અત્યંત ચાહના તથા પ્રેમ મેળવી શક્યા.

–ઓગસ્ટ–૨૦૦૭ના ‘નવનીત સમર્પણ’ માસીકના અંકમાં શ્રી પંકજ જોશીના એક લેખમાંથી સાભાર...

♦●♦

‘કહાણી એક રૅંગલરની’ પુસ્તીકામાંથી...

કેમ્બ્રીજની મુલાકાત દરમીયાન અનંતના પ્રાધ્યાપકો ડૉ. બર્કીલે અને શ્રીમતી બર્કીલે અમને એમના નીવાસ પર ચા–નાસ્તા કરવા માટે બોલાવેલા. ચા–નાસ્તાનું આયોજન ખુબ જ સરસ કરેલું. તેમના અમારા પ્રત્યેના વર્તન અને વ્યવહાર અત્યંત સ્નેહપુર્ણ, નીખાલસ અને સરળ હતાં. ચા–પાણીનો કાર્યક્રમ પતી ગયા બાદ શ્રીમતી બર્કીલે મને કહ્યું, “ચાલો હું તમને હવે સાઈટ સીઈંગ માટે લઈ જાઉં છું.” મેં તેમને કહ્યું, ‘પહેલાં આપણે વાસણ સાફ કરી નાખીએ અને પછી જઈશું.’ તેમણે મને જવાબ આપ્યો, ‘ત્યારે બહુ મોડું થઈ જશે. તમારે વાસણની સાફસુફીની ચીંતા કરવી નહીં. My husband is an expert in dish washing’ આમ કહી તેઓ અમને તરત જ બહાર લઈ ગયાં. (પાન–48)

♦●♦

૧૯૬૩માં કેમ્બ્રીજ યાત્રા પુરી કરી અમે સ્વદેશ પાછા આવ્યાં, ત્યારે જયંત પણ અમારી સાથે પાછો ફર્યો. સ્વદેશ પાછા આવવા માટે અમે વીમાનમાં ચઢતાની સાથે જ મારા ધ્યાનમાં આવ્યું કે મારી પ્રીય ફોલ્ડીંગ છત્રી અમારા સામાન સાથે વીમાનમાં ચઢી નથી. અમે બધાએ ખુબ શોધાશોધ કરી પરંતુ અમને છત્રી જડી નહીં. લંડનના વીમાની મથક પર તે રહી ગઈ હશે તેવું અમને લાગ્યું; પણ હવે મળવાની કોઈ શક્યતા ન દેખાઈ. પ્રવાસ દરમીયાન મેં જયંતને કહ્યું કે બે મહીના પછી તે ઈંગ્લેન્ડ જાય ત્યારે લંડન પહોંચ્યા પછી લૉસ્ટ પ્રૉપર્ટી ઓફીસમાં અવશ્ય તપાસ કરજે અને મને તે અંગે પત્ર દ્વારા જાણ કરજે. છત્રી પર મારું નામ કે ઓળખાણ માટેના પુરાવા ન હતા. તેમ છતાં આશ્ચર્યની વાત એ બની કે જયંતને મારી છત્રી ત્યાં પાછી મળી. આ ખુશીમાં તેણે અમને તાર દ્વારા આ મુજબ જણાવ્યું: 'Arrived safe' – Chhatrapati Jayant. તારમાં જયંતે પોતાની જે સહી કરી હતી તેમાં 'છત્રપતી' આ શબ્દ ઉમેરેલો હોવાથી અમને બંનેને ખાતરી થઈ ગઈ કે મારી છત્રી પાછી મળી ગઈ છે. આ છત્રપતી શબ્દને લીધે અમને અવારનવાર આનંદમીશ્રીત આશ્ચર્ય થયા કરતું. (પાન–49-50)

♦●♦

તાત્યાસાહેબનું વાચન વીશાળ. કોઈ પણ ગ્રંથના વાચન દરમીયાન અવતરણો લખવાની તેમની ટેવ આશ્ચર્ય પમાડે તેવી હતી. તેમની આવી નોટબુક હજીય ઉપલબ્ધ છે. છેલ્લાં ૧૦–૧૨ વર્ષમાં એમની માંદગીને કારણે એમને હોસ્પટલમાં દાખલ કરવા પડતા ત્યારે તેમનું મનોરંજન થાય તે હેતુથી હું આ અવતરણોનું વાચન કરતી. બોમ્બે હોસ્પીટલમાં તાત્યાસાહેબને દાખલ કર્યા હતા તે વખતની ત્યાંની કેટલીક પરીચારીકાઓને એ વાચનમાંથી જે અવતરણો બહુ ગમ્યાં હતાં તેનો ઉલ્લેખ અહીં કરવો યોગ્ય લેખાશે:

(1) 'With a spirit that is bright,
With a heart that is light,
With a method that is right,
With love as our might,
We serve Him day and night.'

(2) 'My business is to think about God.
It is God's business to think about me.'

-Simon Weil
(Page:25-26)

@

124 : 21-10-2007

# અમારું ઘર

–વીનોદ પટેલ

અનુક્રમણીકા

નેશનલ હાઈ–વે આઠ ઉપર ચીલોડાથી હીમ્મતનગર તરફ દોડી રહેલી ટ્રકની હેડલાઈટ અંધારામાં પોતાનો રસ્તો શોધતી આગળ વધી રહી હતી. ટ્રકની કેબીનમાં મુસાફરી કરી રહેલ મારા પરીવારને આ કેબીનમાં અગરબત્તીની સુગંધ અને પ્રભાતીયાંને લીધે મંદીર જેવું વાતાવરણ લાગતું હતું. થોડીવાર પછી ઉગતા સુરજને નમન કરી, ડ્રાઈવરે હેડલાઈટ બંધ કરી, બહારથી પ્રકાશ કેબીનમાં પ્રવેશવા લાગ્યો.

અમે આંખના ઈશારે કેબીનની સજાવટના વખાણ કરતાં હતાં. શાંત વાતાવરણને ડ્રાઈવર હોર્ન વગાડી થોડી થોડી વારે જીવંત કરવા પ્રયાસ કરી રહ્યો હતો. અને કેસેટમાં વાગતાં ભજન સાથે પોતે પણ ગણગણી રહ્યો હતો.

પાછળ નજર કરતાં ડ્રાઈવર બોલ્યો, ‘અરે, ઓ ચંપા! ઉઠ અબ થોડી દેરમેં ચંદ્રાલા આયેગા.’ આ સાંભળતાં જ અમે એકબીજા તરફ પ્રશ્નાર્થ નજરે જોવા લાગ્યાં અને મનોમન વીચારવા લાગ્યાં કે તેના ક્લીનરને ‘ચંપા’ના નામે બોલાવતો હશે. ત્યાં તો થોડી જ વારમાં કેબીનની પાછળની બાજુએ સાંકળથી લટકાવેલા બાંકડા ઉપરથી એક સ્ત્રી નીચે ઉતરી!

થોડીવાર પહેલાં જે ડ્રાઈવર માટે માન હતું તેના પ્રત્યેની દૃષ્ટી બદલાઈ, પોતે આ ટ્રકમાં ક્યાં બેસી ગયાં તેવી લાગણી અમે અનુભવવા લાગ્યાં. ચંદ્રાલા ગામ આવતાં જ ડ્રાઈવર, ટ્રક ધીમી કરી એક બાજુ લેતાં કહેવા લાગ્યો, ‘સા’બજી ચાય પીકે નીકલતે હૈં.’ રોડની બાજુમાં ટ્રકને ઉભી રાખી. જેવી ટ્રક ઉભી રહી કે ચંપાએ એક લાંબું પેચીયું લઈને બધાં જ ટાયરને તપાસી લીધાં. ડ્રાઈવરે નીચે ઉતરીને, બાજુની નહેર પર બનાવેલી પાળ ઉપર લંબાવ્યું–જાણે તેમના કાયમી રુટમાં આવતું પોતાનું આ નીર્ધારીત રોકાણ હોય તેમ.

ટ્રકની કેબીનમાં બેઠેલાં બીજા એક મુસાફર બહેન કહેવા લાગ્યાં, ‘ચાલો, આપણે બીજા સાધનમાં જતાં રહીએ. આ લોકો સાથે આપણને કોઈ જોશે તો શું કહેશે?’

કેબીનમાં આવો વાર્તાલાપ ચાલતો રહ્યો. તેટલી વારમાં તો ચંપા સ્ટવ, ડબ્બા અને ચા બનાવવાનાં વાસણો લઈ ચા બનાવવા લાગી. ચા તૈયાર થતાં, કેબીન પાસે આવી ડ્રાઈવર કહેવા લાગ્યો, ‘સા’બજી આપ ભી ચાય પીજીયે ના!’ અને ડ્રાઈવરના આગ્રહને લીધે સંકોચાતાં સંકોચાતાં અમે પણ ચા પીવા નીચે ઉતર્યાં. ત્યાં તો ચાની ચુસ્કી સાથે જ બુમ પડી, ‘અરે, ઓ ચંપા બીડી તો પીલા દે!’

'તમે ક્યારથી સાથે રહો છો?' ખુબ જ હીમ્મત સાથે સીધો જ સવાલ મારાથી ડ્રાઈવરને પુછાઈ જતાં તે બન્ને નીચું જોઈ ગયાં.

'સાહેબ, એ કહાની તો બહુ જ લંબી છે' બોલી, બીડીના કસથી ઠંડી ઉડાડતો અને સળીથી જમીન ખોતરતો જાણે પોતાના ભુતકાળનેયે ખોતરતો હોય તેમ ડ્રાઈવર બોલ્યો. 'હું નાનપણથી જ હૉટેલમાં ટેબલ સાફ કરતો. મને કંઈ જ યાદ આવતું નથી કે હું ક્યાંથી ને કેવી રીતે હૉટલમાં આવ્યો. મારી સાથે બીજા એક–બે છોકરાઓ પણ મારી જેમ જ મજુરી કરતા હતા. અમારો દીવસ હાથમાં કપડાના ગાભા સાથે ઉગતો અને થાકીને લોથપોથ થઈને રાતે પગથીયાને કોઈ ખુણે સુતા ત્યારે પણ હાથમાં ગાભો હોય જ.

'ભુખ લાગે ત્યારે ખાવા કરતાં શેઠની ગાળો વધારે ખાવી પડતી. શેઠ હમેશાં કહ્યા કરતો કે મારો ઉપકાર માનો કે હું તમને આશરો આપું છું. ત્યાં કામના બદલામાં વળતર કે પગારની તો વાત જ ક્યાં આવે? અમારા હાથે ચાનો કપ કે રકાબી તુટી જાય તો એક ટંક ખાવાનું બંધ. આમ ને આમ હૉટલની ચાર દીવાલો અને રસોડામાં અમારું બાળપણ હોમાઈ ગયું.

'એક દીવસ હોટલની બહાર ઉભેલી એક ટ્રકના ડ્રાઈવરે મારી પાસે પાણી મંગાવ્યું. હું જગ ભરીને પાણી લઈ ગયો. તે

મને પુછે : 'છોટુ, તેરા નામ ક્યા હૈ?' હું તો જવાબ આપ્યા વીના સામે જ જોઈ રહ્યો! મને મારા નામની જ ખબર નહોતી. શેઠ અને ગ્રાહકો મને, 'ટેણીયો, ઘોંચું, ડફોળ, બદમાશ, કામચોર, આળસુ, ઉંઘણશી' જેવાં જુદાં જુદાં સંબોધનથી બોલાવતા. મને 'છોટુ' નામ તો બહુ ગમી ગયું. અવારનવાર આ ટ્રક ડ્રાઈવર આવે તો હું દોડીને પાણી આપવા જાઉં. તે પ્રેમથી મને છોટુ કહી બોલાવતા અને એમને મોઢે મારું 'છોટુ' નામ સાંભળવા હું એમની કાયમ રાહ જોતો.

'હવે તો હૉટલમાં પણ બધાને મેં કહી દીધું કે મારું નામ છોટુ છે. દર બે દીવસે આવતી આ ટ્રકની હું રાહ જોતો. ટ્રક આવે એટલે પાણી લઈ દોડતો અને પાણીથી કાચ પણ સાફ કરી આપતો. કેટલીક વાર ટ્રક પણ સાફ કરી આપતો. એ જોઈ શેઠે એક દીવસ કહ્યું, 'તને ટ્રકમાં કામ કરવાનો બહુ શોખ હોય તો સાથે જતો રહે.' ડ્રાઈવર આ સાંભળી ગયો ને તેણે શેઠને કહ્યું, 'ઠીક હૈ. મૈં છોટુ કો અપને સાથ લે જાતા હું. છોટુ, તુ આયેગા મેરે સાથ?'

'મેં માથું હલાવી હા પાડી. જીવનમાં પહેલી વાર હૉટલની ચાર દીવાલ છોડવાનો આનંદ, રોડ, ગામડાંઓ જોવાનો આનંદ મળવા લાગ્યો. આખું ભારત ફર્યો. ટ્રકની કેબીન અને ગાડી આખી ચકાચક રાખતો. હું ડ્રાઈવરને 'ઉસ્તાદ' કહીને બોલાવતો. હવે મોટો થતાં ઉસ્તાદ મને ક્લીનરમાંથી ડ્રાઈવર

બનાવવા ટ્રક ચલાવતાં શીખવવા માંડ્યા. લાયસન્સ માટે પહેલી વાર ફોટો પડાવ્યો. હું ફોટાને ફેરવી ફેરવીને જોયા કરતો અને મારા ખીસામાં જ રાખતો. ઉસ્તાદ સાથે એક ભાઈ આવેલા. મને પુછે, 'તમારું નામ?' 'છોટુ', મેં કહ્યું. હું ખુશ હતો. મને હવે લાયસન્સ મળશે. 'પપ્પાનું નામ? તમારી અટક શી છે? ગામનું નામ?' આ ભાઈના આવા એકે સવાલના જવાબ મારી પાસે ક્યાંથી હોય! હું તો ઉસ્તાદ સામે જોઈ એટલું જ બોલ્યો, 'છોટુ નાનાલાલ શેઠ'. મને મારા નાનાલાલ શેઠનું નામ આવડતું હતું. બાકીનું બધું ઉસ્તાદે લખાવ્યું. અઠવાડીયા પછી ફોટા સાથેનું લાયસન્સ આપતાં ઉસ્તાદે કહ્યું, 'છોટુ, લે, યે તેરા લાયસન્સ આ ગયા!'

'અમે દર વખતે જ્યારે નાનાલાલ શેઠની હૉટલ આગળથી નીકળતા ત્યારે શેઠ અને જુના મીત્રોને મળીને જ આગળ જતા. શેઠ મારી ચાના પૈસા ક્યારેય ન લેતા. આ વખતે શેઠને મેં મારું લાયસન્સ બતાવ્યું. શેઠની આંખમાં આંસુ આવી ગયાં. મને પહેલી વાર છાતીએ લગાડી બોલ્યા, 'અરે વાહ! છોટુ, તેં તો મને બાપ બનાવી દીધો!'

'મને આજે અહેસાસ થયો કે નોકરો પાસેથી કામ કઢાવવા શેઠે ગુસ્સામાં રહેવું પડે; બાકી એમની પાસે દીલ જેવું તો છે. તે દીવસે આગ્રહ કરીને મને એક જોડી નવાં કપડાં અપાવ્યાં. હવે તો હું એકલો પણ ટ્રક લઈને જવા લાગ્યો.

ઉસ્તાદે મને થોડું લખતાં–વાચતાંય શીખવી દીધું. બૅન્કમાં ખાતું ખોલાવ્યું. મારો પગાર પણ હવે તેમાં ઉસ્તાદ જમા કરાવે.

‘ઉસ્તાદની જેમ મને પણ અમુક નક્કી હૉટલે ચા પીવા માટે ટ્રકને ઉભી રાખવાની આદત. એક હૉટલમાં ચંપાની માસી ચા બનાવે. ચંપા બધાને ચા આપે. આમ તો બધા જોડે હસીને વાત કરતી ચંપાના ચહેરાનું નુર આજે ગાયબ થયેલું જોઈ મેં પુછ્યું, ‘ચંપા શી વાત છે? આજે આટલી ઉદાસ કેમ?’ ચંપાની આંખમાં તો આંસુ! માસી કહે, ‘ચંપાનો બાપ એને કોઈ બુઢ્ઢા સાથે થોડા રુપીયા લઈને પરણાવી દેવા માગે છે.’

‘શું એક બાપ થઈને આવું કરી શકે?’

‘તે ચંપાનો બાપ નથી ને હું ચંપાની માસીયે નથી. ચંપા કોની છોકરી છે તે એનેય ખબર નથી.’

‘હું હચમચી ઉઠ્યો. ચંપાના દર્દને સમજી શક્યો અને મારી બેચેની ઉસ્તાદને સમજતાં વાર નહીં લાગી ને પુછયું, ‘છોટુ, શી વાત છે? તબીયત ઠીક નથી?’ મેં કહ્યું, ‘ના ઉસ્તાદ, તબીયત તો સારી છે...’ પછી મેં ચંપા વીશેની બધી વાતથી ઉસ્તાદને વાકેફ કર્યા. તેમણે ગાડીને તરત જ બ્રેક મારી અને કહે : ‘છોટુ, તું ચંપા જોડે લગન કરીશ?’ મારા મૌનને તે સમજી ગયા. ટ્રક પાછી વાળી. તેમણે માસી સાથે વાત કરી અને ચંપાને સાથે જ ટ્રકમાં લેતા આવ્યા. રાત્રે ઉસ્તાદના ઘરે અમારાં લગન થયાં.

'બીજે દીવસે અમને વકીલની? ઓફીસે લઈ ગયા. મારી માહીતી લખ્યા પછી તે ચંપાને પુછવા લાગ્યા : 'તારું નામ શું?'

'ચંપા.'

'બાપનું નામ, વતન, જાતી, અટક ઝટ બોલતી જા..'

'પણ ચંપાના હોઠ સીવાયેલા જ રહ્યા. ઉસ્તાદે કહ્યું, 'મારું નામ, સરનામું લખો.' હું તો અવાક્! ઉસ્તાદે ચંપાના બાપ તરીકે પોતાનું નામ લખાવ્યું. અમારાં લગ્ન આમ હવે કાયદેસરનાં થયાં. રાતે ઉસ્તાદે એમના ઘરે મીત્રોને બોલાવી લગ્નની ખુશી મનાવી.

'બીજા દીવસે એક કવર હાથમાં મુકી ઉસ્તાદ કહે, 'છોટુ, લે, ચંપાને મારા તરફથી કન્યાદાનમાં આ કવર.' કવરમાં, ટ્રક ચંપાને નામે ટ્રાન્સફર કરી તેના દસ્તાવેજો હતા! હું ઉસ્તાદને પગે પડું તે પહેલાં તો મને છાતી સરસો દબાવી દીધો. અમ બન્નેની આંખોના ચારે ખુણા જીવંત હતા. ચંપા તો કશુંય સમજ્યા વીના જોઈ જ રહી.'

ડ્રાઈવર સાથેની અમારી આટલી વાતમાં કેટલો સમય ગયો તેની સુધ જ અમને તો ન રહી. ચંપાએ ચાનાં વાસણ અને કેબીન સાફ કરી બુમ પાડી, 'ચલો અબ દેર હો રહી હૈ...!' ટ્રક હીંમતનગર તરફ આગળ દોડવા લાગી. ત્યાં છોટુ કહે,

'સા'બજી યહ ફોટો દેખ રહે હો ન, બસ યહી મેરે ઉસ્તાદ... ભગવાન હૈં મેરે...!'

'તે તમે કોઈ ભગવાનનો ફોટો નથી રાખતા?' મેં કુતુહલવશ પુછ્યું.

'ના, મેં ભગવાનને જોયા પણ નથી અને જરુર પણ નથી. મારે તો મારા ઉસ્તાદ જ મારા ભગવાન.'

ટ્રકે હીમ્મતનગરથી શામળાજીનો વળાંક લીધો. અમે આગળના ચાર રસ્તે ટ્રક ઉભી રાખવા કહ્યું. ટ્રક બેરણા–આગીયોલ ઉભી રહી. ભાડું આપવાની વાત થઈ તો કહે, 'જે થતું હોય તે જ આપો અને બાળકોનું ભાડું નહીં લેવાય. આ તો તમે પરીવાર સાથે હતાં તેથી બેસાડ્યાં.' છોટુ અને ચંપાએ ટ્રક શામળાજી તરફ હંકારી મુકી. બન્ને હાથ હલાવતાં આવજો...આવજો...કરે છે.

ટ્રકની કેબીનમાં ધબકતા જીવનને અમે પણ હાથ હલાવીને તેમને શુભેચ્છા અને સલામ બન્ને પાઠવી. ટ્રકની પાછળ લખ્યું હતું : 'અમારું ઘર.'

–વીનોદ પટેલ

સંપર્ક : સી-4, કાલીન્દી સોસાયટી, સરકારી બોર સામે, બોપલ, અમદાવાદ–380 058 મોબાઈલ : 94275 31840

ઈ–મેઈલ : vmp1965@gmail.com

@

125 : 28-10-2007

# કલ્પનાનો ઈશ્વર

–અશોક ગોપાળરાવ વીદ્વાંસ(અમેરીકા)

અનુક્રમણીકા

બી. ઈ. મીકૅનીકલ થયો અને તરત જ મને મુંબઈ નોકરી મળી. એ વાતનો મારા ઘરમાં બધાને ગર્વ હતો. હવે મારે અમદાવાદથી કાયમ માટે દુર વસવાનું હતું. ‘મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ન મળે’ એ પણ હવે જ સમજાવાનું હતું. તેમ છતાં, મુંબઈમાં ‘રોટલો અને ઓટલો’ એમ બન્ને મેળવવાના પ્રશ્નો ધાર્યા કરતાં સહેલાઈથી ઉકલ્યા. દુરના મારા એક ભાઈનો પાર્લામાં ફ્લેટ હતો. તત્કાળ પુરતી તો મારી રહેવાની ગોઠવણ ત્યાં થઈ ગઈ. ભાભીનું મન, તેમના મોટા ફ્લેટ કરતાંય મોટું અને ઉદાર હતું. હું પારકે ઘરે રહું છું એવી લાગણી મને ભાભીએ કદી થવા ન દીધી.

હવે પાર્લાથી ચચગેટની મારી રોજની આવનજાવનની ઘટમાળ શરુ થઈ. મુંબઈની લોકલ ગાડીઓને પોતાની જીવાદોરી સમજનારા અસંખ્ય કીટાણુઓમાં એકનો ઉમેરો થયો. શરુઆતમાં બહુ મઝા પડતી. નવા ચહેરા અને અનોખાં સ્થળો કુતુહલ નીર્માણ કરી જતાં. મારું મન જાણે નજરે પડતી પ્રત્યેક

વ્યક્તી અને સ્થળ પાછળ છુપાઈ રહેલી કથા વાંચવાનો પ્રયત્ન કરવામાં ગુંથાયેલું રહેતું.

નવી નોકરી, ઓફીસ, સાથી કાર્યકરો અને નવી કામગીરી, મેં ધારેલું એનાથીય ઘણાં ઝડપથી પરીચીત થતાં જતાં હતાં. ચકડોળે ચડેલી મુંબઈ નગરીની મારી દીનચર્યામાં મારો સમય ઝડપથી વીતવા લાગ્યો. બધું જ કોઠે પડવા માંડ્યું હતું. રોજ દેખાતી છોકરીઓ–ખાસ કરીને તરુણીઓ–ના ચહેરા હવે જાણીતા થતા જતા હતા. એકાદ સુંદર તરુણી લાગલગાટ આઠ–દસ દીવસ નહીં દેખાય ત્યારે, 'એણે નોકરી તો નહીં બદલી હોય ને? કે પછી પરણી ગઈ હશે?' એવા ચીંતીત કરનારા પ્રશ્નો મનને ઉચાટ અર્પે. ને પછી એટલામાં જ નવી સાડીમાં પોતાને વીંટી લઈને એ પાછી હાજર થઈ જાય, ત્યારે મનને સાંત્વના મળે એવુંય બનતું.

લોકલમાં નજરે પડતી આ જીવંત મુર્તીઓથી તદ્દન વીરુદ્ધ પ્રકારનું સ્થાયીપણું લોકલના રસ્તાની બાજુએ ઉભેલ ઈમારતોનું હતું. રસ્તા, પુલ, બીલ્ડીંગ્સ વગેરે ધ્રુવતારા જેવાં હતાં. અમુક સ્થળેથી ગાડી પસાર થાય એટલે અમુક રેસ્ટોરાં કે બૅન્કની ઓફીસ ચોક્કસ નજરે પડવાની જ. વાંદરાની ખાડી પરથી ગાડી પસાર થાય એટલે દુર્ગંધ અને માહીમની ખાડી પરથી આવતી દરીયાની ફોરમ. બંને વચ્ચેનું દ્વંદ્વ કાયમી. નજર મારફત મન પર છાપ પાડી જનાર આ વીવીધ વ્યક્તીઓ અને

સ્થળોમાં એક ઈમારતે અથવા ખરું કહું તો ઈમારતના માથાના શીખરના ટોપકાએ મારા મનમાં ક્યારે ઘર કરી લીધું એની મને પોતાને જ ખબર ન પડી! વેગથી પસાર થતી લોકલના રસ્તાથી થોડે દુર આવેલ એ ઈમારત પોતે તો બીજાં બે ઉંચાં બીલ્ડીંગની પાછળ અદૃશ્ય જ રહેતી. એના માથેના શીખરનું ટોપકું માત્ર દેખાતું. એ ટોપકાના આધારે એ ઈમારત કોઈ મંદીર હશે અને મને દેખાતી ટોચ એ મંદીરના શીખરનું ટોપકું હશે, એમ, સહજ જ મારી ધારણામાં આવ્યું. અને આવી સામાન્ય કલ્પના કરવા માટે મારે કોઈ કવી–હૃદયની પણ જરુર ન હતી. રોજ સવારે અને સાંજે સુર્યનાં કોમળ કીરણોમાં ચમકી ઉઠતી તે ટોચ, મારા મનઃચક્ષુ સામે આખાયે મંદીરનું કલ્પનાચીત્ર ખડું કરી દેતી. જતાં–આવતાં રોજ, ગાડીની ભીડમાંથીયે, નજર ખેંચીને, એ ટોચ ઉપર આંખ ફેરવી લેવાની જાણે મને ટેવ જ પડી ગઈ.

સમય ઝડપથી પસાર થતો હતો. છ મહીના થયા અને મને નોકરીમાં પ્રમોશન મળ્યું. એથી હું તો હરખાયો! બૉસને મારું કામ પસંદ હતું. સાથી કાર્યકરોનેય અદેખાઈ નહોતી આવી. પગાર વધ્યો એટલે મેં બોરીબલીમાં ભાડાની જગ્યા મેળવી. મોટાં ભાઈ–ભાભીનો ખુબ આભાર માની હું બોરીવલી રહેવા ગયો. ગાડીમાં હવે અગાઉથી વધુ વખત વીતતો. એ એક વાત જતી કરીએ તો બાકી કશો ફરક નહોતો થયો.

બોરીવલીથી મને હવે ફાસ્ટ ટ્રેન મળતી. પેલી ટોચ હવે અગાઉથીય ઓછી ક્ષણોમાં નજર સામેથી ઓઝલ થતી. પણ મારી ટેવાયેલી નજર, પારધીની ચકોર નજરની જેમ જ, એ ટોચને બરાબર ઝડપી લેતી. જેના આધારે એ ટોચ માથું ઉંચકી શકતી હતી એ શીખર અને શીખરને પોતાને માથે ધારણ કરીને ઉભું રહેનાર મંદીર તો જો કે કાયમ અગોચર જ હતાં. પણ ટોચની ઝલક મને મંદીરની ભવ્યતાની કલ્પના કરવામાં ખુબ મદદરુપ હતી. સાંજે પાછા ફરતાં તો ઘણી વખત મને એમ થતું કે આગાઉના સ્ટેશને ઉતરી, એ મંદીર સુધી જાઉં અને મંદીરનું સ્થાપત્ય નીહાળું. પણ ના, એ માટે મારે હજી ઘણી રાહ જોવાની હતી.

કોણ જાણે કેમ પણ મને થતું કે એ મંદીર શંકરનું હોવું જોઈએ. હું કબુલ કરું છું કે હું જરાયે આસ્તીક નથી. તે ગમે તે ભગવાનનું હોય, હું ક્યાં ત્યાં માનતા માનવા જવાનો હતો! છતાં શંકર ભગવાન માટે મને એમનાં ભોળપણ, એમની નીરાડંબરી સાદગી અને એમના વીષપાન માટે આદર ખરો. અજાણતાં જ મેં તો એ મંદીર અને અંદર બીરાજેલા શીવલીંગ વીશે કલ્પના કરવા માંડી.

પછી તો અમદાવાદમાં મારાં લગ્ન નક્કી થયાં. બે ને બદલે હવે હું ચાર હાથવાળો બન્યો. ત્રણ વર્ષ પુર્વે ‘સ્નાતક’ અને ‘અવીવાહીત’ એવા બેવડા અર્થમાં ‘બૅચલર’ તરીકે મુંબઈ

આવેલો હું, હવે મુંબઈગરો થઈ ગયો. મે માસની પરસેવાના રેલા ઉતારતી ગરમી, જુન–જુલાઈનો ધોધમાર વરસાદ, સપ્ટેમ્બરમાં ગણેશોત્સવ નીમીત્તે મહારાષ્ટ્રીયન લોકોનો જુસ્સાભર્યો; છતાં ભક્તીયુક્ત ઉત્સાહ અને ઓક્ટોબરમાં દીપાવલી ટાણે રાતભર ચાલતી દારુખાનાની ધનાધની આત્મીય લાગતી હતી. પણ તે સાથે જ પેલી ટોચ અને તે ધારણ કરનાર મંદીર માટેનું મારું કુતુહલ અને આકર્ષણ તસુભર ઘટયાં નહોતાં.

પાણીગ્રહણ વેળા એક રોમાંચક કલ્પનાનું મેં જતન કરેલું. લગ્ન પછી સજોડે એ મંદીરે જઈ, એ દેવસ્થાનનું શીલ્પ–સ્થાપત્ય નીહાળવું. મંદીરના દ્વારે સજોડે ફોટો પડાવી, અંદર જઈ ભોળાશંભુને કહેવું: ૐ સહનાવવતુ. સહ નૌ ભુનક્તુ. સહ વીર્યં કરવાવહૈ. તેજસ્વિ નાવધિતમ્ અસ્તુ. મા વિદ્વિષાવહૈ. ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:. પણ પત્નીના મુમ્બઈ આવ્યા પછીય કાંઈક ને કાંઈક કારણોસર મંદીર જોવા જવાનું ન જ બન્યું. તેમતેમ મારું કુતુહલ તો દીવસોદીવસ વધતું જ ગયું.

એક દીવસ રોજની જેમ ટોચ ઉપર નજર નાંખી ત્યારે અચાનક ધ્યાનમાં આવ્યું કે જે બે ઉંચી ઈમારતો વચ્ચેની તડમાંથી પેલી ટોચ ડોક કાઢતી હતી એ તડ જ હવે પુરાઈ જવાની હતી! એ બે બીલ્ડીંગની વચ્ચે એક ત્રીજું બીલ્ડીંગ હવે પગપેસારો કરતું હતું. આ પરીસ્થીતીએ મારો અજંપો વધારી

મુક્યો. હવે જરા પણ વીલંબ વીના આ રવીવારે મેં એ મંદીરની પ્રત્યક્ષ મુલાકાત લેવાનો નીર્ણય કરી લીધો. પત્ની તો પીયર ગઈ હતી તેથી પ્રથમ દર્શન તો મારે એકલાએ જ કરવાનાં હતાં.

સવારે વહેલો ઉઠી નાહ્યો. આજે શંકરદાદા પ્રત્યે મને શી પ્રીતી જાગી, કોને ખબર; પણ દર રવીવારે ટેસ્ટફુલ ઓમલેટનો નાસ્તો કરવાનો મારો નીયમ મેં તે દીવસે બદલ્યો. 'નો બ્રેકફાસ્ટ, ફક્ત એક કપ ચા' આવી પવીત્ર તૈયારી સાથે હું મંદીર જવા નીકળ્યો. રસ્તે ચાલતાં પણ મારા મનમાં સતત એ મંદીરના જ વીચાર આવતા હતા. મંદીર ખુબ પુરાતન હશે? કોઈએ એનો જીર્ણોદ્ધાર કરાવ્યો હશે? પુજારી તો નક્કી કોઈ આદરણીય વૃદ્ધ જ હશે! મારું મન આમ કહ્યા કરતું'તું. મંદીરના પ્રવેશદ્વારમાં જ દેખાનાર નંદી અને ગર્ભગૃહના થાળામાંનું શીવલીંગ જાણે મારી આંખ આગળ તાદૃશ થયાં. આજે રવીવાર એટલે ઘણું ખરું દર્શન માટે ભીડ હશે એવો વીચાર પણ આવ્યો. ટોચદર્શનથી શરુ થયેલી મારી આ વીચારધારાએ મારા મનનો સંપુર્ણ કબજો જાણે લઈ લીધો હતો અને એમાંથી ઉદ્ભવેલી કલ્પના શીખર, મંદીર અને શંકરદાદા સુધી વીસ્તરી હતી.

આખરે હું એ જગ્યાની સાવ લગોલગ પહોંચ્યો. કોઈ પણ વસ્તુને જોવાનો દૃષ્ટીકોણ બદલાય એટલે એ વસ્તુ કેટલી ભીન્ન, બદલાયેલી લાગે એ હકીકતનું મને અચાનક ભાન થયું.

લોકલમાંથી જોતાં એ મંદીરને સદા ઢાંકી રાખનારાં એ બે ઉંચાં બીલ્ડીંગની પાછલી બાજુ હવે મારી આંખ સમક્ષ હતી. સામેથી સુંદર દેખાતાં એ બન્ને બીલ્ડીંગની પાછલી બાજુ કેવી વરવી હતી! મેં ત્યાંથી નજર વાળી લીધી. મંદીરની દીશામાં હું આગળ વધ્યો. મારી કલ્પનાના એ ભવ્ય મંદીરનું વીશાળ પટાંગણ દબાવી બેઠેલા એ બન્ને બીલ્ડીંગ પર મને ગુસ્સો આવ્યો.

બસ, હવે આ છેલ્લી ગલી. સામેના ખુણે વળીશ અને આજે વર્ષોથી જેને જોવાની અભીલાષા છે એ મંદીર અને ભગવાન બન્ને મારી નજર સામે હશે. મારાં પગલાંની ઝડપ આપોઆપ જ વધી. મન અને પગ વચ્ચે જાણે આગળ ધપવાની હરીફાઈ શરૂ થઈ!

ગલીનું નાકું આવ્યું. મેં ઝટ સામે નજર નાખી. પણ...પણ... આ શું? પેલું મંદીર ક્યાં છે? એનું શીખર? ને પેલી રોજ દેખાતી ટોચ? હું આ શું જોઉં છું? મેં આંખ ચોળી જોઈ. ખાતરી થઈ કે આ સ્વપ્ન ન હતું. મારી આંખ સામે દેખાતી ઈમારત એક મસ્જીદ હતી. ગાડીમાંથી દરરોજ દેખાતી ટોચ એ મસ્જીદના માથે મઢેલા ચાંદ–તારાની ટોચ હતી!

અજાણપણે જ મેં ખીસ્સામાંથી હાથરુમાલ કાઢ્યો. ગડી ખોલી માથે મુક્યો. બન્ને છેડા કાને ભરાવ્યા. ઈમારતમાં જે કોઈ ‘ઈશ્વર–તત્ત્વ’ હતું એનાં દર્શન કરવા હું ધીમે પણ મક્કમ પગલે મસ્જીદની અંદર દાખલ થયો.

–અશોક ગો. વીદ્વાંસ

સર્જક–સંપર્ક: 8-Stonehedge Drive, East Windsor, NJ-08520-2825 - USA PH# 609-336-7239

eMail : ashok@vidwans.com

@

'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી અગીયાર ઈ–બુક બનાવી છે. ભાગ ૧થી ૧૧. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના કે પહેલાંના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો : ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com – સુરત